# શાશ્વત યૌગિક ખેતી

## નવા યુગ માટે નવું કદમ

ગ્રામ વિકાસ પ્રભાગ, રાજયોગ શિક્ષણ અને શોધ પ્રતિષ્ઠાન
પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય, આબુ પર્વત.

પ્રથમ સંસ્કરણ
સપ્ટેમ્બર–૨૦૦૮

મુદ્રક :
ઓમ શાંતિ પ્રેસ
જ્ઞાનામૃત ભવન,
આબુ રોડ–૩૦૭ ૫૧૦
ફોન : (૦૨૯૭૪) ૨૮૧૨૫ , ૨૨૮૧૨૪

© કોપીરાઇટ : પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિધાલય, માઉન્ટ આબુ (રાજસ્થાન)
પ્રકાશકની સંમતિ વિના આ પુસ્તકનો કોઈપણ ભાગ છપાવી શકાશે નહિ.

# અનુક્રમણિકા



| | | |
|---|---|---|
| ૧. | શાશ્વત યૌગિક ખેતીના પ્રેરણા સ્ત્રોત | ૪ |
| ૨. | શુભ પ્રેરણા સંદેશ | ૫ |
| ૩. | શુભ ભાવના સંદેશ | ૬ |
| ૪. | શુભ કામના સંદેશ | ૭ |
| ૫. | ભૂમિકા | ૮ |
| ૬. | ઈશ્વરીય પ્રેરણાઓ–વૃત્તિ દ્વારા પ્રકૃતિનું પરિવર્તન કરો | ૧૦ |
| ૭. | શાશ્વત યૌગિક ખેતી યોજનાની જરૂરીયાત | ૧૩ |
| ૮. | શાશ્વત યૌગિક ખેતી | ૧૮ |
| ૯. | સેન્દ્રિય તથા જૈવિક ખાતરની માહિતી | ૨૯ |
| ૧૦. | પાકનું સંરક્ષણ | ૩૫ |
| ૧૧. | ખેતીમાં સૂક્ષ્મ પર્યાવરણ | ૪૦ |
| ૧૨. | શાશ્વત યૌગિક ખેતી કરનારા ખેડૂતો માટે સૂચનો તથા શાશ્વત યૌગિક ખેતી કરનારા ખેડૂતો માટેના નિયમો | ૪૨ |
| ૧૩. | શાશ્વત યૌગિક ખેતી કરનારા ખેડૂતોના અનુભવો | |
| | (૧) બ્રહ્માકુમારી મનિષાબેન | ૪૩ |
| | (૨) બ્રહ્માકુમાર તુલસીભાઈ | ૪૪ |
| | (૩) બ્રહ્માકુમાર બાલાસાહેબભાઈ | ૪૬ |
| | (૪) બ્રહ્માકુમાર ભોળાનાથભાઈ | ૫૯ |
| ૧૪. | શાશ્વત યૌગિક ખેતી દ્વારા લણેલા પાકમાં જીવન તત્વોનો તુલનાત્મક અભ્યાસ | ૫૦ |
| ૧૫. | શાશ્વત યૌગિક ખેતી દ્વારા ઉત્પન્ન ટામેટાના પાકમાં જીવન તત્વોનું તુલનાત્મક પરિણામ | ૫૩ |

# શાશ્વત યૌગિક ખેતીના પ્રેરણાસ્ત્રોત

૧૮ ફેબ્રુઆરી–૨૦૦૮ ના રોજ પરમકૃષક પરમાત્મા તથા વિશ્વકર્મા અવ્યકત પિતાશ્રી બ્રહ્માબાબાએ આદરણીય દાદી હૃદયમોહિનીજીના માધ્યમ દ્વારા ગ્રામ વિકાસ પ્રભાગના ભાઈ બહેનોને શાશ્વત ખેતીના સંદર્ભમાં પ્રેરણા આપતાં જણાવ્યું હતું કે .......

*કોઈ નવીનતા કરો છો ને? કરી રહ્યાં છો કોઈ નવીનતા? શું કરી રહ્યા છો? કોઈપણ બતાવો. (ગ્રામ વિકાસ પ્રભાગના અધ્યક્ષા બ્રહ્માકુમારી મોહિનીબહેનજીએ ઉત્તર આપ્યો કે યોગના પ્રયોગની સાથે જૈવિક ખેતી કરવાની યોજના બનાવી છે) સારી વાત છે, કારણ કે વર્તમાન સમયે ખેતીમાં જે પાકે છે, તેમાં પણ ઘણી સમસ્યાઓ છે તો સારું કાર્ય કર્યું છે. એક તો યોગ કરવાથી પોતાને ફાયદો થશે, અને બીજું લોકોની દુવાઓ પણ મળશે, તેથી સારું કામ કરી રહ્યા છો, ઉમંગ ઉત્સાહથી કરી રહ્યા છો, એજ રીતે કરતા રહો, ભલે સૌને મુબારક છે. અચ્છા....*

# શુભ પ્રેરણા સંદેશ



રાજયોગિની દાદી જાનકીજી
મુખ્ય પ્રશાસિકા,
બ્રહ્માકુમારીઝ, આબુ પર્વત

વિશ્વ નાટકના પ્રારંભિક સુવર્ણયુગમાં દરેક મનુષ્ય સર્વગુણ સંપન્ન, સોળે કળા સંપૂર્ણ, દિવ્ય સ્વરૂપે હતો. તે સમયે સંપૂર્ણ સ્વાસ્થ્ય, અખૂટ સમૃધ્ધિ, અપાર સુખ શાંતિ તથા દિવ્ય સંસ્કૃતિના આધારે જીવન શૈલી હતી. એનું મુખ્ય રહસ્ય એ પણ હતું કે સતયુગી સમયની સાત્વિક ખેતી દ્વારા શુધ્ધ, સ્વાદિષ્ટ અને પૌષ્ટિક અન્ન, શકિત અને સ્ફૂર્તિ દાયક ફળ–ફૂલ, શાકભાજી વિગેરે સહેલાઈથી મળતાં હતાં. પર્યાવરણ તથા પ્રકૃતિનાં તત્વો આનંદદાયી અને સુખદાયી હતાં. વર્તમાન કળિયુગી સમય પૂરો થતાં ફરીથી સ્વર્ણિમ યુગનું નિર્માણ ભારત ભૂમિ પર પરમપિતા પરમાત્મા કરી રહ્યા છે.

એવા પરિવર્તનકારી સમયે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિધાલયની સહયોગી શાખા રાજયોગ શિક્ષણ અને શોધ પ્રતિષ્ઠાન અંતર્ગત ગ્રામવિકાસ પ્રભાગ દ્વારા ઈશ્વરીય જ્ઞાન તેમજ રાજયોગ પર આધારિત "શાશ્વત યૌગિક ખેતી યોજના–નવા યુગ માટે નવું કદમ" સક્રિય કરવામાં આવી રહી છે, જે વિશેષ રૂપે ભારતના તેમજ સમસ્ત વિશ્વના ખેડૂત ભાઈ–બહેનો માટે માર્ગદર્શક, ઉપયોગી અને આશીર્વાદ રૂપ જરૂર બની રહેશે. આ કાર્યમાં સંલગ્ન ગ્રામ વિકાસ પ્રભાગના સહયોગી સર્વે કાર્યકર્તાઓનું હું હૃદય પૂર્વક અભિવાદન કરું છું. તથા આ નવીનતમ યોજનાની સફળતા માટે કોટિ કોટિ શુભ પ્રેરણા સહિત ધન્યવાદ આપું છું. સફળતા આપણો જન્મ સિધ્ધ અધિકાર છે.' એવી શુભ ભાવના .

ઈશ્વરીય સેવામાં,

B.K. Janki

(બ્રહ્માકુમારી જાનકીદાદી)

# શુભ ભાવના સંદેશ



રાજયોગિની દાદી હૃદયમોહિનીજી
સહમુખ્ય પ્રશાસિકા,
બ્રહ્માકુમારીઝ, આબુ પર્વત

વર્તમાન સમયે ખેડુત ભાઈ–બહેનના જીવનમાં આધ્યાત્મિકતા અને ખેતી પધ્ધતિમાં પ્રકૃતિના પાંચેય તત્વોની સતોપ્રધાનતાની સાથે બીજ, ખાતર તેમજ જરૂરી સાધન સામગ્રી પણ સાત્વિક હોવી જરૂરી છે. કારણ કે વર્તમાન સમયે ખેડુત ભાઈ–બહેનો ખેતીના ક્ષેત્રમાં અનેક પરિસ્થિતિઓનો અને સમસ્યાનો સામનો કરી રહ્યાં છે. પરિણામે ખેતી દ્વારા પ્રાપ્ત થનાર પેદાશમાં જેટલી શુધ્ધતા, સાત્વિકતા તથા પૌષ્ટિકતા હોવી જોઇએ તેટલી પ્રાપ્ત થતી નથી. પરિણામ સ્વરૂપે અનેક પ્રકારના માનસિક અને શારીરિક રોગો વધી રહ્યા છે.

આવી કટોકટીના સમયે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિધાલયની સહયોગી સંસ્થા રાજયોગ શિક્ષણ અને શોધ પ્રતિષ્ઠાન અંતર્ગત ગ્રામ વિકાસ પ્રભાગ દ્વારા શાશ્વત યૌગિક ખેતી યોજના–નવા યુગ માટે નવું કદમ પ્રસ્તુત કરવામાં આવી રહી છે. જેથી રાષ્ટ્ર અને વિશ્વ સ્તરના ખેડુત ભાઇ–બહેનોને બધી સમસ્યાઓના મૂળ કારણોનું યોગ્ય સમાધાન સરળતાથી મળી જશે. આ યોજનાને ક્રિયાશીલ બનાવવા માટે જે માહિતી આપવામાં આવી છે, તેમાંથી ખેડુત ભાઇ–બહેનો નવું માર્ગદર્શન અવશ્ય પ્રાપ્ત કરશે. આ માર્ગદર્શિકાના પ્રકાશન માટે મારી હાર્દિક શુભ ભાવનાઓ પ્રગટ કરું છું.

ઈશ્વરીય સેવામાં,

Hirdaya Mohini

(બ્રહ્માકુમારી હૃદયમોહિની)

# શુભ કામના સંદેશ



રાજયોગિની બી.કે. મોહિનીજી
અધ્યક્ષા, ગ્રામ વિકાસ પ્રભાગ,
આબુ પર્વત

ભારત ખેતી પ્રધાન દેશ છે, જયાં લગભગ ૭૦ ટકા લોકો ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા છે. ખેતી પર સમગ્ર રાષ્ટ્રની અર્થવ્યવસ્થાનો આધાર રહેલો છે. ખેડૂતને અન્નદાતા અને જગતનો તાત કહેવાય છે. તેના અથક પરિશ્રમ અને લગનીને કારણે જ સારા પ્રમાણમાં અન્ન, ફળ, ફૂલ અને શાકભાજી ઉત્પન્ન થાય છે. જે દરેક મનુષ્યના જીવનની પ્રાથમિક આવશ્યકતા છે. પ્રાચીન સમયથી માનવ જીવનના કેન્દ્રમાં ખેતીનું જ મુખ્ય સ્થાન હતું. એના આધારે જ ભારતના તહેવારો અને ઉત્સવો પરંપરાથી ચાલ્યા આવે છે. ભારતીય સંસ્કૃતિનો ઉદય ખેતીના આધારે જ થયો છે. માટે અંગ્રેજીમાં એગ્રીકલ્ચર અર્થાત્ અગ્રણી કલ્ચર ઉચ્ચ સંસ્કૃતિ. કહેવત છે કે જેવું અન્ન તેવું મન. તન અને મન બંનેના સ્વાસ્થ્યનો આધાર અન્ન છે. અન્નને દેવતા માની પ્રથમ પ્રભુને અર્પણ કર્યા બાદ ભોજન લઈએ છીએ. તંદુરસ્તી માટે શુધ્ધ સાત્વિક અન્ન, ફળ અને લીલી શાકભાજી તેમજ દૂધનું ઉત્પાદન ખૂબ જ આવશ્યક છે.

ગ્રામ વિકાસ પ્રભાગ સાથે જોડાયેલા કેટલાક ખેડૂતભાઈઓએ પરમાત્માની પ્રેરણાથી પોતાની ખેતી પર સકારાત્મક ચિંતન તથા યોગના પ્રકંપનો ના પ્રયોગો કર્યા છે. જેના ફળ સ્વરૂપે તેઓને ખૂબ સારી સફળતા પ્રાપ્ત થઈ છે. તેઓના અનુભવ તેમજ કૃષિ વિશેષજ્ઞોના માર્ગદર્શન અનુસાર ગ્રામ વિકાસ પ્રભાગ તરફથી શાશ્વત યૌગિક ખેતી–નવા યુગ માટે નવું કદમ પુસ્તિકા પ્રકાશિત થઈ રહી છે. જેમાં યોગના પ્રયોગની વિધિ, સૈન્દ્રિય તથા જૈવિક ખાતર બનાવવાની પધ્ધતિ તથા પાકની રક્ષા કરવાના ભિન્ન ભિન્ન ઉપયોગો ખૂબ સુંદર રીતે પ્રસ્તુત કર્યા છે. આવી યૌગિક ખેતી કરનારા ભાઈ બહેનો માટે એક નિયમાવલી તથા તેને અનુસરનાર અનુભવી ખેડૂતોના અનુભવો આ પુસ્તિકામાં પ્રકાશિત કરવામાં આવ્યા છે.

અમને પૂરો વિશ્વાસ છે કે આ પુસ્તકનો ધ્યાન પૂર્વક અભ્યાસ કરીને દર્શાવેલી વિધિ અનુસાર ખેડૂત ભાઈ–બહેનો ભાવના અને નિશ્ચય બુધ્ધિથી, વિવેક સાથે ખેતી કરશે તો તેઓને અવશ્ય ૧૦૦% સફળતા પ્રાપ્ત થશે. એવી શુભ કામના સાથે,

ઈશ્વરીય સેવામાં,

बी. के. मोहिनी

(બ્રહ્માકુમારી મોહિની)

# ભૂમિકા

આ ધરતી પર આદિકાળ–સતયુગની જયારે શરુઆત થઇ, ત્યારે પ્રકૃતિ સંપૂર્ણ સતોપ્રધાન હતી. ખેતી દ્વારા શુધ્ધ અન્ન, ફળ–ફૂલ, શાકભાજી, દૂધ વિગેરે પુષ્કળ પ્રમાણમાં પ્રાપ્ત હતાં. અહીંના માણસો સતોપ્રધાન હોવાથી તન–મનથી નિરોગી અને દિવ્ય ગુણ સંપન્ન દેવી–દેવતા કહેવાતાં. પરસ્પર સ્નેહ, સહયોગ, સદ્‌ભાવના તેમજ જીવનમાં સુખ, શાંતિ, પવિત્રતા હોવાને કારણે અપાર સમૃધ્ધિના માલિક હતાં. ધન–ધાન્ય સંપન્ન સતયુગી ભારતમાં સુવર્ણકાળ (સોને કી ચીડિયા) હતો. સૃષ્ટિ ચક્રના નિયમોનુસાર ધીરેધીરે મનુષ્ય આત્માની સાથે સાથે પ્રકૃતિના પાંચ તત્વો પણ સતો પ્રધાનમાંથી સતો, રજો અને તમોપ્રધાન અવસ્થામાં ઉતરતા ગયા. જેના પરિણામે આત્માઓ તથા પ્રકૃતિના તત્વોની સાત્વિક શકિતઓ ક્ષીણ થતી ગઇ. મધ્યકાળ અર્થાત્ દ્વાપરયુગથી આત્માઓ સ્વયંના મૂળ સ્વરૂપને ભૂલી દેહ અભિમાનને વશ થઇ ગયાં. આથી તેમનામાં બધા જ વિકારો પ્રવેશ્યા. પરિણામે જન સંખ્યામાં વૃધ્ધિ, બેકારી, હિંસા, બળાત્કાર જેવી અનેક સમસ્યાઓ પેદા થઇ. સ્વાર્થવૃત્તિને કારણે શોષણ અને ઊંચ–નીચના ભેદભાવ પેદા થયા. પ્રકૃતિના તત્વોનું પણ શોષણ કરીને પર્યાવરણને અસ્થિર બનાવી દીધું. બીજા વિશ્વયુધ્ધ બાદ ખેતીની પેદાશ વધારવા માટે રાસાયણિક ખાતરો તેમજ જંતુનાશક દ્રવ્યોનો ઉપયોગ વધી ગયો. જનસંખ્યાની વૃધ્ધિને કારણે વધુ અનાજ પકવવાની લાલસા ભરી ઝુંબેશ શરૂ થઇ. વધુ અન્ન પેદા કરવાના દબાણને કારણે અનેક ખોટી પધ્ધતિઓ શરૂ થવા લાગી. ધરતીમાતાને ઝેરી રસાયણો આપીને સત્વ વિહોણી બનાવી દીધી. ખાણ ખોદીને સોના, ચાંદી, હીરા, રત્નો અને ઓઇલ તથા પાણીના ભંડારો ખાલી કરીને તેનું હીર હણી લીધું. ફળદ્રુપ જમીનો ધીરે–ધીરે ઉજ્જડ, સૂકી, વેરાન અને વાંઝણી બનતી ગઇ. પ્રકૃતિના બધા તત્વો સંતુલન ગુમાવતા ગયાં. લોભ, લાલચ, શોષણ, સ્વાર્થ અને હિંસક મનોવિકૃતિઓ દ્વારા પેદા થયેલા અન્નને કારણે બધાંની મનોવૃત્તિઓ પણ સ્વાર્થી, હિંસક અને વિકૃત બની ગઇ. માનવોના મન અને તનમાં અનેક નવી નવી બીમારીઓએ પગ પેસારો કર્યો. પ્રકૃતિના તત્વોના અસંતુલનને પરિણામે દુષ્કાળ, અતિવૃષ્ટિ, ભૂકંપ, સુનામી, વાવાઝોડા અને નદીમાં પૂરના પ્રકોપ વધી ગયા. જેથી માનવ જીવન ભયભીત અને અસ્થિર બની ગયું. આવી પ્રાકૃતિક આફતોની સાથે સાથે ખેતીમાં અનેક પ્રકારના જંતુઓ અને રોગોની ઉત્પતિને કારણે અન્ન પણ કીટનાશક દવાઓના કારણે ઝેરી બનતું ગયું. આ બધી પરિસ્થિતિ મનુષ્યાત્માની દૂષિત વૃત્તિઓ અને કર્મોનું જ પરિણામ છે.

જાગતિક અન્ન અને કૃષિ સંગઠન ૧૯૮૮, રોમ ખાતેના નિષ્કર્ષ અનુસાર શાશ્વત ગ્રામ વિકાસ કરવા માટે નૈસર્ગિક સાધન સામગ્રીનું યોગ્ય વ્યવસ્થાપન કરવું ખૂબ જરૂરી છે. માનવીની પાયાની આવશ્યકતાઓ જેવી કે અન્ન, વસ્ત્ર અને નિવાસ સહેલાઇથી પ્રાપ્ત થાય એ માટે માનવીએ સાવચેત રહેવું પડશે. જેથી આવનારી પેઢી પણ સુખ શાંતિથી રહી શકે. આ માટે જમીન, જળ, વનસ્પતિ, પશુ, પક્ષી અને જૈવિક વિવિધતાઓનું સંવર્ધન શાશ્વત ખેતી ઉત્પાદન માટે પર્યાવરણને સંતુલિત અને શુધ્ધ રાખવું પણ જરૂરી છે. આ માટે આર્થિક અને સામાજિક દ્રષ્ટિકોણથી પણ યોગ્ય ટેકિનકલ જ્ઞાન વિકસાવવું પડશે.

ખેતીની અધિક પેદાશની સાથે સાથે કોણે, કેવી રીતે પેદા કરી, આ વાત પણ સ્વાસ્થ્ય રક્ષા માટે મહત્વની છે. આથી હવે સમયની માંગ છે કે સ્વયંના મૂળરૂપને ઓળખી તથા યૌગિક પ્રક્રિયાને સમજીને તેમજ અપનાવીને કાયમી ખેતીનો પ્રયોગ અને પ્રસાર કરીએ જેથી આપણે ફરીથી ભારતના એ સ્વર્ણિમ યુગને પ્રત્યક્ષ કરી શકીએ. પ્રજાપિતા બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વ વિધાલયની સાથે સહયોગી સંસ્થા રાજયોગ શિક્ષણ અને શોધ પ્રતિષ્ઠાનના ગ્રામ વિકાસ પ્રભાગ દ્વારા છેલ્લા બે વર્ષથી ભારતના ખેડૂતભાઇ બહેનોને

શાશ્વત યૌગિક ખેતીના વિષયમાં જાગૃત કરવામાં આવી રહ્યાં છે. આ સંસ્થા સાથે સંલગ્ન ગુજરાત અને મહારાષ્ટ્રના ઘણા કિસાન ભાઈ બહેનોએ શાશ્વત યૌગિક ખેતી પર રાજયોગ દ્વારા પ્રાપ્ત પ્રકંપનોનો પ્રયોગ કર્યો છે.

તેમજ જૈવિક ખાતરના નવા પ્રયોગો તૈયાર કરીને પાકમાં વૃધ્ધિ અને જમીનને ફળદ્રુપ કરી છે. પરિણામે ખૂબ ઓછા ખર્ચમાં ખૂબ સારું ઉત્પાદન મેળવ્યું છે. ભવિષ્યમાં આવનાર નવાયુગ માટેનું આ નવું કદમ છે.

પરમપિતા પરમાત્મા, જેઓ સૃષ્ટિના આદિ મધ્ય અને અંતના જ્ઞાતા, જ્ઞાનના સાગર તેમજ સુખ–શાંતિના દાતા છે. તેઓ પોતાના સંતાનોને ફરીથી રાજયોગનું શિક્ષણ આપીને મનની વૃત્તિમાં પરિવર્તન લાવી રહ્યા છે. તેઓ શ્રીમત આપે છે કે, હે મીઠા બાળકો, સ્વયંના સ્વરૂપને ઓળખી, સ્વધર્મને ઓળખી જ્ઞાનસૂર્ય એવા મને પરમપિતા સમજી મારી સાથે બુદ્ધિ–યોગ જોડો, તો મારી સર્વશકિતઓ તમારા સંકલ્પોને શકિતઓથી સંપન્ન કરી દેશે. પછી તમારા શદ્ધ અને શ્રેષ્ઠ સંકલ્પો પ્રત્યક્ષ સિધ્ધિની પ્રાપ્તિ કરાવશે. અસંભવ પણ સંભવ બની જશે. આ કોઈ ચમત્કાર નથી પરંતુ આધ્યાત્મિક કૃષિ વિજ્ઞાન છે. જેમાં આત્મિક શકિત અને પરમાત્મ શકિતના પ્રકંપનોનો શ્રેષ્ઠ પ્રયોગ છે. જેના વડે ખેતી ઉત્પાદનમાં અત્યંત સફળતા મેળવી શકાય છે.

આથી હવે આપણા અન્નદાતા ખેડૂતોને જાગૃત કરવાનો સમય આવી પહોંચ્યો છે. તેઓ પોતાના શ્રેષ્ઠ સ્વમાન અને શકિતને ઓળખે. સર્વ પ્રથમ ખેડૂતવર્ગ રાજયોગની વિધિ શીખીને પોતાની ખેતીના એક ભાગમાં યોગનો પ્રયોગ કરી સફળતા મેળવે. પછી આ પ્રયોગનો વિસ્તાર કરે એવી શુભ ભાવના છે. આ પ્રયોગ વખતે કોઈપણ પ્રકારના રાસાયણિક ખાતર કે જંતુનાશક ઝેરી દવાઓનો છંટકાવ ન કરે. ઘરેલું જૈવિક ખાતર દ્વારા મહેનત કરી, ખેતી કરીને પછી તેના પર યોગ દ્વારા સકાશ આપવાનો તથા એકાગ્રતાની શકિત દ્વારા આત્માના સાતેય ગુણોનો પ્રયોગ કરી શુધ્ધ, સાત્વિક અન્ન, ફળ તથા શાકભાજીનો ઉત્તમ પાક મેળવી પોતાના અનુભવોનો લાભ સંબંધ સંપર્કમાં આવતા ખેડૂતબંધુઓને પણ જરૂર આપે, જેથી તેઓ પણ આધ્યાત્મિક શકિતઓનો પરિચય મેળવે તેમજ સંપૂર્ણ વિશ્વ તથા ભારત દેશ ધન–ધાન્ય સંપન્ન બની વિશ્વ ગુરૂની પ્રાપ્તિ કરે અને પરમાત્મ કાર્યની પ્રત્યક્ષતા થાય. આ શુભ ભાવનાથી  શાશ્વત યૌગિક ખેતી  ના નામે પુસ્તિકા તૈયાર કરી છે. આશા છે ખેડૂતભાઈઓને આ પુસ્તિકા દ્વારા ખેતીની નવીન વિધિની પ્રેરણા અચૂક મળશે.

**એવી શુભ ભાવના સાથે,**

B.K. Raju

**(બ્રહ્માકુમાર રાજુ)**
**મુખ્યાલય સંયોજક, ગ્રામ વિકાસ પ્રભાગ,**
**આબુ પર્વત**

બ્ર. કુ. સરલા

**(બ્રહ્માકુમારી સરલા)**
**રાષ્ટ્રીય સંયોજિકા, ગ્રામ વિકાસ પ્રભાગ,**
**મહેસાણા**

# ઈશ્વરીય પ્રેરણા

# વૃત્તિ દ્વારા પ્રકૃતિનું પરિવર્તન કરો

૧. કોઈપણ કાર્યમાં સફળતા પ્રાપ્ત કરવાનું સરળ સાધન છે – વૃત્તિ દ્વારા વાયુમંડળ બનાવવું તથા વાયુમંડળ દ્વારા વાતાવરણ બનાવવું. જેમ વિજ્ઞાનનું સર્જન–રોકેટ ફાસ્ટ દોડે છે, તેમ તમારી આત્મિક ભાવના તથા શુભકામનાની વૃત્તિ, દૃષ્ટિ અને સૃષ્ટિનું પરિવર્તન કરી દે છે. એક સ્થાને બેસીને પણ વૃત્તિ દ્વારા સેવા કરી શકો છો.

૨. તમારી વૃત્તિ આત્મિક અને શકિતશાળી ત્યારે જ બનશે જ્યારે તમારા મનમાં કોઈપણ ખોટી અથવા નેગેટીવ વૃત્તિનું વાયુમંડળ નહીં હોય. માટે પોતાના મનની વૃત્તિને હંમેશા શુધ્ધ રાખો. વ્યર્થ તથા નેગેટીવ વૃત્તિને પોઝીટીવ સકારાત્મક બનાવો. મનમાં કોઈપણ પ્રકારની ખટપટ નહીં હોય ત્યારે જ શુભ વૃત્તિથી સેવા કરી શકશો.

૩. નિમિત્ત આત્મા સેકંડમાં વેસ્ટ (વ્યર્થ) ને ખતમ કરી બેસ્ટ (શ્રેષ્ઠ) નો પ્રભાવ વાતાવરણમાં પ્રસરાવે ત્યારે મનસા સેવાનો પ્રભાવ પ્રેકિટકલ રૂપે દેખાશે. માત્ર વિસ્તારને સાર સ્વરૂપે લઈને મનની શકિતઓનો વિકાસ કરવો અને પ્રયોગ કરવો.

૪. દિવસ દરમ્યાન દરરોજ અલગ અલગ સમયે મનની કસરત પાંચ પાંચ મિનિટ કરો. સેકંડમાં સાકારી તો સેકંડમાં આકારી અથવા નિરાકારી સ્થિતિમાં રહેવાનો અભ્યાસ કરો. તેનાથી મન શકિતશાળી બની જશે. અને શકિતશાળી મન જયારે પણ જે સ્થાને જશે અને ઈચ્છશે ત્યાં પોતાનો પ્રભાવ પેદા કરી શકશે.

૫. વર્તમાન સમય પ્રમાણે વૃત્તિથી વાયુમંડળ બનાવવાના તીવ્ર પુરૂષાર્થની આવશ્યકતા છે. વૃત્તિ અને વાયુમંડળથી વાતાવરણ તૈયાર થાય છે અને તેથી પ્રકૃતિનું પરિવર્તન થાય છે. પરંતુ વૃત્તિને હંમેશા શુભ રાખવી જરૂરી છે. કોઈપણ નકામી કે નેગેટીવ વાત સાંભળીને બીજે કાનેથી બહાર કાઢી નાંખવી. નહિતર મનમાં જઈ અશાંતિ ઊભી કરશે. આંખોથી પણ નેગેટીવ જોઈએ તો, જોયું ના જોયું કરવું, જેથી તેની અસર મન સુધી પહોંચશે નહિ. તો જ મન શુધ્ધ રહી શુધ્ધ વૃત્તિ પેદા કરી શકશે.

૬. વિશ્વ પરિવર્તન યા પ્રકૃતિ પરિવર્તન માટે દુવા શબ્દ યાદ રાખવો. દેવી–દેવતાઓની જડ મૂર્તિઓ પણ દુવા (આશીર્વાદ) આપી શકે છે. તો આપ ચૈતન્ય મૂર્તિઓ વૃત્તિ દ્વારા દરેકની મનોકામના પૂર્ણ જરૂર કરી શકો છો. માત્ર દુવા આપો અને દુવા લો.

૭. હું સર્વશકિતવાન પરમાત્માની સંતાન માસ્ટર સર્વશકિતવાન છું. આ સંકલ્પમાં એટલી બધી તાકાત છે કે જે ઈચ્છો તે કરી શકો છો. માત્ર દૃઢતાની ચાવીનો સમય અનુસાર ઉપયોગ કરો.

૮. સાઈલેન્સની શકિતથી કલરાઠી ધરતીનું પરિવર્તન કરી શકો છો. સંકલ્પથી સૃષ્ટિનું સર્જન કરી શકાય છે. આથી શુભ ભાવનાના સંકલ્પથી, યોગયુકત વાયબ્રેશન દ્વારા ધરતીનું પણ પરિવર્તન કરતા રહો. શાંતિની શકિત આપના ગળામાં સફળતાની માળાઓ પહેરાવશે.

૯. સાઈલેન્સની શકિતશાળી શુભ ભાવનાના પ્રત્યક્ષ પરિણામો ભવિષ્યમાં અનુભવશો. આના માટે એકાગ્રતા અને આત્મિક સ્થિતિમાં અંતર્મુખી રહેવાનું વ્રત લેશો. ત્યારે જ જ્ઞાન સૂર્ય પરમાત્માનો ચમત્કાર બતાવી શકશો.

૧૦. પવિત્રતા દ્વારા પ્રકૃતિને પાવન કરવાનું આપે પાનનું બીડું ઉઠાવ્યું છે. તેથી પરમાત્મા ઈચ્છે છે કે સમગ્ર વિશ્વમાં દરેક આત્મા, વ્યકિત અને વસ્તુઓના આકર્ષણથી મુકત બને.

૧૧. વાણીની સાથે વૃત્તિ દ્વારા સેવા કરશો ત્યારે પાવરફુલ વાયબ્રેશન બનશે અને પ્રકૃતિ દાસી બનતી જશે. પ્રકૃતિ આતંક મચાવવાને બદલે સેવા કરશે.

૧૨. દિવ્ય બુદ્ધિના યંત્ર દ્વારા માત્ર વ્યકિતને જ નહિ પરંતુ પ્રકૃતિને પણ દિવ્ય બનાવી શકો છો. વ્યકિતને દિવ્ય બનાવવાથી પ્રકૃતિ પર તેનો આપો આપ પ્રભાવ પડતો જશે. દિવ્ય બુદ્ધિ સદા કાર્યરત રહે તો પ્રકૃતિને પણ પરિવર્તન કરી શકો છો. આ પરમાત્માનું વરદાન છે.

૧૩. આપ આત્માઓની સ્થિતિ ન્યારી–પ્યારી (અનાસકત) હશે ત્યારે પાવરફુલ (શકિતશાળી) લાઈટહાઉસ–માઈટહાઉસ સ્થિતિમાં સ્થિર રહીને વાયબ્રેશન ફેલાવવાની સેવા કરી શકશો.

૧૪. પ્રયોગી આત્માની પ્રથમ નિશાની છે–પોતાના સંસ્કાર પરિવર્તન કરવામાં વિજયી. બીજી નિશાની છે પ્રકૃતિ દ્વારા આવનાર પરિસ્થિતિ પર યોગના પ્રયોગ દ્વારા વિજયી.

૧૫. આપ બ્રાહ્મણ–જ્ઞાની આત્માઓ પુરુષોત્તમ છો. પ્રકૃતિ પુરુષોત્તમ આત્માની દાસી છે. વર્તમાન સમયે ફકત આત્માઓનું જ નહિ. પરંતુ પ્રકૃતિનું પણ પરિવર્તન કરી શકો છો. જેટલા આપના શકિતશાળી, સતોપ્રધાન વાયબ્રેશન હશે તેટલી પ્રકૃતિ અને આત્માઓની વૃત્તિ પણ બદલાઈ જશે. મનુષ્ય આત્માઓને વૃત્તિથી બદલવાની છે અને પ્રકૃતિનું વાયબ્રેશન દ્વારા પરિવર્તન કરવાનું છે. આથી પરિવર્તન કરનારાની વૃત્તિ હંમેશા શકિતશાળી જોઈએ, સાધારણ નહિ.

૧૬. આપની પવિત્ર દૃષ્ટિથી વિશ્વની માનવ આત્માઓ અને પ્રકૃતિ બંને પવિત્ર બની રહ્યા છે. આપની દૃષ્ટિથી સૃષ્ટિ બદલાઈ રહી છે. આપના શ્રેષ્ઠ કર્મોથી શ્રેષ્ઠાચારી દુનિયા બની રહી છે.

૧૭. પરમાત્મ સ્મૃતિની શકિત દ્વારા આપ જ્ઞાની આત્માઓ વિશ્વનું પરિવર્તન કરો છો. પરમાત્માની યાદ એટલે શાંતિની શકિત. તેથી વ્યકિતની સાથે–સાથે પ્રકૃતિ પણ બદલાઈ જશે.

૧૮. હું જ્યોતિ સ્વરૂપ આત્મા છું. સર્વશકિતમાન પરમાત્મા મુજ આત્માના પરમપિતા છે. આવી સ્મૃતિને જ યોગ કહેવાય. જ્યારે પાવરફુલ (એકાગ્રતા પૂર્વક) યોગમાં બેસો છો, ત્યારે બધા જ વિચારો શાંત થઈ જાય છે. પરમાત્મ મિલનની અનુભૂતિમાં અન્ય સર્વ સંકલ્પો સમાઈ જશે. સંકલ્પોને સ્ટોપ કહો કે તરત જ સ્ટોપ થઈ જશે. પાવરફુલ બ્રેક લાગી જાય. આવો કંટ્રોલીંગ પાવર જોઈએ.

૧૯. આપ સૌની શ્રેષ્ઠ ભાવનાના ફળરૂપે વિશ્વની માનવ આત્માઓનું, પ્રકૃતિ સહિત પરિવર્તન થઈ જશે.

૨૦. આપ શુભભાવનાનું મહત્વ જાણો છો. શુભભાવનાને સામાન્ય રીતે કાર્યમાં વાપરો છો? કે તેનું મહત્વ સમજીને પ્રયોગ કરો છો? દુનિયાના લોકો પણ શુભભાવના શબ્દ બોલે છે પરંતુ આપની શુભભાવના ફકત શુભ નહિ પણ શકિતશાળી છે. કારણકે આપ સંગમયુગી શ્રેષ્ઠ આત્માઓ છો. સંગમયુગને ડ્રામા અનુસાર પ્રત્યક્ષ ફળની પ્રાપ્તિનું વરદાન છે. માત્ર આ વાતનું મહત્વ સમજીને પ્રયોગ કરો.

૨૧. જે રીતે વિજ્ઞાનના સાધનો દૂર બેઠાં બેઠાં અનેક આત્માઓ સાથે નજીકનો સંબંધ બાંધી આપે છે. દૂરથી સ્નેહીજનો સાથે વાતચીત કરી શકો છો. જોઈ પણ શકો છો, આમ વિજ્ઞાનની શકિત થોડા સમય માટે નજીક હોવાનું ફળ આપી શકે છે. તો સાઈલેન્સની શકિતશાળી શુભભાવના દૂર બેઠા ફળ નહિ આપે? આ માટે ફકત શાંતિની શકિત જમા કરો.

૨૨. શુભભાવના એટલે શકિતશાળી સંકલ્પ સર્વ શકિતઓથી પણ સંકલ્પની ગતિ તીવ્ર છે. વિજ્ઞાને જેટલા તીવ્ર ગતિના સાધનો શોધ્યા છે તેથી પણ વધુ તીવ્ર ગતિ સંકલ્પની છે. તો આપ માસ્ટર વિશ્વ કલ્યાણકારી આત્માઓની આવી સૂક્ષ્મ મનસા સેવા પ્રત્યક્ષ રૂપે અનુભવ કરાવશે. એમાં સમય, સાધન અને સંપત્તિનો ખર્ચ ઓછો થશે. આ માટે મન અને બુધ્ધિ હંમેશા મુકત(ફ્રી) જોઈએ. વિશેષ ધ્યાન(અટેન્શન) રાખો–એકાંત અને એકાગ્રતા પર.

૨૩. એકાંતપ્રિય આત્માઓ એવી શકિતશાળી બની જાય છે કે જેથી પોતાની સૂક્ષ્મ શકિતઓ–મન, બુધ્ધિ ને જે સ્થળે ઈચ્છે, ત્યાં એકાગ્ર કરી ગજબનું કાર્ય કરી શકે છે. તમે પ્રકૃતિના પણ માલિક છો, તમારા પરિવર્તન દ્વારા પ્રકૃતિનું પણ પરિવર્તન થશે. વર્તમાન સમયે તમે સતોપ્રધાન બની રહ્યાં છો, તેથી પ્રકૃતિ પણ તમોપ્રધાનમાંથી સતોપ્રધાનતામાં પરિવર્તન થઈ રહી છે. આ નશો અને શુભ ભાવનાના સંકલ્પો દ્વારા યોગનો પ્રયોગ કરો.

# શાશ્વત યૌગિક ખેતી–યોજનાની આવશ્યકતા

ડો. શંકરરાવ રાઉત
પ્રમુખ, વનસ્પતિ રોગ શાસ્ત્ર વિભાગ
ડો. વા.સા.કો.કૃ.વિ.દાપોલી. (મહારાષ્ટ્ર)

વિશ્વભરમાં ખેતીની જુદી જુદી પધ્ધતિઓ અપનાવવામાં આવી છે. આજે વૈજ્ઞાનિકોએ લોકો માટે અન્ન, કઠોળ, તેલ, શાકભાજી, ફળ અને દૂધ સરળતાથી પ્રાપ્ત કરાવી દીધાં છે, પરંતુ એમાં સ્વાદિષ્ટતા, પૌષ્ટિકતા, શુધ્ધતા તથા સાત્વિકતાના અભાવને કારણે મનુષ્યોનું માનસિક તથા શારીરિક સ્વાસ્થ્ય બગડી રહ્યું છે. જ્યારે માનવો આદિકાળ(સતયુગ–ત્રેતા–દ્વાપર) માં નિરોગી કાયા અને દીર્ઘાયુ પ્રાપ્ત કરતા હતાં, તે સમયની ખેતી પધ્ધતિ ફરીથી શોધવી પડશે. જેને કારણે આપણી ધરતી સુખ, શાંતિ, સમૃધ્ધિ અને ધન–ધાન્યથી ભરપૂર થઈ જાય. આ દિશામાં "શાશ્વત યૌગિક ખેતી" એ સમયની માંગ છે.

ખેતી કરવાની વિવિધ પધ્ધતિઓ :–

૧. કુદરતી ખેતી પધ્ધતિ : પ્રાચીન સમયમાં પ્રકૃતિના પાંચ તત્વોની સુનિયોજિત અને સંતુલિત વ્યવસ્થા હતી. તેમજ મોસમ સદા આનંદદાયી હતી. દેવી–દેવતા તુલ્ય માનવોની સાથે પશુ–પક્ષી, જીવજંતુ, વૃક્ષો, છોડવાઓ બધાની જરૂરિયાત સંતોષાતી હતી. એ સમય સ્વર્ણિમ ભારત તરીકે ઓળખાતો. મધ્યકાલ–દ્વાપરથી જનસંખ્યાની વૃધ્ધિ થવાથી ફળદ્રુપ જમીન અને નદી કિનારાના પ્રદેશોમાં ખેતીનો વિસ્તાર થતો ગયો. દ્વાપરયુગથી મનુષ્યે કુદરતી ખેતી પધ્ધતિનો પ્રારંભ કર્યો. ભારતમાં બૌધ્ધ સમય પૂર્વે તથા તે પછી પણ ભારતના પ્રવાસે આવેલા ચીન તથા અન્ય દેશના યાત્રીઓએ કરેલા તેમના પ્રવાસ વર્ણનમાં અહીંની સમૃધ્ધ સંપન્ન પ્રાકૃતિક સૌંદર્ય સભર તથા પૂરે પૂરી સ્વાવલંબી ખેતી પધ્ધતિનું ખૂબ સુંદર રીતે વર્ણન કર્યું છે.

કુદરતી ખેતી પધ્ધતિ દ્વારા ધરતીમાંથી પાક લણતી વખતે કુદરતી પ્રક્રિયામાં મનુષ્યની ઓછામાં ઓછી દખલ રહેતી અને ઓછામાં ઓછો વિક્ષેપ નાંખવો–એવી અપેક્ષા રહેતી હતી. જાપાનમાં ૧૯૩૦ માં કંપોસ્ટ ખાતરનો ઉપયોગ શરૂ થયો. દક્ષિણ જાપાનના શિકોક ટાપુપર પ્રસિધ્ધ વિદ્વાન માસાનોબૂ ફુકુઓકાએ કુદરતી ખેતીના પ્રયોગથી જે સફળ અનુભવો મેળવ્યા તેનું વર્ણન (૧) વન સ્ટ્રા રીવોલ્યૂશન તથા (૨) નેચરલ ઓફ ફાર્મીંગ– આ બે પુસ્તકોમાં કુદરતી ખેતી પધ્ધતિનું જ્ઞાન વિશ્વ સમક્ષ રજુ કર્યું. વિશ્વના ખૂણે ખૂણે થી કેટલાંક લોકો શિકોક ટાપુ પર જઈ કુદરતી ખેતીનું રહસ્ય પ્રત્યક્ષ સમજવા લાગ્યાં. વિદ્વાન ફુકુઓકા કુદરતી ખેતીને ભારતીય આધ્યાત્મિકતા સાથે જોડતા હતા. તેમની દૃઢ માન્યતા હતી કે ખેતીનું આખરી ધ્યેય ફકત પાક લેવાનું જ નહિ પરંતુ તેથી વિશેષ માનવ વ્યકિતત્વના સંપૂર્ણ ઘડતરનું હોઈ સંપૂર્ણ માનવના સર્જનનું પણ છે. ધાન તથા સંતરાના પાક પર તેમના પ્રયોગો ખૂબ પ્રસિધ્ધિ પામ્યા. શ્રી ફુકુઓકાએ લાંબા સમયના પ્રયોગોના અંતે જે પ્રણાલી પ્રસ્થાપિત કરી તે ચાર સિધ્ધાંતો ઉપર આધારિત છે. (૧) જમીનની ખેડ ન કરવી, હળ ચલાવવું નહિ. (૨) રાસાયણિક યા કંપોસ્ટ ખાતરનો ઉપયોગ કરવો નહિ. (૩) નિંદામણ કરતી વખતે ઓજાર

કે દવાઓનો ઉપયોગ કરવો નહિ. (૪) કોઈપણ રાસાયણિક કે જંતુનાશક દવાઓનો આધાર લેવો નહિ.

નૈસર્ગિક યા કુદરતી ખેતી માટે આ ચાર બાબતોની પરેજી કે નિષેધ રાખવા કહ્યું છે. સાથે સાથે તેમણે આચ્છાદન તંત્ર (ઢાંકેલી કે આચ્છાદિત ટેકનિક) તથા દ્વિદળ (કઠોળ) ની ખેતી માટે પ્રોત્સાહન આપ્યું છે.

અમેરિકાના કેલિફોર્નિયા સ્ટેટ અને હવાઈ પ્રદેશોમાં સૂક્ષ્મ જીવજંતુઓનું સંવર્ધન કરીને કુદરતી ખેતી કરવામાં આવે છે. જેથી નિવિષ્ઠા ખેતીમાં જ પેદા કરીને તેનો સેન્દ્રિય (સજીવ) ખાતરના રૂપે પ્રયોગ કરવામાં આવે છે.

ભારતમાં કુદરતી ખેતીનું કાર્ય અનેક સંસ્થાઓ તેમજ વ્યકિતઓએ કર્યું છે. જેમાં હોસંગાબાદના રસુનિયા અગ્રવાલ, પોંડિચેરીના ઓરોવિલ(અરવિંદ આશ્રમ), દાપોલી(મહારાષ્ટ્ર) માં ફાટક ગુરુજીના આમ્રવૃક્ષ પરના પ્રયોગો, દહાણુ (મહારાષ્ટ્ર) માં ચીકુના ઝાડ પરના પ્રયોગો, ઉત્તરપ્રદેશના બિજનૌર જિલ્લાના મોહનપુર ગામમાં ખરીફ તથા રવિપાક પરના પ્રયોગો, આ સૌ કુદરતી ખેતીનું મહત્વ સિધ્ધ કરે છે.

૨. સેન્દ્રિય (સજીવ) ખેતી પધ્ધતિ : રાસાણિક ખાતરનો વિકલ્પ આપવા માટે સન ૧૯૪૦ માં અમેરિકાના સર રોદાલેએ, ઈંગ્લેન્ડમાં મેડલ બાલફોરે તથા ભારતમાં આલ્બર્ટ હોવર્ડે સેન્દ્રિય (સજીવ) ખેતી પધ્ધતિ શરૂ કરી. સને ૧૯૮૦ માં અમેરિકાના કૃષિ વિભાગે સેન્દ્રિય કૃષિ પધ્ધતિની વ્યાખ્યા આમ બતાવી–પાકનું ઉત્પાદન વધારવા એવી પધ્ધતિ, જેમાં રાસાયણિક ખાતર તથા જંતુનાશક દવા વિગેરેના પ્રયોગ ન હોય. જ્યાં સુધી શકય હોય ત્યાં સુધી પાકમાં ફેરફાર, અવશેષોમાંથી કંપોસ્ટ, પશુઓના મળમૂત્રનો ઉપયોગ, દ્વિદળ પાક અને લીલા ખાતરનો ઉપયોગ કરવામાં આવે છે. સાથે સાથે જમીન સુધાર અને જળ સંચાલન માટે પરંપરાગત રીતે ખેડવાની પધ્ધતિ અપનાવીએ. આ રીતે જયાં જંતુનાશક, ગૌમૂત્ર અને અળસિયાનો પણ ઉપયોગ કરાય છે. તેને સેન્દ્રિય ખેતી પધ્ધતિ કહે છે.

૩. જૈવિક ખેતી પધ્ધતિ : આ પધ્ધતિમાં રાસાયણિક ખાતરના બદલે જૈવિક ઘટકોનો ઉપયોગ કરવા પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે. દા.ત. બીજ પ્રક્રિયા, રોપામૂળ ભીંજવવાની પ્રક્રિયા અને છંટકાવમાં જૈવિક ઘટકોનો ઉપયોગ કરવામાં આવે છે. ઉદાહરણ– જૈવિક બુરશીનાશક, ટ્રાયકોડર્મા, ગ્લિઓકલોડિયમ, સુડોમોનાસ, બેસિલસ, જૈવિક ખાતરો જેવા કે એઝોટોબેકટર, રાઈઝોબીયમ, એઝોસ્પીયરિલીયમ વગેરે. આ રીતે પોટેશિયમ મિશ્રણ કરનાર જીવજંતુ, કીડા અને પાણીમાંની શેવાળનો પણ જમીનમાં ઉપયોગ થાય છે. વૃક્ષોના પાંદડાઓનો રસ રોગનિવારણ માટે થાય છે. એ જ સેન્દ્રિય પદાર્થોને પેદા કરવાનો ઉદ્દેશ છે. જૈવિક ખેતી પધ્ધતિમાં સારો પાક આપનાર અને રોગના કીટાણુઓનો પ્રતિકાર કરી શકે તેવા પાકની જાતનો ઉપયોગ કરવાનો સમાવેશ છે. જેથી શકિતશાળી પૌષ્ટિક અને સાત્વિક અન્ન ઉત્પાદન થઈ શકે. આ પધ્ધતિમાં કાર્યક્ષમતા તેમજ

ઉર્જાનો વિશેષ ખ્યાલ રાખવામાં આવે છે. થોડે અંશે રાસાયણિક ઘટકો જેવા કે તાંબુ, ગંધક વગેરેનો પણ ઉપયોગ થઇ શકે છે. દા.ત. રોગ નિયંત્રણ માટે બોડામિશ્રણ ગંધક પાવડર વગેરે.

૪. એકીકૃત (સમન્વિત) સઘન ખેતીની પધ્ધતિ **(Integreted Incentive Farming) :**
ભારતની હરીયાળી ક્રાંતિના જનક તથા વિશ્વવિખ્યાત કૃષિશાસ્ત્રજ્ઞ ડૉ.એમ.એસ.સ્વામીનાથને એકીકૃત સઘન ખેતી પધ્ધતિની હિમાયત કરી છે. તેના મુખ્ય ત્રણ ઘટકો છે. ૧.કૃષિ સંહતિકરણ, ૨.વિવિધતા અને ૩.મૂલ્ય વૃધ્ધિકરણ. ખેતી પેદાશની પધ્ધતિની સાથે સાથે જમીનનું આરોગ્ય, (સુધારણા) ભૌતિક અને આર્થિક દૃષ્ટિથી અનાજની પ્રાપ્તિ તેમજ નબળા ખેડૂતો સુધી લાભ પહોંચાડવો તે. જેથી આર્થિક રીતે ગરીબ ખેડૂતોને પોષાય. ખેતી ઉત્પાદન પરંપરાથી ચાલી આવેલી વ્યવસ્થા અનુસાર ગામડાઓમાં સરળતાથી મળે તેવી વસ્તુઓનો યોગ્ય ઉપયોગ કરતાં ઓછામાં ઓછા ખર્ચે પણ ઉત્પાદન વધી શકે છે. આમાં પશુધનનું મહત્વ પણ વિશેષ છે. પશુઓના મળમૂત્ર, છાણ વગેરે તથા પાકના બાકી રહેલા કચરાનો યોગ્ય ઉપયોગ કરી કંપોસ્ટ , માનવવિષ્ટા, અળસિયા વગેરેનું નિર્માણ કરી ખેતીનું ઉત્પાદન વધારીએ.

૫. યૌગિક ખેતી : પ્રાચીન કાળમાં મનુષ્યો અને પ્રાણીઓ નિરોગી અને દીર્ઘાયુષી હતાં. કારણકે તેઓની દિનચર્યા પ્રકૃતિચક્ર ના નિયમ અનુસાર હતી. કંદમૂળ અને ફળો દ્વારા જીવન નિર્વાહ ચાલતો હતો. સામાન્યજનો સ્વસ્થ અને સુખી હતાં. ઋષિ–મુનિઓ પ્રકૃતિના સાનિધ્યમાં, એકાંતમાં, આશ્રમોમાં કે પર્વતો ઉપર ગુફાઓમાં રહી ઈશ્વર સાધના દ્વારા અસાધ્ય સિધ્ધિઓ પ્રાપ્ત કરી દીર્ઘાયુષ ભોગવતા. તેમજ પ્રભુની નિરંતર યાદ અને પ્રકૃતિના સંગને કારણે મન, બુધ્ધિ, સંસ્કાર સતોપ્રધાન હતાં તથા તેમની ચૈતન્ય ઉર્જા વૃધ્ધિ પામતી હતી. પવિત્ર પ્રકંપનોની આભા તેમની ચારેય તરફ ફેલાતી, જેની અસરથી હિંસક મનોવૃત્તિવાળા પ્રાણીઓ પણ હિંસા ભાવ છોડી શાંત બની જતાં. તેમનું જીવન પવિત્રતા, સુખ, શાંતિ અને સાદગીથી સભર હોવાના કારણે સંતુષ્ટ હતું. જેમ અન્નનો પ્રભાવ મન પર પડે છે, તેમ મનનો પ્રભાવ સર્વાંગી સ્વાસ્થ્ય પર પડે છે. આમ તનની તંદુરસ્તીનો આધાર મનનું સ્વાસ્થ્ય છે. પરમપિતા પરમાત્માની સ્મૃતિમાં આત્મિક ભાવે રહેવાથી મન શાંત સ્વરૂપ બની જાય છે. ઈશ્વરના વરદાન અને સહજ રાજયોગના અભ્યાસથી ઈશ્વરીય શકિત પ્રાપ્ત થાય છે. મનમાં સર્વ પ્રતિ સમાનતા અને સ્નેહના વાઈબ્રેશન પેદા થાય છે. જેમ યોગી પુરૂષનો પ્રભાવ અન્ય લોકો પર પડે છે તેજ રીતે પ્રકૃતિ અને વનસ્પતિ પર પણ પડે છે. કારણ કે વનસ્પતિમાં પણ સંવેદના છે. આ સિધ્ધાંત ભારતીય વૈજ્ઞાનિક ડો. જગદીશચંદ્ર બોઝે સિધ્ધ કરી બતાવ્યો છે. આજ સિધ્ધાંતનો પ્રયોગ યોગની શકિતઓના નિયમિત પ્રયોગ દ્વારા ખેતીના પાક પર કરવાથી ઉત્પાદન વધે છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ આ પાંચેય તત્વો પર યોગબળનો પ્રભાવ પડે છે. પર્યાવરણમાં રહેનાર પશુ, પંખી, જીવ, જંતુ, માનવ ઉપરાંત વનસ્પતિ, પાક, ફળ, ફૂલ વિગેરે પરમાત્માની શકિતથી ભરપૂર, ચેતન અને ઉર્જા સ્વરૂપ બને છે. પાક માં ખૂબ જ વૃધ્ધિ થાય છે, તેમજ શુધ્ધિ અને પૌષ્ટિકતા

પ્રાપ્ત થાય છે. એવા અનેક ખેડૂત બી.કે.ભાઈ બહેનોનો અનુભવ છે. આને જ યૌગિક ખેતીની સફળ તા કહીશુ.

ભારતીય ખેડૂત, જૂની પધ્ધતિથી ખેતી કરે છે. રાસાયણિક ખાતરો તથા જંતુનાશક દવાઓનો છંટકાવ કરે છે. સેન્દ્રિય ખેતી પધ્ધતિનો પ્રયોગ કરે છે. પરંતુ યૌગિક ખેતીનો વિચાર નવો છે. ઓછા ખર્ચે આ પધ્ધતિથી વધુ પેદાશ કાયમ માટે થાય છે. તેથી યૌગિક ખેતી પધ્ધતિ અપનાવવાથી યોગ શકિત દ્વારા વિશ્વકલ્યાણકારી પવિત્ર પ્રકંપનોથી ઉત્પાદનની ગુણવત્તા, વિપુલતા અવશ્ય વૃધ્ધિ પામે છે. ઓછા ખર્ચમાં સહેલાઈથી સાત્વિક અને પૌષ્ટિક અન્ન પેદા કરીને ખેડૂત પોતાના મન, બુધ્ધિ, વાણી અને જીવનને સંપૂર્ણ પવિત્ર અને શકિતવંત બનાવી શકે છે. પાંચ તત્વોને પણ યોગબળના પ્રકંપનો મળવાથી સમગ્ર માનવ જીવન સુખ, શાંતિ, આનંદ અને સંતોષનો અનુભવ કરવા લાગશે. પરમપિતા પરમાત્મા દ્વારા શીખવવામાં આવેલ રાજયોગથી યૌગિક ખેતી ચોકકસ સફળ થશે. પાકની ઉત્પાદન ક્ષમતા શ્રેષ્ઠ થશે. જેમ રાજયોગથી માનવીને મુકિત અને જીવન મુકિતની પ્રાપ્તિ થાય છે, એ રીતે સામુહિક, પારિવારિક તેમજ વ્યકિતગત જીવનમાં રાજયોગનો પ્રયોગ નિયમિત રૂપે કરવાથી સાત્વિક અન્ન પેદા થાય છે. આ બી.કે.ભાઈ બહેનોનો અનુભવ છે. સહજ રાજયોગ અર્થાત્ આત્મિક સ્વરૂપમાં એકાગ્ર બની પ્રેમપૂર્વક પરમપિતા પરમાત્માને યાદ કરવા. આમ કરવાથી આત્માના મૂળ ભૂત ગુણો–પ્રેમ, આનંદ, સુખ, શાંતિ, પવિત્રતાનો ઉદય થશે. ઉપરાંત કલ્યાણકારી સર્વશકિતઓનો આત્મામાં સંચાર થાય છે. તેમજ અતિન્દ્રિય સુખની અનુભૂતિ થાય છે. સદ્ગુણોના પ્રકમ્પનો પ્રકૃતિ અને પાકને પણ સહયોગી બનાવે છે. આ માટે મન–બુધ્ધિને વ્યર્થ સંકલ્પોથી મુકત કરીને એકાગ્ર બનાવી સર્વપ્રતિ શુભ ભાવનાનો મનમાં ઉદય કરવો પડે. જયારે પણ જે સ્થળે જેટલો સમય ઈચ્છીએ ત્યાં મન–બુધ્ધિને એકાગ્ર કરવાનો અભ્યાસ વધારવાનો છે. પરમાત્મ અનુભૂતિનો પરમાનંદ લૂંટવાનો છે. આ સ્થિતિના પ્રકમ્પનો દ્વારા સમગ્ર પ્રકૃતિ, પ્રાણી, પશુ–પંખી અને પાકને શકિત પ્રદાન કરી શકીશું. ઈશ્વરીય શ્રીમત અનુસાર પ્રાતઃકાળે ૪ થી ૫ વચ્ચેનો સમય યોગના પ્રયોગ માટે અતિ ઉત્તમ છે. આ યોગ સાધના દ્વારા સંકલ્પ, વાણી અને કર્મમાં સામર્થ્ય આવે છે. હું આત્મા સર્વશકિતવાન પરમપિતા પરમાત્માની સંતાન છું. હું આત્મા પ્રકૃતિજીત છું. હું કર્મેન્દ્રિયોની માલિક આત્મા છું. આ પ્રકારના સ્વમાનમાં રહીને નિયમિત યોગાભ્યાસ કરવાથી સ્વપરિવર્તનની સાથે સાથે પ્રકૃતિ તથા વિશ્વ પરિવર્તન થાય છે. આ યોજના અનુસાર શાશ્વત યૌગિક અને જૈવિક ખેતીના નીચે જણાવેલા પરિણામો પ્રાપ્ત કરી શકાય છે.

શાશ્વત યૌગિક જૈવિક ખેતીના પરિણામો :

૧. યોગના પ્રકંપનોથી સૂક્ષ્મ જીવ જંતુઓ શકિતવંત અને ગતિશીલ થાય છે.

૨. જૈવિક ઘટકોના યોગ્ય ઉપયોગથી રોગ તથા કીટાણુઓ નાબુદ કરી શકાય છે. જૈવિક ખાધ અને વનસ્પતિના પાનના અર્કથી પાકનો રોગ અને જીવાણુઓનું નિયંત્રણ કરી શકાય છે.

૩. પાકના વધેલા કચરાથી કંપોસ્ટ, છાણનું ખાતર, સજીવ ખાતર તથા અળસિયા દ્વારા બનાવેલું ખાતર તેમજ સજીવ કીટાણુનાશકોથી ખેતીની ઉત્પાદન ક્ષમતા વધે છે.

૪. ઓછામાં ઓછી મહેનત વડે રાજયોગના પ્રયોગથી જમીન અને પાકની સાથે સંલગ્ન સજીવ જંતુઓની ઉર્જા વધારીને તેઓને વધુ સક્રિય બનાવી શકીએ છીએ. આ સૂક્ષ્મ જંતુઓ, રોગોનું નિયંત્રણ કરીને ઉત્પાદનમાં વૃધ્ધિ કરે છે. પાકના વધેલા અવશેષોનો ઉપયોગ જમીનના અચ્છાદનમાં પણ થાય છે.

૫. ખેતર અને ઘરમાં જે અવશેષો હોય છે એનો ઉપયોગ કરવાથી જમીનની ઉત્પાદન શકિત કાયમ રહે છે.

૬. ખેતીમાં શુધ્ધ, સ્વાદિષ્ટ, પૌષ્ટિક, પ્રદુષણ મુકત અને સાત્વિક અન્ન–ધાન્ય ઉત્પન્ન થાય છે.

૭. રાસાયણિક ખાતરો અને કીટાણુનાશક દવાઓનો ઉપયોગ બંધ કરવાથી જમીન, જળ અને વાતાવરણ પ્રદુષિત નથી થતાં.

૮. ખાસ કરીને કુદરતી અને સૂર્ય શકિતના ઉપયોગથી ઉત્પાદન ખર્ચ ઓછો થાય છે.

૯. પાકની ફેરબદલ કરવાથી તથા વાતાવરણમાં યોગના પ્રકંપનો ફેલાવવાથી ખેતીની પેદાશમાં વૃધ્ધિ થાય છે.

૧૦. વ્યકિતગત અને સામુદાયિક રાજયોગના પ્રયોગથી હંમેશા સાત્વિક અન્ન–ધાન્યની પ્રાપ્તિ થાય છે.

૧૧. કુદરતી ઘટકો જેવા કે પશુધન, મળમૂત્ર, જીવાણુ ખાતર, કંપોસ્ટ, છાણ તથા સોન ખાતર, અળ સિયાનું ખાતર, સેન્દ્રિય ખાતર, ગોબર ગેસ, લીલોતરી ખાતર વગેરેનો ઉપયોગ કરવાથી જમીનની ઉત્પાદન ક્ષમતા કાયમ રહે છે.

૧૨. બીજ વાવતાં પહેલાં તથા છોડને જમીનમાં રોપતાં પહેલાં યોગના પ્રકંપનો આપીને તેમને શકિતશાળી બનાવવાથી પાક સારો પાકે છે.

ઈશ્વરીય શ્રીમત પ્રમાણે મર્યાદાનું પાલન કરતાં શાશ્વત યૌગિક ખેતીથી ચોકકસ સારો ફાયદો થશે. સર જગદીશચંદ્ર બોઝે સાબિત કર્યું છે કે ભાવનાઓના તરંગોની વનસ્પતિ પર ચોકકસ અસરો થાય છે. આ સિધ્ધાંતને ધ્યાનમાં રાખીને યૌગિક ખેતીનો પ્રયોગ કરીએ. અગર યોગના પ્રયોગથી હિંસક વ્યકિત કે પ્રાણી પણ અહિંસક બની શકે છે, તો પાકના રૂપે વનસ્પતિની પણ ઉત્પાદન ક્ષમતા જરૂર વધી શકે છે. આ જ યૌગિક ખેતીનો મર્મ છે.

# શાશ્વત યૌગિક ખેતી

સેન્દ્રિય જૈવિક ખેતીના વિષયમાં ઘણું સાંભળ્યું છે અને ઘણા ખેડૂતો આવી ખેતી કરી પણ રહ્યાં છે. પરંતુ રાજયોગના પ્રયોગ દ્વારા ખેતી કરવાની વર્તમાન સમયમાં ખૂબ આવશ્યકતા છે.

પ્રાચીન તપસ્વીઓ અને ઋષિ મુનિઓની તપસ્યાનો પ્રભાવ તેમની ગુફા કે આશ્રમથી દૂર દૂર સુધી ફેલાતો હોવાની વાતો આપણે સાંભળીએ છીએ. કોઇ રાજા કે સેનાપતિના આશ્રમમાં પ્રવેશતાની સાથે જ તેમની અંદર હિંસક વિચારો શાંત થઇ જતા હતા. તેમજ આશ્રમમાં પગ મુકતાની સાથે જ માનવી પોતાના દુઃખ, દર્દ ભૂલી જતો હતો. ઉપરાંત ઘણા આશ્રમોની આસપાસના હિંસક પ્રાણીઓ આવીને શાંતિથી બેસી રહેતાં હતાં. આ ઉદાહરણો દર્શાવે છે કે યોગમાં એવી કોઇ અદ્‌ભુત શકિત રહેલી છે. જેના કારણે અસંભવ પણ સંભવ કરી શકાય છે.

પરમપિતા પરમાત્માએ શીખવેલ રાજયોગ અતિ સરળ હોવાથી તેમા મંત્ર, જપ, તપ કે કઠીન આસનોની જરૂર નથી. આ રાજયોગ જીવનને દિવ્ય બનાવી સંપૂર્ણતાના માર્ગે દોરી જનારી સાધના છે. આ સરળ રાજયોગનો અર્થ છે– સ્વયં આત્મ સ્વરૂપમાં રહી, પરમાત્માને યાદ કરવા

રાજયોગ માર્ગમાં સ્વયંનું અને પરમાત્માનું જ્ઞાન હોવું જરૂરી છે. હું કોણ છું? તથા મારે કોને યાદ કરવાના છે? અર્થાત્ એક પરમાત્મા કોને કહેવાય? તે. રાજયોગની સાચી પધ્ધતિમાં (૧) સ્વયંને દિવ્ય જ્યોતિર્બિંદુ સ્વરૂપ આત્મા નિશ્ચય કરીને (૨) દિવ્ય જ્યોતિર્બિંદુ પરમાત્મા સાથે સ્નેહ અને સંબંધ જોડીને એકાગ્ર થવાનુ હોય છે. જેનાથી આત્મા, અધિકારી બનીને પરમાત્મા પાસેથી સર્વપ્રાપ્તિનો અનુભવ કરી શકે છે. આત્મા અને પરમાત્મા વચ્ચે સંબંધ જોડવા માટે ફકત શ્રેષ્ઠ સંકલ્પો સાથે એકાગ્રતાની શકિત જરૂરી છે. જે પ્રકારે બેટરીનો સંબંધ વીજળીઘર(પાવર હાઉસ) ની સાથે થવાથી બેટરીમાં ફરીથી વીજશકિત(કરંટ) ભરાઈ જાય છે. એવી જ રીતે સર્વશકિતમાન પરમાત્માની સાથે સંબંધ જોડવાથી આત્માને ગુણ અને શકિતઓની પ્રાપ્તિ થાય છે.

રાજયોગનું પ્રથમ સોપાન છે– આત્મિક સ્થિતિનો અનુભવ કરવાનું. એમાં આંખો બંધ કરવી કોઇ જરૂરી નથી. કારણ રાજયોગ એ કર્મયોગની પ્રેરણા આપે છે. કોઇપણ કર્મ આંખો બંધ કરવાથી થઇ શકે નહિ. રાજયોગી દરેક સમયે હરતાં ફરતાં, ઊઠતાં બેસતાં, ભોજન સમયે પણ આત્મિક સ્થિતિમાં રહીને કર્મો કરે છે. માત્ર આત્મા અને પરમાત્માના સ્વરૂપમાં મન–બુધ્ધિને એકાગ્ર કરવાના હોય છે. આત્માની ત્રણ મુખ્ય સૂક્ષ્મ શકિતઓ છે–મન, બુધ્ધિ અને સંસ્કાર, જેના આધારે પોતે પરમાત્મ અનુભૂતિ કરી શકે છે. તેમજ અન્યને પણ કરાવી શકે છે.

વિચાર કરવાની શકિતને મન કહે છે.
નિર્ણય, પરખ અને વિવેક કરવાની શકિતને બુધ્ધિ કહે છે.
દરેક કર્મની અસર સ્મૃતિ પર પડે છે, તેને સંસ્કાર કહે છે.
આ પ્રકારે આત્માની ત્રણ શકિતઓ જેમાં મન, બુધ્ધિ અને સંસ્કાર છે.

સંકલ્પોનું ઉદ્ગમ બિંદુ મન છે. જેવા સંકલ્પો હોય તે આધારે ચિત્તનું નિર્માણ થાય છે. અને તે આધારે વૃત્તિ અને દૃષ્ટિકોણ રચાય છે. પછી જેવી વૃત્તિ, દૃષ્ટિ તેવો વ્યવહાર આત્મા દ્વારા થાય છે. વ્યવહારથી જ આપણા કર્મો સારાં કે ખોટાં બંને છે. આથી યોગના પ્રયોગ વખતે આપણે મનના સંકલ્પો પર ખાસ ધ્યાન આપવાનું છે. મનના શુધ્ધ સંકલ્પોને આધારે શુધ્ધ તરંગો ફેલાય છે. તેનાથી વાતાવરણ પેદા થાય છે. એનાથી સારા અનુભવો કે પરિણામો પ્રાપ્ત થાય છે.

રાજયોગની પ્રક્રિયા કરતી વખતે આત્મા નિજાનંદ કે પરમાનંદનો અનુભવ કરે છે. સુખ,શાંતિ, સંતોષ, આનંદના વાયબ્રેશન આત્મામાંથી ચારેય તરફ ફેલાવાથી વાતાવરણ બદલાઈ જાય છે. આવી સ્થિતમાં રહીને દૂરની વ્યકિત, વસ્તુ, વનસ્પતિ કે પ્રાણી માટે આપણે જે શ્રેષ્ઠ સંકલ્પ કરીએ તે તેઓ સુધી અવશ્ય પહોંચી જાય છે. અને તેઓમાં રહેલી ઉર્જા કે શકિતને આપણા માનસિક તરંગોથી પ્રભાવિત કરીને શ્રેષ્ઠ પરિવર્તન લાવી શકાય છે.

આત્માનું મૂળ સ્વરૂપ–જ્ઞાન સ્વરૂપ, સુખ, શાંતિ, આનંદ, પ્રેમ શકિત અને પવિત્રતા સ્વરૂપ તેમજ દિવ્ય ગુણોથી યુકત છે. તથા પરમાત્મા આ સર્વ દિવ્ય ગુણો અને શકિતઓના સાગર છે. જ્યારે આપણે દેહભાન ભૂલીને સ્વયંને આત્મા સમજીને પરમાત્મા સાથે સ્નેહ સંબંધના તાર જોડીને યાદ કરીએ છીએ ત્યારે પાવર હાઉસની જેમ આપણી આત્મામાં પરમાત્માના સર્વગુણ અને સર્વ શકિતઓનો સંચાર થાય છે. આત્મા સ્વયં ભરપૂર હોવાનો અનુભવ કરે છે. આવી સ્થિતિમાં પાંચ–દસ યા પંદર મિનિટ સુધી એકાગ્રતા પૂર્વક સ્થિર રહેવાથી આત્માની શકિતઓ પ્રકંપનો દ્વારા સૂર્યના કિરણોની જેમ ચારેય તરફ પ્રસરે છે. જેની અસર દૂર સુધી પ્રકૃતિ અને વ્યકિતઓ પર પણ થાય છે. વર્તમાન સમયે મનુષ્ય મનમાંથી પ્રગટ થતાં હિંસા, ક્રોધ, લોભ અને અહંકારના પ્રકંપનોની અસર પ્રકૃતિના પ્રદૂષણ રૂપે અને વિકૃત માનવ મનના પાપ કર્મ રૂપે આપણે નિહાળીએ છીએ, અનુભવીએ છીએ. આનું કારણ આજે માનવ પોતાના મૂળ સ્વરૂપ આત્માને ભૂલીને પોતાને શરીર સમજીને શરીરના ભોગ વિલાસમાં રચ્યો પચ્યો રહે છે. તેમજ પરમાત્મા સંબંધી અજ્ઞાનતા હોવાથી પરમાત્માના ગુણો તેમજ શકિતઓથી વંચિત રહ્યા છે. વળી કર્મોનું સત્ય જ્ઞાન ન હોવાથી પાપ–પુણ્ય કર્મોની પરખ નથી. તેથી કર્મોની ગુહ્ય ગતિ વિશે અંધકારમાં ભટકી રહ્યા છે. રાજયોગના અભ્યાસ દ્વારા દેહભાન ભૂલવાથી અને આત્મસ્મૃતિમાં રહી પરમાત્માની સર્વશકિત, શુધ્ધ સંકલ્પોના માધ્યમથી પ્રાપ્ત કરીને મનુષ્ય આત્મા પાપ કર્મો અને વિકારોથી મુકત રહે છે. તેમજ પોતાના શ્રેષ્ઠ સંકલ્પોના તરંગોનો પ્રયોગ વનસ્પતિ અને પાક પર કરીને લાભ મેળવી શકે છે.

વર્તમાન સમયની ખેતી, રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના ઉપયોગને કારણે સત્વહીન, પ્રદૂષિત તથા કયારેક નિષ્ફળ થતી જોઇએ છીએ. જમીનની ફળદ્રુપતા પણ ઘટી રહી

છે. આથી આ સમયે સેન્દ્રિય, જૈવિક અને યૌગિક ખેતીનો પ્રયોગ કરવાની ખાસ જરૂર છે. સેન્દ્રિય, જૈવિક ખાતરના પ્રયોગથી જમીન પણ ફળદ્રુપ બનશે. તેમજ રાજયોગના અભ્યાસથી જમીન તથા વનસ્પતિને અનેક ગણી શકિત પ્રાપ્ત થશે. જેથી ઉત્પાદનની ગુણવત્તામાં અને જથ્થામાં પણ વૃધ્ધિ થશે. નીચે જણાવ્યા અનુસાર રાજયોગનો અભ્યાસ કરી શકીએ છીએ.

૧. નિયમિત રૂપે રાજયોગનો અભ્યાસ કરનાર રાજયોગી ખેડૂત ભાઇ–બહેનો પરમ પિતા પરમાત્મા સમાન માસ્ટર પ્રકૃતિ પતિ ની સ્મૃતિમાં બેસીને યોગાભ્યાસ કરે છે તથા પોતાની ખેતી પર યોગના કિરણો ફેલાવે છે.

સરળ રાજયોગનો પ્રયોગ : હું આત્મા પ્રકૃતિનો સ્વામી છું. સ્વયં ભગવાન મને કહે છે–વત્સ તું સાધારણ આત્મા નથી. સર્વ આત્માઓમાં શ્રેષ્ઠ, પવિત્ર અને ધનવાન છે. (હાઇએસ્ટ, હોલીએસ્ટ અને રીચેસ્ટ) જ્ઞાન સૂર્ય પરમાત્મા મુજ આત્મા પર સર્વ શકિતના કિરણો વરસાવી રહ્યા છે. હું માસ્ટર સર્વ શકિતમાન આત્મા–શકિત, શાંતિ અને પવિત્રતાના પ્રકંપનો ફેલાવું છું.

પ્રાતઃ ૪ થી ૫ કલાક વચ્ચેના અમૃત વેળાના સમયે ખેતીને સકાશ આપતાં :

૧. સ્વયંને શરીરથી ભિન્ન આત્મા, પરમાત્માની સંતાન હોવાનું સ્વમાન ધારણ કરો.

૨. સ્વ સ્વરૂપનો અનુભવ કરો.

૩. ફરિસ્તા સ્વરૂપે સૂક્ષ્મ વતનમાં બાપદાદા સન્મુખ અનુભવ કરી, સકાશ પ્રાપ્ત કરો.

૪. સ્વયંને સંપૂર્ણ પવિત્ર, સર્વશકિત સંપન્ન આત્મા હોવાનો અનુભવ કરો.

૫. સૂક્ષ્મ શરીર છોડી, અશરીરી જ્યોતિર્બિંદુ આત્મા સ્વરૂપે પરમાત્મા શિવબાબા સાથે કમ્બાઇન્ડ સ્વરૂપે અનુભવ કરો.... સમાનતાનો અનુભવ કરો.... આ સ્થિતિમાં રહી પ્રકૃતિના પાંચે તત્વોને સકાશ (શકિતના કિરણો) આપો. બધાં જ તત્વો અને પ્રાણીઓ, જીવ જંતુઓ, શુધ્ધ પાવન બની રહયાં છે. એવા શુભ સંકલ્પો કરો. સંપૂર્ણ, ભરપૂર આત્મા સ્વરૂપે, ફરિસ્તા સ્વરૂપે, પૃથ્વીના ગોળા ઉપર સ્વયંને ઇમર્જ કરો. હું સંપૂર્ણ પાવન ફરિસ્તા, બાપદાદા સહિત કમ્બાઇન્ડ સ્વરૂપે, ખેતીના સ્થાને પહોંચી સકાશ આપી રહયો છું. બાપદાદા સાથે રુહરિહાન કરો. બાબા પણ પાકને દૃષ્ટિ દ્વારા શકિત આપી રહ્યા છે. પાક સતોપ્રધાન બની રહ્યાનો અનુભવ કરો. પરમાત્માની શકિત દ્વારા જમીન, પાણી, જીવ જંતુ પણ પાવન બની રહ્યાં છે. પાક નિરોગી બનીને વૃધ્ધિ પામી રહ્યો છે. સમગ્ર પ્રદેશમાં પરમાત્માની શકિતના કિરણો મુજ આત્મા દ્વારા ફેલાઇ રહ્યા છે. નુકશાન કારક જીવ જંતુથી અને રોગના કીટાણુઓથી ખેતી મુકત બની રહી છે. એવો અનુભવ કરો. અન્ન અને ધાન્ય સાત્વિક, પૌષ્ટિક અને સ્વાદિષ્ટ બની વૃધ્ધિ પામી રહ્યાં છે. પોતાની ખેતી બાપદાદા સમક્ષ સૂક્ષ્મ વતનમાં પણ ઇમર્જ કરીને બાપદાદાની દૃષ્ટિ મળે તેમ રુહરિહાન કરો. આ પ્રયોગ દરરોજ અમૃત વેળાએ એક જ સમયે કરવાનો છે. પોતાને ઘેર કે ખેતરમાં જઇને જેમ અનુકૂળ હોય તેમ

જરૂર કરો અને પરિણામ પ્રાપ્ત કરો.

દિવસે ખેતી કામ કરતાં કર્મયોગનો અભ્યાસ : જ્યારે ખેતી કામ કરતા હોય ત્યારે પોતાના ખેતરોને પૃથ્વીના ગોળા પર ઈમર્જ કરો. બાબાની સર્વશકિતઓના કિરણો મારા પાક પર વરસી રહ્યાં છે. હું આત્મા ફરિસ્તા સ્વરૂપે ખેતી કામ પ્રસન્ન સ્વરૂપે કરી રહ્યો છું. શાંત અને એકાગ્ર સ્વરૂપે રહી શકિતનો પ્રયોગ કરો. આપના સાથીઓ પણ આ સ્થિતિ ધારણ કરીને કાર્ય કરે તે જરૂરી છે. ખેતી કાર્ય દરમિયાન શુધ્ધ અને શકિતશાળી શુભ વિચારોનો પ્રવાહ વહે એનું ધ્યાન રાખવાથી પોતાનું અને સર્વનું જીવન આનંદમય બની જાય છે.

સૃષ્ટિનું પોષણ અને રક્ષણ કરવું એ માનવ ધર્મ છે. મનુષ્યના સારાં યા ખોટાં વિચારો અને ભાવોનો પ્રભાવ વનસ્પતિ પર જરૂર પડે છે. એનો અનુભવ જૈવિક ખેતીમાં જોવા મળે છે. વિકાર યુકત ભાવોથી વનસ્પતિ (છોડ વગેરે) ની શકિત ઓછી થાય છે. અને પોઝીટીવ વિચાર ધારાથી તથા શુધ્ધ ભાવનાથી વનસ્પતિની શકિતમાં વૃધ્ધિ થાય છે. આ ઉપરાંત નકારાત્મક વિચારો અને ભાવોથી પેદા થયેલ અન્ન પાછું આપણા ભોજનમાં આવવાથી તન–મન બંને પર અસર થવાથી બિમારી અને દુ:ખનું ચક્ર જીવનમાં ચાલ્યા કરે છે. પોઝીટીવ વિચારો અને રાજયોગના પ્રયોગો દ્વારા ઉત્પન્ન અન્નનું ભોજન સુખ, શાંતિ, આનંદ અને સંતોષ તેમજ સમાધાનનું ચક્ર તૈયાર કરે છે.

કોઈપણ પ્રકારના બીજ વાવતાં પહેલાં બીજ ને દૃષ્ટિ દ્વારા સકાશ આપો. બીજ ને બાબા શકિત આપી રહ્યા છે–એવા સંકલ્પ સાથે આત્મિક પવિત્રતાની શકિતનું સૂક્ષ્મ કવચ તૈયાર કરી દો. પછી બાબાની યાદમાં બીજ ને જમીનમાં વાવો. એ મુજબ કોઈપણ પ્રકારનું ખાતર ઉપયોગ કરતી વખતે દૃષ્ટિ અને સકાશનો પ્રયોગ કરો. બાપદાદાનું નીચે ધરતી પર આહ્વાન કરો તે પછી સૂક્ષ્મ વતનમાં જઈ ખાતરને બાબાની સમક્ષ રજૂ કરી શકિતશાળી બનાવો. પછી ખાતરનો પ્રયોગ કરો. કોઈ ટોનિક કે દવાના છંટકાવ વખતે આ જ વિધિનો પ્રયોગ કરો. ડાયરેકટ વતનમાં જઈ બાપદાદા સાથે રહીને છંટકાવ કરી રહ્યા છો એવો અનુભવ કરો. આમ કરતી વખતે શ્રધ્ધા ભાવનાની સાથે દ્રઢતા તથા બાબામાં નિશ્ચય બુધ્ધિ હોય તે ખૂબ જરૂરી છે.

૨. આત્માના મૂળ ગુણો પર આધારિત રાજયોગનો અભ્યાસ :

પ્રથમ પોતાને શરીરથી ભિન્ન આત્મા નિશ્ચય કરી સ્વ સ્વરૂપ–હું જયોતિર્બિંદુ પ્રકાશ સ્વરૂપ છું........... હું આત્મા શાંત સ્વરૂપ, સુખ સ્વરૂપ, પ્રેમ સ્વરૂપ તથા આનંદ સ્વરૂપ છું.................... હું આત્મા શકિત સ્વરૂપ, પવિત્ર સ્વરૂપ છું..................... આ આત્માના ગુણોનો અનુભવ કર્યા બાદ પરમધામમાં પરમપિતા પરમાત્માને યાદ કરો................... પરમપિતા પરમાત્મા શિવબાબા પણ પ્રકાશ સ્વરૂપ, સુખ શાંતિના સાગર છે...................

આનંદના સાગર છે. તથા પવિત્રતાના સાગર છે. શકિતઓના ભંડાર છે.............. હું આત્મા તેમની સ્મૃતિમાં સંપૂર્ણ પવિત્ર, શાંત સ્વરૂપ અને શકિત સ્વરૂપ બની રહી છું. જ્ઞાન સૂર્ય પરમાત્માના કિરણો મુજ આત્માને ભરપૂર કરી સંપૂર્ણ બનાવી રહ્યા છે. હું અપાર શાંતિ, આનંદ અને અતિન્દ્રિય સુખનો અનુભવ કરી રહી છું................. હું આત્મા પરમાત્માની સર્વશકિતઓથી સંપન્ન બની રહ્યો છું................. પરમાત્મા દિવ્ય ગુણોનો ભંડાર છે. મુજ આત્માને દિવ્ય ગુણોથી ભરપૂર કરી રહ્યા છે. યોગ સ્થિતિમાં મનને સ્થિર કરીને ઉપર દર્શાવેલા સંકલ્પો પર એકાગ્ર થવાનો અભ્યાસ વધારતા જવાનો છે. એ એક સંકલ્પ માટે એક મિનિટ પછી બે મિનિટ પછી ત્રણ–પાંચ મિનિટો સુધી સંકલ્પોમાં સ્થિર રહેવાનો અભ્યાસ પાકો કરવાનો છે. આ રાજયોગના અભ્યાસ માટે અમૃત વેળા બ્રહ્મમૂર્હુતનો સમય ૪ થી ૫ વાગ્યાનો સર્વ શ્રેષ્ઠ છે. કારણ કે આ સમય ચારેય દિશામાં વાતાવરણ શાંત અને મન તાજગી ભરેલું હોય છે. પોતાના ઘરમાં એક નિશ્ચિત એકાંત સ્થાન પર બેસીને અભ્યાસ કરવામાં સફળતા સહેલાઈ થી મળશે.

આત્મ સ્વરૂપે રહી જ્યારે શ્રેષ્ઠ સંકલ્પો દ્વારા પરમાત્માને તેમજ પરમધામને યાદ કરીએ ત્યારે બુધ્ધિ દ્વારા આ દૃશ્યને પણ જુઓ–ઈમર્જ (વિઝયુલાઈઝ) કરો. જે પાક પર યોગના વાયબ્રેશન ફેલાવી રહ્યા હો તે પાકને પણ બુધ્ધિ રૂપી ત્રીજા નેત્ર (આત્મા) સમક્ષ પ્રત્યક્ષ કરો. આમ પાંચ મિનિટ સુધી એકાગ્રતા પૂર્વક યોગ કરો. આ અભ્યાસ દ્વારા ખેતીની પેદાશ યા પાકમાં ચમત્કારિક પરિવર્તન જોવા મળશે. આત્મિક સ્થિતિમાં રહીને આત્માના સાતેય ગુણોનો પ્રયોગ કરવાથી નીચે પ્રમાણે લાભ થાય છે.

જ્ઞાન સૂર્ય પરમાત્માની સ્મૃતિમાં રહેવાથી વનસ્પતિની વૃધ્ધિ માટે જરૂરી તત્વોની ઉપલબ્ધિ જમીનમાં વધે છે. વનસ્પતિ યા છોડ તેને જરૂરી તત્વો જમીનમાંથી શોષી લે છે. જમીન પોતે છોડના મૂળને તત્વોની પ્રાપ્તિ કરવાનો સંકેત કરે છે. જ્યારે આત્માના પોઝીટીવ વાયબ્રેશન વનસ્પતિ અને પાક સુધી પહોંચે છે, ત્યારે તેનામાં પ્રેરણાત્મક રૂપે પ્રક્રિયાનો આરંભ થાય છે. જમીનમાંથી અન્નના પૌષ્ટિક ઘટકો મૂળિયા દ્વારા પાંદડા અને ડૂડાંઓ સુધી પહોંચાડવાનું કાર્ય ગુપ્ત રીતે સંચાર પામે છે. તેમજ અન્ન, ધાન્યની વૃધ્ધિ આપોઆપ સંભવે છે. આવી આનંદાશ્ચર્યજનક પ્રાપ્તિનો પ્રયોગ જરૂર કરવો જોઈએ એમ લાગે છે ને?

પ્રયોગ :

૧. એક વાસણમાં પાણી લો. અને તેમાં પોતાની આંગળી રાખો પછી અભ્યાસ કરો હું આત્મા જ્ઞાન સ્વરૂપ છું, શાંતિ, શકિત સ્વરૂપ છું, પવિત્ર સ્વરૂપ છું. જ્ઞાન સૂર્ય પરમાત્માના કિરણો મુજ આત્મા સુધી આંગળીના માધ્યથી આ પાણીમાં પ્રવેશી રહ્યા છે. ઓછામાં ઓછી દસ

મિનિટ સુધી આ સંકલ્પમાં એકાગ્ર બની રહો. પછી આ પાણીનો છંટકાવ ફસલ પર કરો. આવા ભાવનાત્મક પ્રયોગનો લાભ મળ્યાના ઉદાહરણો છે.

૨. જ્યારે આપણે આત્મ સ્વરૂપે પવિત્રતાના સાગર પરમાત્માની સ્મૃતિમાં એકાગ્ર થઈએ, ત્યારે આપણા દ્વારા નીકળતા પવિત્ર પ્રકંપનો જમીન કે વનસ્પતિમાં પેદા થતાં કીટાણું, રોગ કે વાયરસનો નાશ કરે છે, તેમજ જમીન અને પાકને નિરોગી બનાવે છે. આ પ્રકારના વાયબ્રેશનથી જમીન અને વનસ્પતિ બન્નેમાં જંતુ અને રોગ કે વાયરસનો પ્રતિકાર કરવાની વિશેષ શકિતનું નિર્માણ થાય છે. યોગની શકિતવાળા પાણીનો છંટકાવ પણ પાકને જંતુ યા રોગ મુકત રાખી શકે છે.

૩. એજ રીતે શાન્તિના પ્રકંપનો દ્વારા વનસ્પતિમાંથી તણાવ દૂર થઇ શાંત પ્રક્રિયા શરૂ થાય છે. વનસ્પતિમાં શ્વસન ક્રિયા, પ્રકાશ સંશ્લેષણ ક્રિયા તથા જરૂરી જીવાણું નિર્માણ પ્રક્રિયા સરળ રીતે થાય છે. પ્રકૃતિ પણ શાંતિના પ્રકંપનો ફેલાવી શકે છે.

૪. આત્માના સુખ સ્વરૂપ, આનંદ સ્વરૂપ તથા પ્રેમ સ્વરૂપનો એક પછી એક અભ્યાસ કરી લવલીન અવસ્થામાં રહી પ્રકંપનો ફેલાવવાથી પાકમાં વૃધ્ધિની સાથે સાથે પૌષ્ટિકતા, સ્વાદિષ્ટતા, મીઠાશ વગેરેની માત્રા પણ વધે છે.

૫. જ્યારે આપણે શકિત સ્વરૂપ થઇ સર્વશકિતવાન પરમાત્માની યાદમાં મગન રહી પ્રકંપનો પ્રસાર કરીએ છીએ ત્યારે જમીન તાકાતવાળી, પાક જંતુ અને રોગમુકત બને છે. ખેતી વધુ ઊપજાઉ અને સાત્વિક બની રહે છે. કહેવત છે કે  જેવું અન્ન તેવું મન, અને જેવું મન તેવું તન.....  આમ અન્નની સાત્વિકતા, પૌષ્ટિકતા અને મીઠાશની અસર માનવીના મન અને તન બન્નેને નિરોગી અને સુખદાયક બનાવે છે. આ રીતે રાજયોગ એક સંપૂર્ણ આધ્યાત્મિક વિજ્ઞાન છે. મનની સૂક્ષ્મ શકિતઓને જાગૃત કરીને અસંભવ કાર્યોને પણ સંભવ બનાવતી શ્રેષ્ઠ વિદ્યા છે.

રાજયોગની ગુપ્ત વિદ્યા એ જીવનને સંપૂર્ણ અને શ્રેષ્ઠ બનાવવાની કળા પણ છે. દૂર રહીને પણ રાજયોગ દ્વારા પરમાત્મ શકિત, માત્ર વનસ્પતિ જ નહીં વ્યકિત અને વિશ્વનું પરિવર્તન પણ કરી શકે છે.

૬. જ્યારે આનંદ સ્વરૂપમાં એકાગ્ર બનીને આનંદ સાગરમાં ખોવાઇ જઈએ છીએ છે, ત્યારે જમીનની અંદરના હોર્મોન્સ વધે છે. વનસ્પતિઓમાં ફૂલ અને ફળની ધારણા ઘણી સારી થાય છે. વનસ્પતિઓમાં તેજ આવી જાય છે. ફળમાં કે અનાજમાં પણ ચમક આવે છે, અને સ્વાદ વધે છે. પુર્નઉત્પાદનની શકિત આ વાયબ્રેશનમાંથી વનસ્પતિઓને મળે છે.

૭. જ્યારે આત્મા, શકિત સ્વરૂપ બનીને સર્વશકિતમાનની યાદની લગનીમાં મગ્ન થાય છે, ત્યારે આત્મા દ્વારા નીકળતી શકિતઓના પ્રકંપન જમીન ને શકિતશાળી બનાવે છે, પાકમાં યોગ્ય જીવાણુઓની માત્રા વધે છે. વનસ્પતિ સુદ્રઢ શકિતશાળી બનીને વધે છે. કોઈપણ રોગ કે કીટાણુંઓનો પ્રભાવ વનસ્પતિ પર નથી પડતો. ઉત્પાદન વધારવા માટે આપણા શકિતશાળી પ્રકંપન ઘણી જ મદદ કરે છે.

એવા જ દિવ્યગુણોની અનુભૂતિ, પરમાત્માની યાદમાં કરવાથી, અનાજની ઉત્પાદકતામાં સાત્વિકતા આવે છે. જે અનાજ અન્નના રૂપમાં માનવીના મન પર પ્રભાવ પાડે છે. કહેવત છે કે જેવું અન્ન તેવું મન અને જેવું મન તેવું તન........ . આ પ્રકારે રાજયોગ સંપૂર્ણ વિજ્ઞાન છે, જે મનની સૂક્ષ્મ શકિતઓનો સ્ત્રોત છે. રાજયોગની શકિત એવું મહાન કાર્ય કરી શકે છે. જે વિજ્ઞાનથી પણ શ્રેષ્ઠ અને આગળ લઈ જનારી છે. અને અસંભવ પણ સંભવ બની જાય છે, જેવી રીતે.......

૧. ઘણી વાર આપણે પોતાના પ્રયોગ વાળી ખેતીને પરમધામમાં લઈ જઈને પરમાત્મ શકિતઓથી ભરપૂર કરી શકીએ છીએ. જે આત્મા અને પરમાત્માનું મૂળ રહેવાનું સ્થાન છે. જેને પરમધામ અથવા બ્રહ્માંડ કહે છે. એવી રીતે કયારેક પરમાત્માને નીચે આહ્‌વાન કરીને, જમીન તથા પાકને શ્રેષ્ઠ સંકલ્પોના પ્રકંપન આપીએ. કોઈપણ બીજને જમીનમાં વાવતા પહેલાં, બીજ ને પણ આધ્યાત્મિક શકિતઓથી ભરપૂર કરીએ. બીજની અંદર જે ઉર્જા હોય છે, તેને પરમાત્મ શકિતઓના પ્રકંપન આપીને, બીજની બહારની પવિત્રતાની શકિતનું કવચ બનાવીએ અને પરમાત્માની યાદમાં બીજની વાવણી કરો. કોઈ બીજી વ્યકિત બીજ વાવે છે. ત્યારે પણ આપણે ગમે ત્યાં બેસીને આવો જ સંકલ્પ કરી શકીએ છીએ.

એ જ રીતે ખેતરમાં કોઈ કામ કરીએ છીએ ત્યારે આત્મઅભિમાની બનીને પરમાત્માને યાદ કરવાથી આપણી અંદરથી નીકળનારા શ્રેષ્ઠ પ્રકંપનોથી જમીન અને પાક પર બહુ સુંદર પરિણામ દેખાય છે. વળી આપણે કોઈવાર પોતાના ખેતરથી દૂર કયાંક બહારગામ વગેરે ગયા હોઈએ ત્યારે પણ આપણે યોગની વિધિ દ્વારા સંકલ્પોથી પોતાના ખેતરથી એકદમ નજીકનો અનુભવ કરી શકીએ છીએ. કેટલાય દૂર હોઈએ તો પણ આપણા સંકલ્પો વનસ્પતિ અને જમીન સુધી પહોંચે છે. એ જ રીતે વ્યકિત ભલે નજીક હોય કે કેટલાય દૂર હોય તો પણ તે સમાન વિચારો વાળા મિત્રોની જેમ પોતાના સંકલ્પોના આધારથી પોતાની આંતિરક ભાવનાઓને વનસ્પતિ સુધી પહોંચાડી શકે છે. અને વનસ્પતિઓ પણ તેનો પ્રત્યુતર આપે છે. આ ભાવ–ભાવનાને રોકવાનું કામ કોઈ વિધુત ચુંબકીય શકિત પણ નથી કરી શકતી.

૨. જમીનમાં જૈવિક ખાતરનો ઉપયોગ કરીએ છીએ ત્યારે, એ ખાતરને પણ પરમાત્મ શકિતઓથી શાંતિ, પવિત્રતા અને જ્ઞાનના પ્રકંપનોથી ભરપૂર કરીએ. સંકલ્પ કરીએ કે આ ખાતર પાકને

નિરોગી અને સુદ્રઢ બનાવવામાં મદદ કરશે. પાક પર ટોનિક છાંટતી વખતે જ્ઞાન, શાંતિ, સુખ, શકિત, આનંદ અને પ્રેમના પ્રકંપનો આપીએ અને રોગપ્રતિબંધક ટોનિકને પવિત્રતાના પ્રકંપનોથી ભરપૂર કરીએ.

આવો પણ પ્રયોગ કરીએ–ખાતરની ઉપર હાથ રાખીને સંકલ્પ કરો કે મુજ આત્મા દ્વારા પરમાત્મ શકિત અને પવિત્રતાના પ્રકંપન ખાતરમાં મળી રહ્યા છે.

અહી પણ આપણે ટોનિક છાંટતા પહેલાં આ દવામાં આંગળી મૂકીને સુખ, આનંદના પ્રકંપનોથી ભરપૂર કરીએ અને કીટનાશક રોગપ્રતિબંધક દવાઓ છાંટતી વખતે પણ પવિત્રતાના પ્રકંપનોથી ભરપૂર કરીએ.

૩. પાકની ઉપર છાંટતી વખતે અનુભવ કરીએ કે છંટકાવની સાથે પરમાત્મ શકિતઓ પણ પાકમાં ઉતરી રહી છે. અને બધા જ કીટકો ભાગી રહ્યા છે. પાક પણ નિરોગી શકિતશાળી બની રહ્યો છે.

આ રાજયોગના અભ્યાસમાં પ્રયોગ કરવા માટે દ્રઢતા અને નિશ્ચયની અત્યંત આવશ્યકતા છે. સફળતા ત્યારે જ મળે છે, જયારે એમાં પરમાત્મા દ્વારા મળેલા નિયમ પ્રમાણે ચાલ–ચલગત અને કાર્ય હોય. સવારે રાજયોગનો અભ્યાસ(અમૃતવેળા), પરમાત્માના મહાવાકયો(મુરલી કલાસ) નું શ્રવણ અવશ્ય કરવું જોઇએ, ત્યારે જ સફળતા ચરણોની દાસી બનીને રહેશે.

વનસ્પતિ અને છોડવાઓ પર વૈજ્ઞાનિકો દ્વારા થયેલા પ્રયોગો :

૧. પ્રસિધ્ધ વિજ્ઞાની સર જગદીશચંદ્ર બોઝે સાબિત કર્યું છે કે વનસ્પતિમાં પણ માનવીની જેમ ક્રિયાઓ થતી હોવાથી તેનામાં પણ ચેતના છે. તેઓ શ્વાસ લે છે, અન્ન હજમ કરે છે, હલન–ચલન કરી શકે છે. તેમનામાં પણ સુખ–દુ:ખ–ભય–આનંદની લાગણીઓ હોય છે. તેઓ પણ સંદેશ ગ્રહણ કરી શકે છે. તેમજ પ્રતિક્રિયા પણ આપી શકે છે. તેઓએ વનસ્પતિની હલચલ અને પ્રતિક્રિયા રેકોર્ડ કરતા મશીનની શોધ કરી હતી. જેના આધારે તેમણે સાબિત કર્યું છે કે વનસ્પતિનો નાશ કરનાર વ્યકિતના આગમનથી તે ભયભીત થાય છે. મૃત્યુ સમયે મનુષ્ય અને પ્રાણીઓની જેમ વનસ્પતિ પણ ભય, દુ:ખ અને વેદના અનુભવે છે.

૨. પ્રસિધ્ધ વૈજ્ઞાનિક કલીવ બેકસ્ટરે સર જગદીશચંદ્ર બોઝના સંશોધનોને આગળ વધારી સિધ્ધ કર્યું કે વનસ્પતિમાં પણ ભાવનાઓ હોય છે. તે મનુષ્યના મનના ભાવો સમજી જાય છે. એમણે લાય ડિટેકટર નામના મશીનની મદદથી વનસ્પતિ પર કેટલાક પ્રયોગો કર્યા. મનુષ્યોના મનોભાવને કારણે વનસ્પતિના શરીરનો ઉર્જા પ્રવાહ ઓછો–વત્તો થાય છે. એ પ્રભાવને, ભાવનાથી થનારા અવરોધ, ગેલવ્હાના મીટર દ્વારા માપી શકાય છે. મનુષ્યની જેમ જ વનસ્પતિ

પણ મનની લાગણીઓની પ્રતિક્રિયા આપે છે. આ જાણવા માટે ડ્રેસિના નામની વનસ્પતિનું પાંદડું યંત્ર સાથે જોડી દીધું. પછી મનમાં વિચાર્યુ કે આ પાંદડાંને સળગાવી દઈએ. નવાઈની વાત નોંધવામાં આવી કે પાનને સળગાવવાનો વિચાર મનમાં આવતાં જ, દિવાસળી હાથમાં લેતાં પહેલાં જ, તરત જ યંત્ર પરની સોય આલેખ પર જોરજોરથી વિરોધ દર્શાવવા માંડી. એથી સિધ્ધ થયું કે મનના વિચારોને વનસ્પતિએ સમજી લીધા. બીજીવાર ઈચ્છા વિના, પાંદડું સળગાવવાનું નાટક કર્યું, તે વખતે વૃક્ષની પ્રતિક્રિયા મંદ હતી. આથી સિધ્ધ થાય છે કે વૃક્ષને સાચા–જૂઠાના તફાવતની ખબર પડે છે. (માણસની જેમ)

ત્યારબાદ આ વિજ્ઞાનીએ લગભગ ૨૫ પ્રકારના વૃક્ષો પર, અલગ અલગ વ્યકિતઓ દ્વારા લાય ડિટેકટર દ્વારા પ્રયોગ કરાવ્યો. બધી વખત પહેલાં કરેલા પ્રયોગની જેમ જ પ્રતિક્રિયા દેખાઈ. આથી સિધ્ધ થાય છે કે વનસ્પતિમાં પણ સંવેદનાઓ હોય છે. તેઓએ આ ઉપરાંત એમ પણ જણાવ્યું કે કોઈ પણ વૃક્ષ યા છોડ સાથે તેની દેખરેખ રાખનારનો સંબંધ અતૂટ હોય છે. પાલન કરનાર ખેડૂત નજીક હોય કે દૂર, મિત્રોની જેમ, વૃક્ષ–છોડ વગેરે પણ ખેડૂતની ભાવનાઓનો પ્રતિસાદ (પડઘો) પાડે છે. આ ભાવનાઓ અટકાવવાનું કામ વિધુત ચુંબકીય શકિત પણ કરી શકતી નથી.

મનોભૌતિક શાસ્ત્રના પિતા "ફેહનરે" પોતાના પ્રયોગો દ્વારા સિધ્ધ કર્યુ કે વનસ્પતિનું આગવું વ્યકિતત્વ હોય છે. છોડને પોતાના ઉપર ઉગનાર અન્ન યા ધાન્યના ડૂંડાની કેટલી જરૂર છે, એની એને ખબર પડે છે, તેમજ પોતાની જરૂરત પ્રમાણે તે પ્રાપ્ત પણ કરી લે છે. ફકત તેને જાણવા અને પ્રાપ્ત કરવાનો માર્ગ અલગ છે.

* એજ પ્રમાણે ચાર્લ્સ ડાર્વિન નામના વૈજ્ઞાનિકે સ્પષ્ટ કર્યું કે વનસ્પતિમાં એવી કોઈ અજનબી શકિત હોય છે, જેનાથી વનસ્પતિને સમજણ યા બુધ્ધિ પ્રાપ્ત થાય છે.  પાવર ઓફ મુવમેન્ટ ઈન પ્લાન્ટ્સ  નામે પુસ્તકમાં એમણે લખ્યું છે કે વનસ્પતિના મૂળિયાના રેસા પર જે જીવાણું હોય છે. તેઓ મગજની જેમ કાર્ય કરે છે. આ રેસાઓ સંદેશ ગ્રહણ કરે છે તેમજ હલચલ (વિધા) ને નિયંત્રિત કરે છે.
* વનસ્પતિઓનો જાદુગર લ્યૂથર બરબેકે પ્રયોગ દ્વારા નિવડૂંગ નામે વૃક્ષને વિનંતી કરી કે તે પોતાના કાંટા કાઢી નાંખે. નિવડૂંગે આ વિનંતી માની અને પોતાના રક્ષણ માટે કાઢી નાખવાની તૈયારી બતાવી. આ વિજ્ઞાની પાસે પ્રકૃતિ તથા વૃક્ષો અને છોડવાઓ સાથે વાતચીત કરવાની શકિત હતી. ૧૮ એપ્રિલ, ૧૯૦૬ માં થયેલા ભૂકંપ વખતે સાનફ્રાન્સિસકોનો નાશ થયો. વિજ્ઞાની બરબેકનું મકાન ભૂકંપના કેન્દ્ર બિંદુની નજીક હતું, તો પણ તેના મકાનની બારીઓનો

એક પણ કાચ તૂટયો ન હતો. બરબેકનું કહેવું એ જ હતું કે કુદરત સાથે હૃદયની દોસ્તી જોડાયાનું આ પરિણામ હતું.

* અમેરીકાના જગપ્રસિધ્ધ વૈજ્ઞનિક જ્યોર્જ વાશિંગ્ટન કાવ્હરના ખેતી સંબંધિત વિભિન્ન પ્રયોગો જોઈને કેટલાક લોકોએ તેમને પૂછયું કે આપના જેવા પ્રયોગ અને અનુભવ બીજા કોઈ કરી શકે કે કેમ? તો, તેમણે તેમનો હાથ ટેબલ પર પડેલા બાઈબલ પર મૂકીને જવાબ આપ્યો કે એનું રહસ્ય આમાં છુપાયેલું છે—પરમાત્મ આશ્વાસનોમાં. કેવળ એ આશ્વાસનો જ સત્ય છે. એમાં જ અસીમિત તાકત છે. જેમને તેમાં (ધર્મ અને આધ્યાત્મમાં) શ્રધ્ધા અને વિશ્વાસ હોય તે સર્વ મારા જેવી અનુભૂતિ કે પ્રયોગ કરી શકે છે. પરંતુ તેના માટે પ્રકૃતિ તથા વૃક્ષ—વનષ્પતિને પ્રેમ કરવો પડશે.
* ભારતીય વનસ્પતિ શાસ્ત્રજ્ઞ ડો. ટી. સી. સિંગે ચેન્નઈના અન્નામલાઇ વિશ્વ વિધાલયમાં વાંસળી, વાયોલિન, વીણા, હારમોનિયમ વગેરે વાંજીત્રો દ્વારા વનસ્પતિ પર અનેક પ્રયોગો કરીને સિધ્ધ કર્યું છે કે વૃક્ષો, છોડ, ફળ, ફુલ, બીજ કે પાક વગેરેના વૃધ્ધિ—વિકાસ પર સંગીતનો ખૂબ જ સુંદર ૫૦% ભાવ દેખાય છે. એક પ્રયોગ દ્વારા પાંદડાની સંખ્યા ૭૨૫ વધી ગઈ અને વૃક્ષનો વિકાસ વધુ જણાયો. મદ્રાસ તેમજ પૉંડિચેરી નજીકના સાત ગામોમાં એમણે સંગીતના પ્રયોગ દ્વારા ૨૫ થી ૬૦% ની વૃધ્ધિ મેળવી. ફૂલોના બગીચામાં પાયલ વિના ભરતનાટયમ્ નૃત્યનો પ્રયોગ કર્યો, તેથી બગીચામાં ૧૫ દિવસ પહેલાં જ ફૂલો ઊગવાં લાગ્યાં. એનું કારણ નૃત્યના લય દ્વારા પ્રસ્ફુટિત આનંદની સંવેદનાઓ ફુલોના છોડવાઓએ જમીનમાંથી મૂળિયા દ્વારા ગ્રહણ કરી હશે. જેનો પ્રભાવ ફુલોના જલ્દી ઉગવામાં પ્રગટ થયો હશે. એવું સ્પષ્ટ અનુમાન તેમણે વ્યકત કર્યુ.
* ડો. હેમાંગી જાંભેકરને નૈસર્ગિક શકિતઓના નિયોજન નામે લેખમાં સ્પષ્ટ કર્યું છે કે સૌર ઉર્જા, ચાંદ ઉર્જા અને વિશ્વની ઉર્જા દ્વારા ધરતીને સજીવ કરવી. કમ્પોસ્ટિંગના માટે ક્ષાર વાળી જમીનની સુધારણા કરવી જરૂરી છે. તથા ધરતીની અંદર રહેલા જીવાણું તથા કીડાઓને ઉર્જા નિયંત્રણ દ્વારા ઉર્જા સંપન્ન ગતિશીલ અને કાર્યક્ષમ કરી શકાય છે. કમ્પોસ્ટિંગની ગતિશીલતા તેમજ શેરડીમાં સુગરની માત્રાની વૃધ્ધિ ઉપરાંત જંતુઓના નાશ તથા રોગ નિવારણ ઓછામાં ઓછી દવાઓના છંટકાવથી શકય બને છે. ખેતીની પેદાશ તથા ગુણવત્તામાં કમાલની સુધારણા થાય છે. ઉપરોકત ઉદાહરણોથી સિધ્ધ થાય છે કે મનની શકિતઓ અને શુભ ભાવનાઓ તથા સંગીત કળાઓનો પ્રકૃતિ પર પ્રભાવ પડે છે. મનની એકાગ્રતા અને રાજયોગના પ્રકંપનોનો પ્રભાવ, વનસ્પતિ, પાક અને જમીન પર સકારાત્મક રૂપે પડે છે. તેનો અનુભવ કરવો જોઈએ.

રાજયોગની વિધિ દ્વારા પરમાત્મ શકિતના વાયબ્રેશન જમીન તથા વનસ્પતિ સુધી પહોંચાડી શુધ્ધ, પૌષ્ટિક અને સાત્વિક અન્નનું ઉત્પાદન કરવું જરૂરી છે. અસંભવ સંભવ બનશે અને આપની ખેતી વિશ્વના મંચ પર પ્રભાવશાળી પ્રયોગશાળાનું ઉજ્વળ ઉદાહરણ બની જશે.

વિશેષ :

૧. બાપદાદા શબ્દનો પ્રયોગ સર્વશકિતમાન નિરાકાર પરમાત્મા શિવ તથા તેમના સાકાર માધ્યમ પ્રજાપિતા બ્રહ્મા બન્ને માટે કર્યો છે.
૨. સૂક્ષ્મ વતન અર્થાત પાંચ તત્વોના માંડવા નીચેની સાકારી સૃષ્ટિથી ખૂબ દૂર આકારી દુનિયા જ્યાં આત્મા સંપૂર્ણ પવિત્ર–પ્રકાશ સ્વરૂપ, ફરિશ્તા સ્વરૂપે રહે છે. આ વતનને અવ્યકતમાં સૂક્ષ્મ વતન કહે છે.
૩. રાજયોગની વિધિ અને પ્રયોગ વિશે જાણકારી પ્રાપ્ત કરવા માટે બ્રહ્માકુમારીઝ રાજયોગ કેન્દ્રનો સંપર્ક કરી સાપ્તાહિક કોર્ષ (રોજ માત્ર કલાક) કરી શકાય.

# સૈન્દ્રિય ખાતર તથા જૈવિક(સજીવ) ખાતરની માહિતી

આત્મા, પરમાત્મા અને પ્રકૃતિનો ખેલ અનાદિ, અદ્‌ભુત અને અનોખો છે. જેનું રહસ્ય સ્વયં જ્ઞાનસાગર પરમાત્મા પિતાએ પ્રગટ કર્યું છે. આત્મા, પ્રકૃતિ (શરીર) ના આધારે પોતાનું પાત્ર આ અનાદિ અનંત નાટકમાં યથા યોગ્ય બજાવે છે. સાથે સાથે પ્રકૃતિએ સર્જેલા વૃક્ષો, છોડ વગેરે વનસ્પતિના પોષણની વ્યવસ્થા જ્યાં જરૂર છે ત્યાં કરે છે. જમીનમાં જે તત્વો છે તેમાંથી જે જોઈએ તેને પેદા કરવાની શકિત વૃક્ષ, છોડવાઓ તેમજ જમીનમાં પણ નિર્માણ કરેલી છે. પરંતુ કુદરતની આ વ્યવસ્થાને આપણે માનવ આત્માઓએ જ બગાડી નાખી છે. આજે રાસાયણિક ખાતરો, જંતુનાશક તેમજ તૃણનાશક દવાઓના ઉપયોગથી અને વૃક્ષોનો નાશ કરવાથી વનસ્પતિની પોષણ વ્યવસ્થામાં હસ્તક્ષેપ થવાથી ગડબડ પેદા થઈ ગઈ છે. જમીન સત્વહીન બની ગઈ છે. આ જમીનને ફરીથી શકિતશાળી બનાવવા માટે સૂક્ષ્મ પર્યાવરણની સાથે જમીનમાં સેન્દ્રિય સજીવ ખાતરનો ઉપયોગ કરવો જરૂરી છે તથા આધ્યાત્મિક શકિતનો સહારો લેવાનું પણ આવશ્યક બન્યું છે.

સૌ પ્રથમ આ વાત ધ્યાનમાં લેવાની છે કે કોઈપણ પાક કાપ્યા પછી જમીનમાં રહેલાં મૂળિયાં, તણખલાં અને નિંદામણ રહી જાય છે. તેને ખોદી કાઢવાની કે સળગાવી દેવાની પણ જરૂર નથી. પરંતુ તેને જમીનની અંદર દબાવી દેવાના છે. પાક લીધા બાદ અન્નનો ભૂકો, ઘઉંનો ભૂકો, મગફળીના ફોતરા વગેરેને જમીન પર પાથરી દીધા પછી ઊંધું હળ ચલાવીને એને જમીનમાં ભેળવી દેવું. એથી જમીનના સજીવ પદાર્થો વધે છે.

રસાયણો દ્વારા અત્યાર સુધી આપણે જીવ જંતુને મારીને ખેતી કરી છે. હવે આપણે જીવ જંતુને ફરીથી વધારીને ખેતી કરવાની છે. આથી પૌષ્ટિક અને સાત્વિક અનાજ મળશે. આ છે વર્તમાન સમયનો તકાદો–જે જમીનને આપણે રાસાયણિક ખાતરોના ઉપયોગથી શકિતહીન બનાવી દીધી તેને ફરીથી સજીવ શકિતવંત કરવાની છે. કારણ કે સારા પાકનો આધાર જીવ જંતુ પર છે. આ માટે નીચેના પ્રયોગો આપણે કરવા જોઈએ. વિશેષ પ્રથમના ત્રણ પ્રયોગો તો જરૂર કરવાના પછીના પ્રયોગો ખેતીના પાકની જરૂરીયાત કે સગવડ અનુસાર કરી શકાય.

**પ્રથમ પ્રયોગ–જીવામૃત :** દેશી ગાયનું છાણ ૧૦ થી ૧૫ કિલો, દેશી ગાય–બળદનું ગૌમૂત્ર ૫ થી ૧૦ લીટર, કાળો ગોળ ૨ કિલો અથવા ૪ લીટર શેરડીનો રસ, દ્વિદળ કઠોળ (ચણા, મગ કે અળદ) નો લોટ ૨ કિલો, સજીવ માટી (નહેર ની ખેતરની, વાડ યા શેઢા પરની માટી) ૧ કિલો, અને ૨૦૦ લીટર પાણી. આ બધું જ એક પીપમાં ૨ થી ૭ દિવસ સુધી છાંયડામાં રાખવું. દરરોજ દિવસમાં બે વાર લાકડીથી ગોળ ફેરવવું. પછી તેનો જમીન પર ઉપયોગ કરવો. એક એકર જમીનમાં આ મિશ્રણને પાણી સાથે ધીમે ધીમે જમીન પર પાથરી દેવું. જમીન ભીની હોય ત્યારે આ મિશ્રણ ડોલમાં લઈને લીમડાના પાનની ડાળી વડે જમીન પર છંટકાવ કરવો આ પધ્ધતિને જીવામૃત

કહેવાય છે. આ પ્રમાણે દર ૧૦–૧૫ દિવસે પાણી આપતી વખતે કરતા રહેવાનું છે.

બીજો પ્રયોગ : (૧) અંગારા : વડના ઝાડ નીચેની ૧૫ કિલો માટી લઈને જ્યારે ખેતીની જમીન સૂકી હોય ત્યારે તેમાં પાથરી દેવું (૨) અમૃત પાણી : દેશી ગાયનું ઘી–૨૫૦ ગ્રામ, મધ–૫૦૦ ગ્રામ, દેશી ગાયનું તાજું છાણ–૧૦ થી ૧૫ કિલો પ્રથમ દેશી ગાયના ઘીને ગાયના છાણ સાથે ભેગું કરી દો. પછી તેમાં ૫૦૦ ગ્રામ મધને ભેળવી દો. પછી જોરથી લાકડી વડે હલાવીને વલોવવું. ત્યારબાદ થયેલા મિશ્રણને ૨૦૦ લીટર પાણીમાં બરાબર ભેળવી દઈને એક એકર જમીનમાં ભીની હોય ત્યારે પાથરી દો અથવા ડોલમાં લઈને લીમડાના પાનની ડાળી વડે જમીન પર છાંટી દો. આ પ્રયોગ દર મહિને કરતાં રહેવું. યાદ રાખો અંગારા અને અમૃત પાણીનો પ્રયોગ એકી સાથે કરવાનો છે. (૩) બીજામૃત : દેશી ગાયનું છાણ–૧ કિલો, ગૌમૂત્ર–૧ લીટર, દેશી ગાયનું દૂધ–૨૦૦ મિલીગ્રામ, ચૂનાનો પાવડર–૫૦ ગ્રામ, હીંગ–૧૦ ગ્રામ, ૨૦ લીટર પાણીમાં ભેળવી દઈ બે રાત રાખી મૂકો. રોજ સવારે મિશ્રણને ડંડાથી હલાવો. કોઈપણ અનાજનું બીજ વાવતા પહેલાં આ દ્રાવણને બીજ ભીંજાય તેટલું બીજ પર છાંટો અને બીજ પર લેપ લગાડીને છાંયડામાં સુકાવા દો, પછી બીજને રોપી દો. કોઈપણ જાતના છોડ રોપતાં પહેલાં તેના મૂળિયાંને આ મિશ્રણમાં ડૂબાડયા પછી વાવો.

ત્રીજો પ્રયોગ "સાત ધાન્યાંકુર" : સાત પ્રકારના ધાન ઘઉં,મઠ,મગ,ચણા, ચોળા,તલ, અળદ, દરેક–૧૦૦ ગ્રામ જેટલું લઈને દરેકને પાણીમાં ભીંજવી ફણગાવવું. ત્યારબાદ ૧૦–લીટર પાણી લઈ પીસવું. પછી ત્રણ દિવસ સુધી તેને સડવા દેવું. ત્યારબાદ ૫૦૦ લીટર પાણી ઉમેરીને તે દ્રાવણને જમીન પર છાંટવું અથવા ફણગાવેલા સાતે ધાન પીસીને ૨ લીટર અર્કને ૨૦૦ લીટર પાણીમાં ભેળવીને ફસલ પર પણ છાંટી શકાય. આ પ્રયોગ ૨૦ કે ૩૦ દિવસમાં કરી શકો છો.

ચોથો પ્રયોગ "અનાજની ખીચડી" : ગાયનું છાણ–૨૦ કિલો, ગૌમૂત્ર–૧૦ લીટર, હયુમિક એસિડ–૨ લીટર, મગ–૧ કિલો, મીઠું–૧ કિલો, અડદ–૧ કિલો, વટાણા–૧ કિલો આ બધું – ૨૦૦ લીટર પાણીમાં નાખી સિમેન્ટની ટાંકીમાં ઢાંકીને મૂકી દો. રોજ બે વાર હલાવતા રહો. સાત થી દસ દિવસ પછી જમીન પર છાંટો કે પાણી સાથે જમીન પર ઢોળી દો. આમાં જીવાણું તથા અળસિયાંની વૃધ્ધિ થાય છે. હ્યુમસ પણ તૈયાર થાય છે. આ પ્રયોગ દરેક મહિને કરી શકો છો.

પાંચમો પ્રયોગ : પાકના સફેદ મૂળિયાંની વધુ વૃધ્ધિ માટે ૮–કિલો ચોખા અને ૫૦ લીટર પાણીમાં ઉકાળીને થયેલ ભાતને ૨૦૦ લીટર પાણીમં મિશ્રણ કરીને એક એકર જમીન પર છાંટો.

છઠ્ઠો પ્રયોગ : ગાયનું દૂધ–૫ લીટર , કાળો ગોળ–૫ કિલો, ગૌમૂત્ર–૫ લીટર આ ત્રણેયનુ ૧૦૦ લીટર પાણીમાં મિશ્રણ કરીને જમીનમાં ડ્રીપ કરીને નાંખવાનું અથવા ડોલમાં લઈને પણ નાંખી શકો છો. આનાથી જીવાણુની માત્રા વધે છે.

સાતમો પ્રયોગ : જમીનને શકિતશાળી બનાવવા માટે, તેમજ જીવાણુંને ટકાવી રાખવા માટે એક એકર જમીન માટે (૧) છ ટન ખાતરનો ઉપયોગ કરવો જોઈએ. જો છાણના ખાતરની અછત હોય તો લીલા ખાતરનો ઉપયોગ કરવો જોઈએ. જેમાં ૧ કિલો કઠોળ જેમ કે મગ, ચણા, અડદ વગેરે અને ૧ કિલો અનાજ (જેમ કે બાજરી, જુવાર, ૧ કિલો તલ, અળસી, સોયાબીન, ૧ કિલો શણ, ઢૈંચા) ભેગું કરીને વાવણી કરવી. વાવણી ૨૫–૩૦ દિવસ બાદ ઊંધું હળ ચલાવવું પરંતુ તે જમીનની નીચે ઘુસી ન જાય તેનું ધ્યાન રાખવું. આનાથી ૨૫–૩૦ દિવસોમાં છોડવાઓને પાણી આપવાથી સમૃધ્ધ ખેતીમાંના બધાં જ ઘટકો ઉત્તમ પરિસ્થિતિમાં તૈયાર થઈ જાય છે.

(૨) લીલા ખાતર માટે ચણા–૨ કિલો, મગ–૧ કિલો, અડદ–૧ કિલો, ચોળા–૧ કિલો, શણ–અડધો કિલો, મરચાંનાં બી– અડધો કિલો, બાજરી–૧ કિલો, મેથી–૧ કિલો, ધાણા–અડધો કિલો, તલ–૨૦૦ ગ્રામ, રાજગરો–૨૦૦ ગ્રામ આ બધાં દાણા ભેગાં કરીને તેને વાવો. બે માસ પછી તેને કાપીને જમીન પર પાથરી દો. અથવા હળ ચલાવીને ભેળવી દો. લીલા ઘાસ માટે આ પ્રયોગ સારું પરિણામ આપશે.

આઠમો પ્રયોગ : અનાજની ખીર :– જુવાર, બાજરી, મકાઈ, ઘઉ, ચોખા દરેક બે–બે કિલો લઈ લોટ બનાવો. એમાં રસાયણ વિનાનો બે કિલો ગોળ ભેળવીને ૫૦ લીટર પાણીમાં ઉકાળીને ખીર બનાવો. વાસણ નાનું પડે તો બે વાર ઉકાળો. આ ખીર ઠંડી પડયા પછી બીજા દિવસે એમાં ૧ કિલો પી.એસ.બી. અથવા પી.એસ.એમ. (ફોસ્ટિન સ્ફુરદ સ્ફુરાણુ રૂપે) કલ્ચર, રાઈઝોબીયમ કલ્ચર અડધો કિલો અને એઝેટોબેકટર કલ્ચર અડધો કિલો ભેગો કરીને ૧૦૦ લીટર પાણીમાં મિશ્રણ કરીને એક એકર ખેતરમાં જમીન ભેજ વાળી હોય ત્યારે સાંજના સમયે ઓછો તાપ હોય ત્યારે છંટકાવો કે પાણી સાથે છોડી દો. તેથી જીવાણુંઓ વધે છે. તેમજ છોડનો વિકાસ સારો થાય છે. ફળ –ફૂલ બેસુમાર મળે છે. આ પ્રયોગ કોઈપણ અનાજનું બી વાવ્યા પછી ૧૫ દિવસમાં કરવાનો છે. આથી છોડવાની નજીક લાઈનમાં રેડવાથી જલ્દી અસર થાય છે.

નવમો પ્રયોગ : બકરીની લીંડી ૨૫ કિલો, લીમડાની લીંબોળી ૧૦ કિલો, ગોળ ૧ કિલો, ટ્રાયકોડાર્મા ૧ કિલો, પી.એસ.બી. (ફોસ્ફેટિક) કલ્ચર ૧ કિલો આ બધું ભેગું કરી એના પર થોડું પાણી છાંટીને

૮ થી ૧૦ દિવસ તેને છાંયડામાં રાખો. પાક વાવ્યા પછી એક એકર જમીનમાં એનો પ્રયોગ કરો એનાથી પાકને સૂક્ષ્મ દ્રવ્યો અને જરૂરી ઘટકોની ખોટ નહિ પડે અને પાકનો નાશ પણ નહીં થાય. (બકરીના એક કિલો છાણમાં ૨૫૦૦ મિલી., જસત, ૧૫૦ મિલી., મેંગેનીઝ, ૬૦ મિલી., તાંબુ અને ૪૬૦૦ મિલીગ્રામ બોરોન પ્રાપ્ત થાય છે.)

૧૦. દસમો પ્રયોગ : ૨ કિલો જુવાર, બાજરી, ઘઉં, મકાઈ અને ચોખાની ખીચડી અથવા ખીર બનાવીને તેમાં દૂધ મિક્ષ કરીને તેને દ્રાક્ષ, લીંબુ યા કેરીના વૃક્ષમાં નાંખવાથી પુષ્કળ ફળો પેદા થાય છે.

૧૧. અગિયારમો પ્રયોગ : પંચગવ :– ગોબર છાણની સ્લરી–૪ કિલો, ગાયનું તાજું છાણ–૧ કિલો, ગૌમૂત્ર–૩ લીટર, ગાયનું દૂધ–૨ લીટર, ગાયનું ઘી–૧ કિલો, ગાયનું દહીં– ૨ લીટર, શેરડીનો રસ–૩ લીટર, નાળિયેરનું પાણી–૩ લીટર, વધારે પાકેલાં કેળાં–૧૨ નંગ, આ બધું ૧૦૦ લીટર પાણીમાં ભેળવી દઈને સિમેન્ટની ટાંકીમાં સાત દિવસ પેક કરી રાખો. દિવસમાં બે વાર લાકડીથી હલાવો. આ દ્રાવણ એક એકર ખેતી માટે પાણી સાથે જમીન પર પાથરી દો અથવા ભીની જમીન હોય ત્યારે છંટકાવ કરી દો.

જો આપણે જમીનમાં છાણ કે લીલોતરીના ખાતરોનો ઉપયોગ કર્યો હોય તો વર્ષમાં એક વાર ઉપરનો પ્રયોગ વરસાદ હોય ત્યારે કરો. અથવા તો બે મહિને એક વાર કરો.

*નોંધ : ઉપર દર્શાવેલ નંબર ૧ થી ૩ પ્રયોગ બધા જ પાક માટે જરૂરી છે. બાકીના પ્રયોગો વધુ ઉત્પાદન જોઈતું હોય તો કરી શકો છો.*

# જૈવિક ખાતર

જમીનને તાકાત વાળી બનાવવા માટે જીવાણું યુકત જૈવિક ખાતરનો ઉપયોગ કરવો ખૂબ જરૂરી છે. કયા પાક માટે કયા જીવાણું ખાતરનો ઉપયોગ, કઈ રીતે કરવો તથા તેનાથી કયા ફાયદા થાય તે વિશે વધુ માહિતી

૧. રાઈઝોબિયમ જીવાણું સંવર્ધક : આ ખાતર ચોળાફળી, મગફળી, હળદર, અડદ, વાલ, મટકી, ગવાર, તાગ, ગેચા, ચણા, વટાણા , સોયાબીન, મેથી, લીંબુ, લસણ, વગેરેના પાક માટે ઉપયોગ કરવો. (i) ઉપર જણાવેલ પાકમાં ૧૫ થી ૨૦% વૃધ્ધિ થાય છે. (ii) બીજમાં ઉગવાની શકિત વધે છે. (iii) રોગપ્રતિકારક શકિત પણ વધે છે. (iv) જમીનમાં કાર્બન અને નાઈટ્રોજનનું સંતુલન રહેવાથી જમીન શકિતશાળી બને છે. બીજ ની સુધારણા માટે ૨૫૦ ગ્રામ રાઈઝોબિયમ જીવાણું ૧૦ થી ૧૫ કિલો બીજને પાણીમાં ભેળવી લેપ લગાવવો. બીજનો ઉપરનો ભાગ ખરાબ ના થવો જોઈએ. લેપ લાગેલા બીજને સૂકવી દો. પછી વાવણી કરો.

૨. અઝોટોબેકટર જીવાણું સંવર્ધક : જુવાર, બાજરી, ઘઉ, ચોખા, કપાસિયા, કોબીજ, ફલવાર, સૂર્યમુખીના ફૂલો, શેરડી, ગાજર, મૂળા, રાજગરો, કારેલાં, મરચાં, રીંગણ, ટામેટા વગેરેની ખેતી માટે આ ખાતરનો ઉપયોગ કરો. આ ખાતરના ઉપયોગથી (i)પાકની ઉત્પાદન ક્ષમતા વધે છે. (ii) પાકના મૂળિયાંમાં વૃધ્ધિ થાય છે. (iii) બીજમાંથી અંકુરો ફૂટવાની શકિત વધે છે. (iv) અઝોટોબેકટર જીવાણું ફૂગની વૃધ્ધિને અટકાવવામાં મદદ કરે છે. (v) પાકના ઉત્પાદનની ગુણવત્તા સુધરે છે. (vi) શાકભાજીના પાકમાં લોહ તત્વોની વૃધ્ધિ, વટાણામાં સ્ટાર્ચની અને કંદમાં સાકરની વૃધ્ધિ થાય છે. બીજનાં સંસ્કરણ માટે ઉપરની રીતનો ઉપયોગ કરો.

૩. અઝોસ્પિરિલમ જીવાણુ સંવર્ધક : આ ખાતર મકાઇ, ઘઉ, જુવાર, શેરડી વગેરેના પાક માટે ઉપયોગી છે. આ ખાતર હવામાંથી બે ટકા વધુ નાઈટ્રોજન પાકને પ્રાપ્ત કરાવી દે છે. તેથી ૧૫% થી ૧૬% વધુ ઉત્પાદન મળે છે. આ ખાતરના ઉપયોગથી પ્રતિ હેકટર ૨૦ કિલોગ્રામ નાઈટ્રોજન સ્થિર થાય છે.

૪. સ્ફુરદ (પી.એસ.બી.) જીવાણું સંવર્ધક : સ્ફુરદ પ્રાપ્ત કરાવનાર જીવાણું ખાતર પાકની વૃધ્ધિ માટે મુખ્ય અન્ન દ્રવ્ય છે. આ જીવાણું દ્વારા સાઈટ્રીક, લૈકિટક, સકસીમિક, મૈલિક અને ફયુમરીક જેવા સૈન્દ્રિય લીકવીડ પ્રાપ્ત થાય છે. આ લીકવીડ અદ્રાવ્ય સ્વરૂપે રહેનારા સ્ફુરદને દ્રાવણ સ્વરૂપે

રૂપાંતર કરે છે. આ એસીડ દ્વારા જમીનનો સામૂ (પી.એચ.) ઘટીને કેલ્શિયમ, મેગ્નેશીયમ, લોહ, એલ્યુમિનિયમ વગેરે મૂળ દ્રવ્યો સ્થિર થાય છે. જેનો સ્ફુરદ સાથે સંયોગ થતો નથી. વડી સ્ફુરદ ઓર્થો ફોસ્ફેટ સ્વરૂપમાં રહેવાથી પાકની પ્રાપ્તિ થાય છે.

ઉપર જણાવેલા જીવાણુંઓનું કલ્ચર એક એકર જમીનમાં ઉપયોગ કરવા માટે ૫૦ કિલો છાણમાં એક કિલો જીવાણું સંવર્ધક ખાતર મેળવીને જમીન ભીની હોય ત્યારે સાંજે નાંખી દો. સ્ફુરદ જીવાણું સંવર્ધક દરેક પાક માટે જરૂરી છે. કોઈપણ જીવાણું સંવર્ધકની અનાજની ખીર બનાવી તેની સાથે મેળવી દેવાથી ઘણું સરસ પરિણામ મળે છે. એક એકરની ખેતી માટે રાઈઝોબિયમ જીવાણુ કે એઝોટોબેકટર જીવાણું અથવા અઝોસ્પિરિલમ જીવાણુંમાંથી એક કિલો અને સ્ફુરદ જીવાણું એક કિલો મેળવીને ૨ કિલો છાણનું ખાતર કે અનાજની ખીરમાં ભેળવીને ઉપયોગ કરો તો ખૂબ સારું પરિણામ આવી શકે છે. કઈ ફસલ માટે કયા જીવાણું સંવર્ધક ખાતર આપવા તેની માહિતી ઉપર આપેલી છે.

નોંધ : જેટલા લીકવીડ જીવાણુ સંવર્ધક છે તેનો ઉપયોગ ડ્રીપ યા સ્પ્રિકલ પધ્ધતિથી કરવો.

વિશેષ નોંધ : ખેડૂત ભાઈઓને ઉપરોકત ખાતર તૈયાર કરવા માટે પ્રેકિટકલ ટ્રેનીંગ લેવાની જરૂર છે.

# ફસલોનું સંરક્ષણ

પ્રકૃતિમાં થનારાં પરિવર્તનો સહન કરવાની તથા તોફાનોનો સામનો કરવાની શકિત પ્રકૃતિએ બધા જ વૃક્ષોને આપેલી છે. જો જમીન શકિતશાળી હોય તેમાં જીવાણુંઓની માત્રા ભરપૂર હોય તો ૯૯% કીડાઓ કે ફૂગને કારણે જન્મતા રોગો પાકમાં આવશે નહિ. પરંતુ જમીનમાં તાકાત નહિ હોય તો પાક કમજોર બની જશે. પરિણામે કીડાઓ અને રોગો પાકમાં આવે છે. પ્રકૃતિના નિયમો અનુસાર ખેડૂતોએ જે સીઝનમાં જે પાક લેવાનો છે તે સીઝનમાં તે જ પાક લેવો જોઈએ. વનસ્પતિ પણ તે જ સીઝનમાં પોતાનું રક્ષણ કરી શકે છે. તેમજ ઓછા ખર્ચમાં વધુ ઉત્પન્ન થાય છે.

આજ–કાલ રાસાયણિક ખાતરો ને લીધે જમીન શકિતહીન બની ગઇ છે. વળી જંતુનાશકોને લીધે પાક પણ નબળો થાય છે. જ્યારે કીડાઓનો પાક પર હુમલો થાય છે, ત્યારે છોડવાઓ બધી ખેતીમાં સંદશ મોકલે છે અને બધાં છોડવાઓ કીડાઓ કે રોગોનો સામનો કરવા માટે સજ્જથાય છે. પછી જે છોડ કમજોર હોય તે મરી જાય છે. બાકીના સુરક્ષિત રહે છે.

જેમ ખાંડ કે ગોળ વેરાય ત્યાં કીડીઓ આવી પહોંચે છે, મરેલા જાનવરને ખાવા ગીધ ભેગા થઈ જાય છે. તો કયારેય ન જોવામાં આવતા ગીધ એ સમયે કયાંથી આવે છે? આતો પકૃતિની બનાવેલી વ્યવસ્થા છે. તેવી જ રીતે , પાક પર જીવાત આવે છે, તે સમયે શિકારી જીવાતો પણ આવે છે અને નુકશાન કારક જીવાતોને ખાઈ જાય છે. પરંતુ એ શિકારી જીવાતો માટે જે સૂક્ષ્મ પર્યાવરણનું નિર્માણ જોઈએ તેને આપણે જ નષ્ટ કરી દીધું છે તેથી જીવાતોને નષ્ટ કરવાનું કામ જે શિકારી જીવાતોનું છે તે કામ આપણે જ કરવું પડે છે. આ સૃષ્ટિમાં ૧% કીડા શાકાહારી છે. જે પાંદડા ફલ–ફૂળ ખાઇને નુકશાન પહોંચાડે છે. પરંતુ આ કીડાઓને ખાનારા કીડાઓ પણ ૯૯% છે. જે માંસાહારી છે. જેનાથી આપણને કાંઈ જ નુકશાન થતું નથી. જ્યારે આપણે ૧% શાકાહારી કીડાઓનો નાશ કરીએ છીએ તેની સાથે સાથે જ ૯૯% ઉપયોગી માંસાહારી કીડાઓ પણ ખતમ થઈ જાય છે. આ વાત આપણા માટે નુકશાનકારક છે. આથી જેટલું થઇ શકે તેટલું પ્રકૃતિના નિયમો પ્રમાણે સૂક્ષ્મ પર્યાવરણનું નિર્માણ કરવું જરૂરી છે. તદ્ઉપરાંત જમીનને પણ શકિતશાળી બનાવવાની છે.

પાકને શકિતશાળી બનાવવા તથા રોગકારક કીડાઓના નાશનો ઉપાય :

૧. ૧ લીટર દૂધ ઉકાળીને ૧૫ લીટર પાણીમાં ભેળવી પાક પર સ્પ્રે કરો. (છાંટો)

૨. અડધો લીટર ગૌમૂત્ર ૧૫ લીટર પાણી સાથે સ્પ્રે કરો.

૩. ૧૦૦ લીટર પાણીમાં ૩ લીટર નાળિયેરનું પાણી મિક્ષ કરી સ્પ્રે કરો.

૪. ૧૦૦ લીટર પાણીમાં ૫ લીટર ગૌમૂત્ર અને ૨૦ કિલો છાણ ૪૮ કલાક સુધી ભીંજવો અમુક અંતરે વારંવાર હલાવતા રહો. પછી તેને ઠારીને ૨૫ લીટર સ્લરી (ઉપરના પોપડા) કાઢી લો. તેને ૨૦૦ લીટર પાણીમાં સ્પ્રે કરો. તેનાથી રોગજન્ય કીડાઓનો નાશ થશે. અને અન્નની ઉપજ સારી થશે.

૫. રસ ચૂસી લેનારા કીડા અને કીડીઓનો ઉપાય– ૫ કિલો કડવા લીમડાના પાંદડાંને છુંદી રસ કાઢો અને ૫ લીટર ગૌમૂત્ર ૧૦૦ લીટર પાણીમાં ભેળવી દઈને ૧ કિલો દેશી ગાયનું છાણ મિક્ષ કરીને ૨૪ કલાક સુધી ઢાંકીને કે પેક કરી રાખી મૂકો. પછી બીજા દિવસે તેને હલાવીને પાક પર છાંટી દો.

૬. દશપર્ણી અર્ક :

(૧)કડવા લીમડાના પાન–૫ કિલો
(૨) સીતાફળના પાન – ૩ કિલો
(૩)નિરગુડીના પાન – ૨ કિલો
(૪)કરણના પાન – ૨ કિલો
(૫)કપાસના પાન – ૨ કિલો
(૬)પપૈયાના પાન – ૨ કિલો
(૭) એરંડાના પાન – ૨ કિલો
(૮) કરંજીયાના પાન – ૨ કિલો
(૯) ખજૂરના પાન – ૨ કિલો
(૧૦) ગાયનું છાણ – ૩ કિલો
(૧૧) ગૌમૂત્ર – ૫ લીટર
(૧૨) લીલામરચાં – ૨કિલો (કચરીને)

આ બધું ૨૦૦ લીટર પાણીમાં નાખી ૨૫ થી ૩૦ દિવસ સુધી સડવા દો. મોટા પીપમાં નાંખી તેનું મોંઢુ કપડાથી બાંધી દો. સોલ્યુશન તૈયાર થયા પછી ૨ થી ૫ લીટર સોલ્યુશન ૨૦૦ લીટર પાણીમાં ભેળવીને પાક પર સ્પ્રે કરો. આનાથી ફૂગ તથા કીડા નાશ પામશે. રોગ અથવા કીડા થાય તે પહેલાં પણ સ્પ્રે કરી દેવાથી ફાયદો રહેશે.

૭. ૧૫ લીટર પાણી, ૨૫૦ મિલી. છાશ, ૫૦ ગ્રામ લીંબુનો રસ, ૧૦૦ ગ્રામ ગોળ, ૧૦૦ મિલી . લીટર આમલીનો રસ, ૧૦ ગ્રામ હીંગ, ૧૦ ગ્રામ કપુર ભેળવીને ફસલ પર સ્પ્રે કરો. આનાથી બધા જ પ્રકારના રોગ જન્ય કીડાઓ ભાગી જશે યા નષ્ટ થશે.

૮. બચ (એક ખંડ છોડના મૂળ) ૨૦૦ ગ્રામ લઈ ૫ લીટર પાણીમાં અડધું થાય ત્યાં સુધી ઉકાળો, પછી ગાળી લઈ ગૌમૂત્ર–૩ લીટર ભેળવવું. તેને ૨૦૦ લીટર પાણી સાથે સ્પ્રે કરવાથી ભૂરી નામના રોગ પર કાબુ આવે છે.

૯. ટ્રાયકોડર્મા ફૂગ : ૧ કિલો અને ૨૦ કિલો ગાયનું છાણ ભેળવી દઈને એક એકર જમીનમાં પાથરી દો. તેથી ફૂગ જન્ય રોગ પર કાબુ આવી જશે.

૧૦. છોડવા ટ્રાયકોડર્મા માં ડુબાડીને પછી રોપવાથી મારક રોગ નહીં થાય. (ડંપીંગ ઓફ)

૧૧. ફૂગ નાશક કેટલીક દવાઓ

(i) ટ્રાયકોડર્મા બુરશી – ૧ કિલો, ૨૦૦ લીટર પાણી સાથે પાક પર સ્પ્રે કરો.

(ii) પપૈયાના પાન – ૨ કિલો, ગૌમૂત્ર–૩ લીટર, ૨૦૦ લીટર પાણીમાં ભેળવીને બે દિવસ સડવા દો. પછી ગાળી લઈને સ્પ્રે કરો.

(iii) ખજૂરના પાન – ૨ કિલો, ગૌમૂત્ર – ૩ લીટર, ૨૦૦ લીટર પાણીમાં નાંખીને બે દિવસ

સડવા દો. પછી ગાળી લઈને સ્પ્રે કરો.

(iv) ૨૦૦ ગ્રામ વાવડીંગ, ગૌમૂત્ર – ૩ લીટર, ૨૦૦ લીટર પાણીમાં મેળવીને બે દિવસ સડવા દો. પછી ગાળી લઈને સ્પ્રે કરો.

૧૨. ૫ લીટર પાણીમાં બચ (એ–ખંડ) ૧૦૦ ગ્રામ ઉકાળીને નીચે ઉતારી લો. પછી ૫૦ ગ્રામ હીંગ નાંખો. આ મિશ્રણને બે દિવસ પેક કરીને રાખો બે દિવસ પછી ૧૦૦ લીટર પાણીમાં ભેળવી દઈને ટામેટાના પાક પર સ્પ્રે કરો. ડાઉની રોગ નિયંત્રણમાં આવી જશે. (એમ. ૪૫ ફંજી સાઈડના બદલે)

૧૩. તાંબેરા રોગને અટકાવવા માટે – કડવા લીમડાનું તેલ – ૧૦૦ મિલી., કરંજીયાનું તેલ–૧૦૦ મિલી., ગૌમૂત્ર–૧૦૦ મિલી., ૧૫ લીટર પાણી સાથે સ્પ્રે કરો.

૧૪. કાચું દૂધ કોઈપણ પ્રકારના વાયરસ તથા અર્લીબ્લાઈટને કંટ્રોલ કરે છે. ૨૦૦ લીટર પાણીમાં કાચું દૂધ ભેળવીને સ્પ્રે કરો.

૧૫. ઘઉં, મઠ, મગ, ચણા, અડદ, ચોળા, તલ દરેક ૧૦૦ ગ્રામ લઈને પાણીમાં ભીંજવીને ફણગાવો. ત્યારબાદ ૧૦ લીટર પાણીમાં મિક્ષ કરીને પીસો. એક વાસણમાં ભરી ૧૦–૧૨ દિવસ સુધી સડવા દો. ત્યાર પછી ૨૦૦ લીટર પાણીમાં ઉમેરી ગાળી લઈને પાક પર સ્પ્રે કરો. પાક વધે અને ફળ–ફૂલ લાગે તે વખતે આ પ્રયોગ કરો. આની સાથે ૧૫ લીટર પાણીમાં ૨૦૦ મિલી. અમૃત પાણીને ગાળીને ભેળવી દેવાથી ખૂબ સરસ ટોનિકનું કામ કરે છે.

૧૬. છાશમાં અનેક પ્રકારના એન્જાઈમ્સ અને સંજીવકો હોય છે. તેનાથી ફળ–ફૂલ ખરી પડતા અટકે છે. ફૂગના નાશ માટે ૨૦૦ લીટર પાણીમાં ૨ થી ૫ લીટર દેશી ગાયની છાશ ભેળવી દઈને પાક પર સ્પ્રે કરો. ફૂગ નહીં થાય.

૧૭. જમીનમાં સફેદ લટ (હુમની) અથવા ઉધઈ(દીમક) થાય, તો શું કરવું?

૧. એક કિલો બચ, (એ ખંડ) ને ૭ લીટર પાણીમાં નાંખીને પાણી ત્રણ લીટર રહે ત્યાં સુધી ઉકાળો. ૫૦૦ ગ્રામ હીંગ, ૨૦૦ લીટર પાણીમાં ભેળવીને જમીનમાં સીંચો અથવા વૃક્ષોના મૂળમાં નાંખો.

૨. ૧ કિલો કપાસના છોડની ભીની સોટીઓના નાના–નાના ટૂકડા કરીને ૭ લીટર પાણીમાં નાંખીને ત્રણ લીટર રહે ત્યાં સુધી ઉકાળો. ત્યારબાદ ૨૦૦ લીટર પાણી સાથે ૧ એકર જમીનમાં સીંચો કે વૃક્ષોના મૂળિયામાં નાંખો.

૧૮. ફળ આપનારા નાના વૃક્ષોને દેશી ગાયનું દૂધ ૫૦ મિલીલીટર, અથવા મકાઈનો લોટ ૧૦૦

ગ્રામ આપવાથી ઘણો જ ફાયદો થાય છે.

૧૯. શેરડી અને કેળાની ખેતી કરતા પહેલા ૨ કિલો ડુંગળીના બીજ, ૧ કિલો ધાણા, ૫ કિલો ચણા અને ૧ કિલો મેથી બધું ભેગું કરીને ૧ એકર જમીનમાં વાવણી કરો. બે મહિના પછી જે પાક(ઘાસ) થાય તેને જમીનમાં મિક્ષ કરી દો. તેનાથી નુકશાન કરનારા કીડાઓથી રક્ષણ થાય છે.

૨૦. કોઈપણ પ્રકારના ફળોની સાઈઝ વધારવા માટે ૨૦૦ ગ્રામ જેઠી મધ અને ૨૦૦ ગ્રામ તલ કચડીને પાણીમાં નાંખીને ઉકાળો. પાણી ૨.૫ લીટર થાય ત્યાં સુધી ઉકાળો અને ઠંડુ પડયા પછી ૨૦૦ લીટર પાણીમાં ઉપરના દ્રાવણમાં ૫૦૦ ગ્રામ ગોળ ભેળવીને પછી સ્પ્રે કરો.

૨૧. કરપા : ૧૦૦ ગ્રામ બાવળના વૃક્ષના પાંદડા બે લીટર પાણીમાં ભેળવીને ૧ લીટર રહે ત્યાં સુધી ઉકાળો. ઠંડુ થાય પછી ૨૦૦ લીટર પાણીમાં ભેળવી પાક પર સ્પ્રે કરો.

૨૨. રસ ચૂસી લેનારા કીડા : ફૂલ પરના કીડામાનો નાશ કરે તેના નિયંત્રણ માટે (૧.) ૫% કડવા લીમડાનો રસ સ્પ્રે કરો. (૨.) ૮% ગૌમૂત્ર સ્પ્રે કરો. (૩.) વ્હર્ટી સીલીયમ જૈવિક બુરશી બે ગ્રામ પ્રતિલીટર અને ૫૦ મિલીલીટર દૂધ ભેળવીને ફસલ પર સ્પ્રે કરો.

૨૩. દરેક પાકમાં મૂળા, સરસવ(રાઈ) અને ગુંદાના ફૂલનાં છોડ છૂટા–છૂટા વાવવા જોઈએ.

૨૪. ફૂગના રોગ(ફંગસ) માટે (૧.) ૧ કિલો ટ્રાયકોડર્મા, ૨ કિલો છાણ, ૨ કિલો ગોળ, ૧ કિલો ચણાનો લોટ, ૧૦૦ લીટર પાણીમાં ભેળવીને રાખો. ૨ દિવસ પછી ગાળીને તૈયાર મિશ્રણના ૫ લીટરને ૨૦૦ લીટર પાણીમાં ૨૫૦ ગ્રામ ગોળ ભેળવીને મિશ્રણને પાક પર છંટકાવ કરવો. (૨.) પપૈયાના બે કિલો પાન, સહજનના પાન ૨ કિલો, ગૌ મૂત્ર ૪ લીટરમાં ભેળવીને ૧ દિવસ સડવા દો. પછી ગાળી લો. તે મિશ્રણમાં ૨૦૦ લીટર પાણી નાંખીને પાક પર છાંટો.

૨૫. ફળોની વૃધ્ધિ માટે દરરોજ સવારે અને સાંજે ઘીનો ધૂપ, તલનો ધૂપ, વાવડીંગનો ધૂપ, ત્રિફલાનો ધૂપ અલગ અલગ કરો.

૨૬. બાકીની જાતિના કીડા તથા કીડીઓના નાશ માટે :– ૩ કિલો કડવા લીમડાના પાન, ૨ કિલો સીતાફળના પાન, ૨ કિલો કરંજિયાના પાન (ના મળે તો લીમડાના પાન ૫ કિલો), ૨ કિલો વેલના પાન, ૨ કિલો સફેદ ધતૂરાના પાન. આ બધાં જ પાંદડાંની લુગદી બનાવો. આ લુગદીને ૧૦ લીટર ગૌમૂત્રમાં ભેળવીને મિશ્રણને ઢાંકીને ૧૦ મિનિટ ઉકાળો. પછી ૨ દિવસ સુધી છાંયડામાં ઢાંકી રાખો. ૨ દિવસ બાદ આ દ્રાવણને ગાળીને રાખો. પછી ૨ થી ૨.૫ લીટર દ્રાવણને ૧૦૦ લીટર પાણીમાં નાંખીને પાક પર છંટકાવ કરો. આવા તૈયાર થયેલ દ્રાવણને

બ્રહ્માસ્ત્ર કહે છે.

આ બધા પ્રયોગો નિમિત્ત માત્ર કરીએ પરંતુ આપણે વધુ ધ્યાન યોગના પ્રયોગ પર જ આપવાનું છે. જો જમીન શકિતશાળી હશે, એકાગ્રતાપૂર્વક યોગનો પ્રયોગ કરીશું અને સાથે સૂક્ષ્મ પર્યાવરણ પર ધ્યાન હોય તથા વાઈબ્રેશન આપીને, પાક(ઈન્ટર ક્રોપીંગ) લઈશું. તો કોઈપણ પ્રકારના કીડા કે રોગ થશે નહિ.

*નોંધ :– ઉપરોકત સેન્દ્રિય અને જૈવિક ખાતર તૈયાર કરવાની પદ્ધતિ તેમજ અન્ય માહિતી બ્રહ્માકુમારી વિદ્યાલયના ખેડૂત ભાઈઓના પ્રેકટીકલ અનુભવો અને પ્રયોગોના આધારે લખવામાં આવ્યા છે.*

# ખેતીમાં સૂક્ષ્મ પર્યાવરણ

ખેતીમાં સૂક્ષ્મ પર્યાવરણ તૈયાર કરવા માટે અનેક વનસ્પતિઓનો ઉપયોગ થાય છે. પહેલાં ખેતરના શેઢાઓ અને વાડ પર અનેક વૃક્ષ થતાં હતા. એને લીધે કુદરતી પર્યાવરણની સંભાળ રહેતી હતી. પરંતુ હમણાંથી જે સાફ સૂફી અભિયાન ચાલ્યું તેમાં બધા વૃક્ષો કાપી નાંખવામાં આવ્યાં. તેનાથી બે પ્રકારનું નુકશાન થયું. પહેલી જમીનની ગરમી નિષ્ક્રિય થઈ બીજું ઉપયોગી કીડાઓ નાશ પામ્યા.પૂરમાં વહી જતા પાણીને વૃક્ષો રોકતાં હતાં. અને પાણી જમીનમાં ચુસાઈ જતું હતું. વૃક્ષો પર અનેક ઉપયોગી પક્ષીઓ, કીડાઓ વસતાં હતાં. તેઓ ખેતીમાં થનારા કીટાણુંઓને ખાઈને આજીવિકા ચલાવતા હતાં. આ પ્રમાણે આપોઆપ જીવ શાસ્ત્રીય પર્યાવરણ નિયંત્રણમાં રહેતું હતું. જોરથી વિંઝાતા પવનો, ગરમ હવાના ઝાટકા, તેમજ વાતાવરણનો ભેજ આ બધું જ વૃક્ષોથી નિયંત્રણમાં રહેતું હતું. આથી આપણે ખેતીની ચારેકોર વૃક્ષોનો ઉછેર કરવો જોઈએ. ખેતીના શેઢા અને વાડ પર લીમડો, એરંડો, આસોપાલવ, અરડૂસી, અડીપત્તા, ગુલમહોર, નીલગિરી, નાળિયેરી, સીતાફળ, અશોક, સરુ જેવા વૃક્ષો પશ્ચિમ–દક્ષિણ દિશામાં રોપવા જોઈએ.

૧. કડવા લીમડાનું વૃક્ષ :– આ વૃક્ષ ૨૫૦ પ્રકારના વિષાણુજન્ય રોગોનો પ્રતિકાર કરે છે. વાતાવરણ શુધ્ધ થાય છે. તથા ઉપયોગી કીડાને આશરો આપે છે.

૨. સીતાફળ :– મિલીબગ્જ નામના કીડા આ વૃક્ષ પર બેસતા હોઈ, પાસેની જમીનમાં કીડાનો ફેલાવો થતો અટકે છે.

૩. કડીપત્તા :– બુલબુલ જેવા પંખી આ વૃક્ષ પર માળો બનાવે છે. આ પક્ષી અનેક કીડાઓનું ભક્ષણ કરે છે.

૪. ગુંદાનું ઝાડ :– ગુંદાના મૂળને લીધે સુત્રકૃમિ (નિમટોડે) નું નિયંત્રણ થાય છે, અને લેડીબર્ડ બિટલ નામનો ભમરો જે મિલિબગ્જને મારી ખાઈ જાય છે તે આ વૃક્ષ પર બેસે છે.

૫. ખેતીમાં તુલસી :– એનાથી ઓઝોન વાયુ પેદા થાય છે. કીડીઓના ઈંડા નાખનાર નરપતંગિયા નપુંસક થતા હોવાથી, મચ્છરો નાસી જાય છે.

મુખ્ય પાકની વચ્ચે લેવાના બીજા પાકની માહિતી :–

૧. જુવાર : વર્ષાઋતુમાં જુવારની ખેતીની છ લાઈન પછી એક તુવેરનો પાક લઈ શકાય છે. ચણાનો પાક પણ થાય.

રબ્બી જુવારમાં કુસંબી કે ચણાનો પાક લેવાનો છે.

૨. બાજરી : આ પાકની સાથે મગ કે અડદનો પાક લઈ શકાય છે. છ લાઈન બાજરીની, પછી એક લાઈન તુવેર, મગ કે અડદ લેવાય.

૩. મકાઈ : મકાઈની ખેતીની વચ્ચે ચોળા કે સોયાબીનનો પાક ૨૦% જેટલો લઈ શકાય.

૪. ઘઉં : આ ખેતીની વચ્ચે સરસવ(રાઈ) કે રાજગરાની ખેતી થઈ શકે છે.

૫. તુવેર : આ પાકની વચ્ચે જુવાર કે બાજરી ૫% લેવાય.

૬. ચણા : ચણાની છ લાઈન, કોથમીર(ધાણા)ની એક લાઈન અને કરડઈની ત્રણ લાઈન એમ મિકસ પાક થઈ શકે.

૭. મગફળી : છ લાઈન મગફળીની, પછી એક લાઈનમાં ચોળા અને સૂરજમુખી મિકસ કરીને પાક લેવાય.

૮. કપાસ : કપાસની ખેતીની ચારેબાજુ મકાઈ, જુવાર, ચોળા મિકસ કરીને ત્રણ લાઈન કરો. કપાસની લાઈન પછી એક લાઈન ચોળા અને ગુંદાના ફૂલ લગાવો. કપાસની ૮ લાઈન પછી વચ્ચે વચ્ચે મગ, અડદ, સોયાબીન ૧૦% મિકસ કરો.

૯. રીંગણ : રીંગણની ખેતીની બાજુમાં ૨ લાઈન મકાઈની એક લાઈન ચોળા, ફરી આઠ લાઈન રીંગણ રોપો.

૧૦. કોબીજ : પાકની ચારેબાજુ બે લાઈન મકાઈની, પછી એક લાઈન ચોળા, પછી ૨૦ લાઈન કોબીજ, ફરી એક લાઈન સરસવ, પછી ફરી કોબીજ લગાવો.

૧૧. મરચાં : મરચાંની ખેતીની ચારેબાજુ મકાઈ કે જુવારની બે લાઈન લગાવો. વચ્ચે એરંડો પણ રોપો. પછી એક લાઈન તલ કરો. ફરીથી ૧૦ લાઈન મરચાંની કરો.

૧૨. ટામેટાં : ૧૦ લાઈન ટામેટા કરીને પછી એક લાઈન ગુંદાની કરી શકો.

# શાશ્વત યૌગિક ખેતી કરનારા ખેડૂતોને સલાહ

૧. શાશ્વત યૌગિક ખેતીમાં પરમાત્માનો ધ્વજ જરૂર લહેરાવવો :– યૌગિક ખેતીમાં પરમાત્માનો ધ્વજ લહેરાવવો જરૂરી છે. ઝંડામાંના લાલ અને પીળા રંગો પાકને શકિતશાળી અને નિરોગી બનાવવામાં મદદરૂપ છે. હવાની લહેરોથી ઝંડો લહેરાય ત્યારે સૂર્યના કિરણો લાલ રંગ પર પ્રતિબિંબિત(રિફલેકટ) થઈને પાક પર પહોંચવાથી તેમાં વૃધ્ધિ થાય છે, તથા પાક શકિતશાળી પણ બને છે. પીળા રંગ પર સૂર્યના કિરણો પ્રતિબિંબિત થઈને પાકને નુકશાન કરતા કીડાઓને નિયંત્રણમાં રાખે છે. ઈંડા મૂકનાર ઊડતો કીડો પીળો રંગ જોઈને ફૂલ સમજીને ઈંડા મૂકે છે. ઈંડામાંથી કીડાઓ પેદા થાય છે ત્યારે તેને પોષણ ન મળતાં મરી જાય છે. આથી પાક પર મોટી સાઈઝનો ઝંડો પાંચ ફૂટની ઊંચાઈ પર લગાવવાથી ફાયદો થશે.

૨. ખેતીકામ દરમ્યાન ખેડૂતો કે મજૂરોને આધ્યાત્મિક જ્ઞાનના ગીતો વગાડીને સાંભળવા માટે પ્રેરણા આપીએ :–

* 'કિતના સુંદર કિતના વિરાટ હોગા રચનાકાર, રચા હૈ જિસને ઈતના સુંદર વિશાલ યે સંસાર....'
* 'મેરે દેશ કી ધરતી સોના ઉગલે ઉગલે હીરે મોતી...મેરે દેશ કી ધરતી..
* 'મેરા ગાઁવ મેરા દેશ.... ગાઁવ કા છોરા....'
* સબ કા માલિક એક, ફિર કયોં બઁટા હુઆ સંસાર હૈ. દેશભકિતના ગીતો પણ ટેપ પર વગાડો. માઈકની વ્યવસ્થા પણ કરીએ તો સારું.
* પાંચો તત્વો કો ધ્યાનમેં રખતે હુએ, જૈસે નભ મેં તારો કી શોભા હોતી વૈસે ધરા પર

ગીત મ્યુઝિક સાંભળતાં ખેતીકામ કરવાથી આનંદ આવશે. વનસ્પતિ પર પણ સારી અસર થશે. વૃક્ષ છોડ પણ આનંદથી ઝૂમી ઊઠશે.

યૌગિક ખેતી કરનારા માટે નિયમો

૧. આ ખેતી કરનારા ખેડૂતો નિર્વ્યસની હોવા જોઈએ. બીડી, તમાકુ, શરાબ, ગુટકા વગેરેનું સેવન કરવાની મનાઈ છે.

૨. પવિત્રતાનું મહત્વ સમજીને બ્રહ્મચર્ય પાળવું.

૩. શુદ્ધ આહાર અને શાકાહારી રહેવું.

૪. શુભ ચિંતન અને મનસા વાયબ્રેશનના અભ્યાસ માટે દરરોજ પરમાત્માના મહાવાકયો (મૂરલી શ્રવણ)નું અધ્યયન, શ્રવણ જરૂરી છે.

૫. વ્યર્થ અને નેગેટીવ સંકલ્પો કે વાણીનો પ્રયોગ કરવો નહિ. વ્યર્થને સમર્થ, તથા નેગેટીવને પોઝીટીવમાં બદલવાનો અભ્યાસ જરૂરી છે.

૬. કોઈપણ સાથે લડાઈ, સંઘર્ષ, વેર–ઝેરનો ભાવ રાખવો નહિં. દરેક સાથે મૈત્રી અને સહયોગ તથા સ્નેહથી વ્યવહાર કરવો. શુભ ભાવ અને સદ્ વ્યવહારથી બધા સાથે રહેવું.

૭. આત્મ વિશ્વાસ અને દ્રઢ સંકલ્પપૂર્વક દરેક કાર્ય કરવું.

૮. વધુ મૌન રહેવું, અંતર્મુખી, એકાંતવાસી અને પરમાત્મ સ્નેહી બનીને કાર્ય કરવું.

૯. અમૃતવેળાના યોગનું મહત્વ સમજીને વહેલા ઉઠી યોગાભ્યાસની ટેવ રાખવી.

૧૦. ઈર્ષ્યા, દ્વેષ, નફરત, અભાવ અને મારા–તારાની પંચાતથી દૂર રહેવું.

૧૧. ગૌ–પાલનનો શોખ રાખવો. દેશી ગાયો રાખીને સ્નેહથી સેવા કરવી. તેના છાણ તથા ગૌમૂત્રનો ખેતીમાં પ્રયોગ કરવો.

# શાશ્વત યૌગિક ખેતી કરનારા ખેડૂતોના અનુભવો

## ખેડૂત ભાઈઓ દ્વારા યોગનો પ્રયોગ કરાવનાર બ્રહ્માકુમારી મનીષાબહેનનો અનુભવ



નામ : બ્રહ્માકુમારી મનિષાબેન
ઉંમર : ૩૫ વર્ષ

હું બી. કે. મનીષા, છેલ્લા ૧૫ વર્ષથી ઈશ્વરીય સેવાર્થે કોલ્હાપુર સેવાકેન્દ્રમાં સમર્પિત છું. સેવાકેન્દ્ર પર નિયમિત આવતા વિદ્યાર્થીઓમાં ખેડૂત ભાઈ–બહેનો પણ છે. સન્ ૧૯૯૨માં હું સેવાકેન્દ્ર પર હતી ત્યારથી બગીચામાં જઈને સેવા કરતી હતી. ત્યારે મને ઘણા સારા અનુભવો થયેલા. ત્યારબાદ સેન્ટર પર આવતા ખેડૂત ભાઈ–બહેનોના સંપર્કમાં આવવાથી તેમની માનસિક, આર્થિક અને પ્રાકૃતિક સમસ્યાઓ જાણવા મળી. મને થયું, મારે તેમને માટે કંઈક કરવું જોઈએ, જેથી તેમની સમસ્યા દૂર થઈ શકે. વિવિધ યોજનાઓ દ્વારા સરકાર આર્થિક મદદ કરે છે, છતાં તેમની સમસ્યાઓ દૂર થતી નથી, આ જાણવાથી સંકલ્પો ચાલતા હતા.

એક દિવસ પ્રાતઃકાલ મુરલી (ઈશ્વરીય મહાવાકય)માં પરમાત્માએ જણાવ્યું કે "આ રાજયોગ પ્રાચીન યોગ છે, તેનાથી અસંભવ સંભવ થાય છે." ત્યારબાદ કોલ્હાપુરથી લગભગ ૧૫ કિલોમીટર દૂર આવેલ કળબા નામે ઉપસેવાકેન્દ્રની અડધા એકર જમીનમાં યોગના પ્રયોગો શરૂ કર્યા. એના પરિણામે મારો વિશ્વાસ દ્રઢ થયો કે શુધ્ધ સંકલ્પ, શુભ ભાવના અને યોગના વાયબ્રેશનની અસર છોડ અને પાક પર સકારાત્મક હોય છે.

મારા જોવામાં આવ્યું કે જે રીતે ખેતી થાય છે તેમાં રાસાયણિક ખાતરો, તથા જંતુનાશક દવાઓથી જમીન અને ખેતી બન્નેને નુકશાન થાય છે. ભવિષ્યમાં આવી જમીન ઝેરીલી બનવાથી કેવા ખરાબ પરિણામો ભોગવવા પડશે તેની વાત સેવાકેન્દ્રમાં આવતા ખેડૂત ભાઈ–બહેનોને કરી, તથા તેમને યૌગિક ખેતી કરવા માટે પ્રેરિત કર્યા. ઈશ્વરીય જ્ઞાન અને રાજયોગની શકિતઓનો ખેતીના પાક સાથે પરસ્પર ગુહ્ય અને ગાઢ સંબંધ છે. એ પ્રયોગની જાણકારીની વાત તેમને કરી. આપણો રાજયોગ પ્રાચીન અને શકિતશાળી છે. પ્રાચીન જમાનાની ખેતી રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવા વિનાની, કુદરતી ખાતર દ્વારા તથા ભકિતભાવથી, આધ્યાત્મિક બળથી થતી હતી. તેથી જમીન ઉપજાઉ અને ધાન્ય સ્વાદિષ્ટ તથા પૌષ્ટિક ઉત્પન્ન થતાં હતાં. હવેનાં ધાન્યમાં ઝેરી ખાતરોને કારણે રસ–કસ રહ્યો નથી. ફરીથી આપણે જમીનને શકિતશાળી અને પાકને રસ–કસવાળો બનાવવો જોઈએ. આ માટે રાજયોગનો આધાર જ સર્વશ્રેષ્ઠ છે. આ રાજયોગની વિધિ અને પ્રભાવથી વ્યસની, પતિત અને અવગુણી મનુષ્ય સુધરી જતો હોય, તેમજ જીવનમાં પવિત્રતાને કારણે સુખ, શાંતિ, સંતોષ અને ખુશીનો અનુભવ કરી શકતો હોય તો, રાજયોગની શકિતનો પ્રભાવ જમીન અને પાક પર પણ પડી શકે છે. રાજયોગ તથા કર્મયોગનો પ્રયોગ ખેતી પર કરવાથી, આપણી મનોસ્થિતિ, વૃત્તિ, દૃષ્ટિ તથા વાઈબ્રેશન નો પ્રભાવ આસપાસના વાયુમંડળ પર પડે છે. યોગના પ્રયોગ દ્વારા પેદા થતા સકારાત્મક પ્રયત્નોથી પાકની પ્રાપ્તિમાં વૃદ્ધિ થાય છે. રાજયોગના જ્ઞાન તથા શ્રીમતના પાલનની અસરથી ખેડૂત ભાઈ–બહેનોના જીવનનું સ્તર ખૂબ ઊંચુ થયું છે. તેમના જીવનમાં પહેલા વ્યસન તથા અન્ય ખરાબ આદતો હતી, તે જતી રહી છે. તેમનામાં સારુ પરિવર્તન આવ્યું છે. સમાજના લોકો તેઓને માનની ઊંચી નજરે જુએ છે. તેઓ ફરિશ્તા(એન્જલ)ની જેમ યોગીજીવનનો અનુભવ કરી રહ્યા છે. કોલ્હાપુર સેવાકેન્દ્રના લગભગ ૮૦ ખેડૂત ભાઈ–બહેનોએ અત્યારે યૌગિક અને જૈવિક ખેતી કરવાની શરૂ કરી દીધી છે.

ભારતને ફરીથી આધ્યાત્મિક ઉચ્ચકોટિનો દેશ બનાવવા યૌગિક ખેતીનો પ્રયોગ કરવો જોઈએ. જેથી આપણો દેશ વિશ્વમાં ગુરુપદે મહાસત્તા બની રહે. વિષમુકત અન્ન તથા ફળની ખેતી કરીને સૌ ખેડૂત ભાઈ–બહેનો સાચા અર્થમાં અન્નદાતા બને. જેથી સૌને શરીર અને મનનું સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય, એવી શુભેચ્છા...

ઓમ્ શાંતિ...

## ખેડુતોના અનુભવો–૧



ખેડૂતનું નામ : બ્રહ્માકુમાર તુલસીભાઈ
ઉંમર : ૪૩ વર્ષ
ગામ : શાંતિવન
તાલુકો : આબુરોડ
જિલ્લો : સિરોહી,
રાજય : રાજસ્થાન

હું સન ૧૯૮૩ માં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના બાર્શી સેવાકેન્દ્રના સંપર્કમાં આવ્યો ત્યારથી હું આ વિદ્યાલયનો નિયમિત વિદ્યાર્થી છું. અમારા બાપદાદાનો ધંધો ખેતી છે. ૧૨ મા ધોરણથી હું પિતાજીને ખેતીમાં સહયોગ આપતો હતો. મેં નાસિક કૃષિ વિદ્યાલયમાંથી કૃષિ સ્નાતક ની પદવી પ્રાપ્ત કરી. ખેતીનો મને પહેલેથી શોખ હતો. કૃષિ સાહિત્ય વાંચીને ખેતીમાં જુદા જુદા પ્રકારના પ્રયોગો કરતો હતો. ખેતીમાં યોગના પ્રયોગો અને ટેપ દ્વારા ઈશ્વરીય ગીતો વગાડવાના પ્રયોગો કર્યા. સાથે સાથે રાસાયણિક ખાતરોનો અને દવાઓનો પણ ઉપયોગ કરતો હતો. તેનાથી અમને સારો પાક મળતો હતો. સન ૧૯૯૩ માં એક પુસ્તક મારા વાંચવામા આવ્યું. જેમાં રાસાયણિક ખેતીના દુષ્પરિણામો વાંચીને હું રાતભર રડતો રહ્યો. કારણ કે શિવબાબા તો કહે છે, "દુવાઓ લો અને દુવાઓ આપો" જ્યારે મે તો રાસાયણિક ખાતર વાળું અનાજ ખવડાવીને બદ દુવાઓ લીધી ત્યારબાદ શિવબાબાની પ્રેરણા અનુસાર મે જૈવિક ખેતી કરવાનો નિર્ણય કર્યો આ વિષયનો ગહન અભ્યાસ કર્યો. જૈવિક અને સેન્દ્રિય ખેતી કરનારા ખેડુતોને મળી તેમનો અનુભવ પૂછયો ત્યારબાદ મે જૈવિક અને સેન્દ્રિય ખેતી અપનાવી લીધી.

સન ૨૦૦૩ માં કૃષિ રાષ્ટ્રીય પ્રદર્શનમાં અમે ઉગાડેલા દાડમની પ્રજાતિને પ્રથમ અને તૃતીય સ્થાન મળ્યું. બોર, રીંગણ, જુવાર, કારેલા, ટામેટાં, હળદર, તરબૂચ, ખીરા, શક્કરટેટી– વગેરે બધા જ પાકને પ્રથમ નંબર મળ્યો જેના કારણે સરકારે મારા પિતાજીને ઉધાન પંડિત પુરસ્કાર થી સન્માનિત કર્યા. પરંતુ મારી શુભ કામના પરમાત્માની અવતરણ ભૂમિ (મધુવન) આબુ પર્વત, રાજસ્થાન જઈને ખેતી કરવાની હતી. જયાં આવી શુધ્ધ–પવિત્ર તપસ્વી આત્માઓ રહે છે. અને તેઓ રાસાયણિક અન્ન ખાય છે, તેઓને સાત્વિક શુધ્ધ અન્ન કેવી રીતે મળે એ સંકલ્પ ચાલતા હતાં. હવે પાછલા ત્રણ વર્ષથી સન ૨૦૦૫ થી હું મધુવનમાં રહીને જ ખેતી કરુ છું.

ગયા વર્ષે ૨૦૦૭ માં અમે મધુવનમાં શક્કરટેટી વાવી હતી. તેનું પરિણામ અને અનુભવ આશ્ચર્યજનક મળ્યાં. આમા કોઈપણ રાસાયણિક કે કોઈપણ જંતુનાશક દવાનો પ્રયોગ કર્યો ન હતો. ખેતરમાં જીવાણુની વૃધ્ધિ માટે છાણનું ખાતર, લીમડાનો ખોર, અમૃત પાણી જીવામૃત, દૂધ, ગોળ, ગૌમૂત્ર, સાત ધન્ય અર્ક વગેરેનો પ્રયોગ કર્યો. રોગોના કીડાઓને અટકાવવા માટે ગૌમૂત્ર, લીમડાનું તેલ, છાશ, દશપર્ણીનો અર્ક, બચ (એખંડ), લીંબુનો રસ, આમલીનો રસ વગેરેનો પ્રયોગ કર્યો. શક્કરટેટીના પાકમાં જે વાયરસની અસર થાય છે. તેના અટકાવ માટે અમે દરરોજ સવારે

તથા સાંજે ૨૦ મિનિટ સુધી પિત્તળની ઘંટડી જે મંદિરમાં વગાડવામાં અવે છે તે વગાડતા હતા. ઘંટડીના અવાજથી વાયરસનું નિયંત્રણ થાય છે. સાથે સાથે અમે ઈશ્વરીય સંગીત પણ વગાડતા હતાં. ફળોની સાઈઝ વધારવા માટે રોજ સવાર સાંજ તલ, ત્રિફળા અને વાવડીંગનો ધૂપ આપતા હતાં. જેમ અગરબત્તીની સુગંધ આપણા મનને પ્રસન્ન કરી દે છે તે પ્રમાણે પાક પણ શ્વાસ લે છે, ત્યારે એને પણ ખુશી થાય છે. તેનાથી ઉત્પાદનની વૃધ્ધિ થાય છે. દૂધ અને નાળિયેરનું પાણી પણ છાંટયુ હતું. જેનાથી વાયરસ અટકે છે. ખેતરની વચ્ચે પરમાત્મા શિવનો ઝંડો પણ લગાવ્યો હતો. જેમાં લાલ અને પીળો રંગ હોય છે. લાલ રંગ પાકમાં વૃધ્ધિ કરે છે. અને પીળો રંગ જોઈને ઈંડા મુકનારા કીડા ધ્વજ પર ઈંડા મૂકે છે. જે પોષણ ન મળવાથી મરી જતાં હોય છે અને પાક કીટ મુકત રહે છે. આ બધા પ્રયોગોને કારણે પાક ખૂબ સફળ રહ્યો. સાથે સાથે રીંગણ, કોબીજ, ફલાવર, સુરણ, વટાણા, ટામેટાં, પપૈયા, દૂધી વગેરે પર આ પ્રમાણે પ્રયોગો કર્યા અને ખૂબ સારી પેદાશ મેળવી.

હું આત્મા પ્રકૃતિનો માલિક છું. હાઈએસ્ટ, હોલીએસ્ટ અને રીચેસ્ટ છું. મારા પાક પર વાયરસ આક્રમણ કરી શકે નહિ. અમે આ પ્રમાણેના સંકલ્પો સાથે યોગાભ્યાસ ખેતર પર જઈને કરીએ છીએ. જેટલા શકિતશાળી સંકલ્પોના પ્રકંપનોનો આપણે પાકને આપીશું તેટલો પાક નિરોગી રહીને વૃધ્ધિ કરશે, આ મારો અનુભવ છે. સ્વયં ભગવાન આપણને જુએ છે. તેઓ આપણી સાથે છે, જેથી સફળતા નિશ્ચિત છે જ.

કયારેક હું શિવબાબાને ખેતી જોવા બોલાવું છું. તો સાચે જ એવો અનુભવ થાય છે કે બાબા આવીને આખી ખેતીને જોવે છે. સકાશ આપે છે. એમ પણ કહેતા હોય છે કે બાળકો અહીં આમ કરો, આવું કરો........ આ પ્રમાણેના ઈશારા ટચ થાય છે. આપણો સંબંધ પરમાત્મા સાથે હોવાથી ઋતુ પરિવર્તન તેમજ વાયરસ સંબંધી અગાઉથી ટચ થઈ જાય છે. જેથી અગાઉથી સુરક્ષા કરી શકાય છે. દરેક પાક માટે અમૃતવેળાએ આ પ્રમાણે યોગાભ્યાસ કરીએ છીએ. આમ કરવાથી ધાર્યા કરતાં વધુ સફળતા મળે છે. અને અમારી શ્રધ્ધા છે કે પાક પર મનના શુધ્ધ, પવિત્ર સંકલ્પો અને યોગના વાયબ્રેશનનો પ્રભાવ જરૂર પડે છે. અને વધુ ઉત્પાદન થાય છે.

તેથી વ્હાલા ખેડૂતભાઈઓ આપ પણ આ રીતે રાજયોગનો અભ્યાસ કરો. મનમાં શુધ્ધ, સાત્વિક વિચારો અને આચરણ દ્વારા યૌગિક ખેતીનો પ્રયોગ કરો તો સારું ઉત્પાદન પ્રાપ્ત થશે. જે ધરતી પર આપણે સ્વર્ગ લાવવા માગીએ છીએ તેને નિરોગી રાખી સુખી જીવન વ્યતીત કરીએ. ઓમ શાંતિ...

## ખેડુતોનો અનુભવ–ર



ખેડૂતનું નામ : બ્રહ્માકુમાર બાલાસાહેબ શ્રીપાલ રૂગે
ઉંમર : ૩૭
ગામ : ઈચલકરંજી
તાલુકો : ઈચલકરંજી
જિલ્લા : કોલ્હાપુર
રાજય : મહારાષ્ટ્ર

મારો જન્મ જૈન ધર્મના પરિવારમાં થયો હતો. હું મહાવીર સ્વામીને ભગવાન માનતો હતો. સાત વર્ષ પહેલાં બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિધાલયના પરિચયમાં આવ્યા બાદ મને ભગવાનનો સત્ય પરિચય અને તેમના દ્વારા થનારી પ્રાપ્તિઓની જાણ થઇ. હવે તો મારા લૌકિક માતા તથા પત્નિ બંને આ વિધાલયના નિયમિત વિધાર્થી છે. હું યોગના નવા–નવા પ્રયોગ કરું છું. મે પોતાના શરીર પર પણ યોગનો પ્રયોગ કર્યો. તેથી કમર દર્દની તકલીફ સમાપ્ત થઇ ગઇ છે. લૌકિક માતાજીને ઘૂંટણની તકલીફ હતી. તથા યુગલ ટેન્શનમાં રહેતી હતી. આ તકલીફો પર હવે ૧૦૦% જીત મેળવી લીધી છે. મારો લૌકિક પુત્ર નવ વર્ષનો છે. તેને જન્મથી જ ઘણાં ઓપરેશન કરવા પડયા છે. દવા પર જીવતો હતો. તે બે વર્ષનો થયો ત્યારે બાબાને ઘરે (મધુવન) લઇ આવ્યો. ત્યારબાદ તે સંપૂર્ણ સ્વસ્થ થઇ ગયો. કોઇ દવા લેવી પડતી નથી.

પૂર્વજોથી અમારો પરંપરાગત વ્યવસાય ખેતીનો છે. બે વર્ષ પહેલાં ગ્રામ વિકાસ પ્રભાગ દ્વારા એક અભિયાન દરમિયાન યોગના પ્રયોગ દ્વારા ખેતી કરવા વિશે કાર્યક્રમ થયો હતો. મે શેરડીની ખેતી પર યોગનો પ્રયોગ કરવા વિચાર કર્યો. અગાઉના વર્ષે અમે રાસાયણિક ખાતરો તથા જંતુ નાશક દવાઓનો ઉપયોગ કરીને પક પકવ્યો હતો. એજ ખેતરમાં બીજી વાર શેરડી વાવી ત્યારે ફકત જૈવિક ખાતરનો ઉપયોગ કર્યો. બ્રહ્માકુમારી મનિષાબેનના માર્ગદર્શન અનુસાર યોગનો પ્રયોગ શરૂ કર્યો. ૨૦૦૬ માં જૈવિક ખાતરમાં જીવામૃત તથા છાણનાં ખાતરનો પ્રયોગ કર્યો. એઝેટોબેકટર તથા ફોસ્ફરસ મિશ્રિત જીવાણુનો પણ ઉપયોગ કર્યો. પહેલા મહિનામાં જ પાકમાં ફરક દેખાયો. અગાઉના પાકથી પણ વધુ શેરડીનો પાક મળ્યો. દરરોજ અમૃતવેળાએ શેરડીના પાક સામે યોગનો પ્રયોગ કરતો રહ્યો. સંકલ્પ કરતો હતો કે પરમાત્માની શકિતના કિરણો મુજ આત્મા દ્વારા જમીન તથા પાક પર ઉતરી રહયાં છે. જમીનમાં ઘટી રહેલી શકિત ફરીથી જમા થઇ રહી છે. શેરડીનો પાક નિરોગી બની વધી રહ્યો છે. આ પ્રકારના દ્રઢ સંકલ્પોના પ્રકંપનોની અસરથી શેરડીનો પાક મબલખ થવા લાગ્યો. પાકને જોનારા પુછવા લાગ્યાં, કયું ખાતર વાપરો છો? ચીલાચાલુ રાસાયણિક ખાતરો બંધ કરી દીધાં છે. આ યૌગિક તથા જૈવિક ખાતર નો પ્રભાવ છે. એપ્રિલ માસમાં પાકનો રંગ પીળો દેખાવા લાગ્યો. લોકોએ યુરિયાનો ઉપયોગ કરવા કહ્યું, જેથી પાક હાથમાંથી ચાલી ન જાય. હું મુંઝાઇ ગયો. સેવા કેન્દ્ર પર જઇને બ્રહ્માકુમારી બહેનને વાત કરી તેઓ પાકને જોવા

આવ્યા. તેમણે કહ્યું ચાલો આપણે બધા અહીં બેસીને યોગ કરીએ. બધાએ સમુહમાં યોગ કર્યો. બધાએ સમુહમાં સંકલ્પ કર્યો કે પવિત્રતાના સાગર શિવપિતાના પવિત્ર અને શકિતશાળી કિરણો પાક પર ઉતરી રહ્યાં છે. તેમજ શેરડીનો પાક નિરોગી અને હર્યો ભર્યો બની રહે છે.

થોડા દિવસમાં તો શેરડીનું રૂપ બદલાઇ ગયું. પાક ભરપૂર થઈ ગયો. પછી જૂન માસમાં જૈવિક ખાતરનો અમે ઉપયોગ કર્યો. આ ખાતરનાં જીવાણું યોગના વાયબ્રેશન ગ્રહણ કરતા હોવાં જોઇએ. અમારા સંકલ્પો પ્રમાણે જીવાણું કાર્યરત થતાં હોવા જોઇએ. જૂન માસમાં અતિવર્ષાને કારણે પાક ભરપૂર થઇ ગયો.

ત્યારપછી સપ્ટેમ્બર માસમાં તો ચારેતરફના પાક પર લહેરીમાવા જેવા રોગ ફેલાવા લાગ્યા. બીજા ખેડૂતોએ આ રોગ દૂર કરવા ઝેરીલા રસાયણોનો પ્રયોગ કર્યો. પરંતુ અમે તો સંકલ્પશકિત દ્વારા પરમાત્મશકિતનો પ્રયોગ કર્યો. "પવિત્રતાના સાગર શકિતના કિરણો ફેલાવી રહ્યાં છે. પૂરો પાક રોગમુકત બની રહ્યો છે." માત્ર બે દિવસના આ પ્રમાણે યોગાભ્યાસથી માવારોગ નષ્ટ થઈ ગયો. બીજા ખેડૂતોએ ઝેરીલા રસાયણો વાપર્યા છતાં તેમની ખેતી રોગમુકત થઇ નહિ.

પરંતુ યોગના પ્રયોગથી ૧૦૦% રોગ નષ્ટ થયો. આથી યૌગિક ખેતીમાં અમારો નિશ્ચય વધી ગયો.

પાકના સંરક્ષણ માટે ગૌમૂત્ર, દૂધ તથા નારિયેળનાં પાણીનો ઉપયોગ કર્યો હતો. આ પ્રયોગ કરતાં પહેલાનાં વર્ષમાં રાસાયણિક પાકમાં ૩ થી ૪ એકર જમીનમાં અમને ૨૮,૦૦૦ કિલો શેરડીનો પાક મળ્યો હતો. યોગનાં પ્રયોગ દ્વારા આટલી જ જમીનમાંથી અમે ૩૨,૦૦૦ કિલો ઉત્પાદન મેળવી શકયા તથા ખર્ચમાં પણ રૂા.૨૦૦૦/– ની બચત થઇ.

બીજા વર્ષે અમે અલગ રીતે પ્રયોગ કર્યો. આ વખતે ઘઉંની ખેતીના બે પ્લોટ બનાવ્યાં. બંનેમાં જૈવિક ખાતરનો ઉપયોગ સમાન રીતે કર્યો. પરંતુ યોગનો પ્રયોગ એક જ પ્લોટ પર શરૂ કર્યો. આ યોગના પ્રયોગવાળા પ્લોટમાંથી પેદા થયેલ ઘઉંને તપાસ માટે મોકલ્યાં. રીપોર્ટથી જાણ થઇ કે ઘઉંમાં પ્રોટીન, ફેટ, કાર્બોહાઇડ્રેટ તથા કેલરિક વેલ્યૂની માત્રા ઓછી થઇ, તેને બદલે ફાઇબરની માત્રા વધેલી દેખાઇ. ત્યારે અન્નનો દાણો પણ મોટો, લાલ તથા પૌષ્ટિક જણાયો. ઉત્પાદનમાં પણ વૃધ્ધિ થઇ ફાયબરયુકત અન્ન તંદુરસ્તી માટે ખૂબ ફાયદાકારક છે. આમ યૌગિક ખેતીના પ્રયોગોથી અન્ય પણ ઘણાં લાભો મળ્યાં. જમીન શકિતશાળી બની. તેનામાં રોગપ્રતિકારક શકિત વધી. રાસાયણિક ખાતરના પ્રયોગોથી જમીનની અંદર રહેલા જીવાણું મરે છે, જયારે જૈવિક ખાતરથી આ જીવાણુમાં વૃધ્ધિ થાય છે. તેથી ખેતીના ઉત્પાદનમાં વૃધ્ધિ થાય છે. જીવાણુંને મારવા એ પાપકર્મ છે. યૌગિક ખેતી તથા જૈવિક ખેતી અપનાવવાથી આ પાપકર્મથી આપણે બચીએ છીએ.

વળી શુધ્ધ અન્નનો ઉપયોગ કરનારની દુવાઓ પણ પ્રાપ્ત થાય છે.

યોગનો પ્રયોગ કરવાથી તેનો પ્રભાવ જમીન પર, જીવાણુ પર, પાણી પર, વાતાવરણ અને સમગ્ર પાક પર સકારાત્મક પડે છે. યોગના વાયબ્રેશનથી જીવાણું સક્રિય થાય છે. પાકની વૃધ્ધિમાં મદદ કરે છે. જમીન શકિતવંત બનીને રોગનો પ્રતિરોધ કરે છે. ઉદાહરણ તરીકે મંદિરની શાંતિ અને સ્મશાનની શાંતિમાં કેવો ફરક છે. ઝેરીલા રસાયણોથી મરતાં કીડાઓ સ્મશાનની અને યોગનાં પ્રકંપનોની ખેતી મંદિરની ખુશીની યાદ અપાવે છે. આ પાકને જોવા આવનાર પણ મંદિરમાં હોય તેવા વાતાવરણનો અનુભવ કરે છે. શિવ પરમાત્મા સાથે યોગ કરવાથી શકિતનાં પ્રકંપનો જમીન, હવા, પાણી, પાક, જીવાણું, પ્રકૃતિ, પશુ–પંખી બધાને ખુશી અને શાંતિનો અનુભવ કરાવે છે. સૂર્યનાં કિરણો પણ શકિતશાળી પ્રકંપનો ઝીલીને અન્ન ઉત્પાદનમાં વૃધ્ધિ કરે છે. એ અન્નમાં પણ યોગની શકિત સમાયેલ હોવાથી પૌષ્ટિક, સ્વાદિષ્ટ બનીને તંદુરસ્તી બક્ષે છે. પાક પર આવતાં રોગનાં કીટાણુંનો પણ અટકાવ થાય છે. આ પરિણામ જોઈને અનેક ખેડૂત ભાઈ–બહેનો આ પ્રકારે પ્રયોગ કરીને લાભ લઈ રહ્યાં છે. તથા વિધાલયના સંપર્કમાં પણ આવી રહ્યાં છે.



## ખેડૂતોના અનુભવ–૩

ખેડૂતનું નામ : બ્રહ્માકુમાર ભોળાનાથ શિવલિંગા ચૌગુલે
ઉંમર : ૩૬ વર્ષ
ગામ : ટાકવડે
તાલુકો : ઈચલકરંજી
જિલ્લા : કોલ્હાપુર
રાજ્ય : મહારાષ્ટ્ર

હું છેલ્લા આઠ વર્ષથી ઈચલકરંજી સેવાકેન્દ્રનો નિયમિત વિધાર્થી છું. મારી ખેતીના કુલ ચાર એકર જમીન પૈકી, ૧૩ ગુંઠામાં જમીનમાં ૫ સપ્ટેમ્બર–૨૦૦૬ માં શેરડીનો પાક કર્યો હતો. રાજયોગના અભ્યાસ દ્વારા યૌગિક ખેતી કરવાની પ્રેરણા મને કરુંદવાડ ઉપસેવાકેન્દ્રનાં સંચાલિકા બ્રહ્માકુમારી મનિષાબેને આપેલી. તેથી મેં શેરડીના પાક પર દરરોજ રાજયોગના પ્રયોગની શરૂઆત કરી. પરમાત્મા પવિત્રતા, પ્રેમ, સુખ, શાંતિ અને શકિતના સાગર છે. હું આત્મા, પ્રકાશ સ્વરૂપે તેમના કિરણોને ઝીલું છું. મારા દ્વારા યોગ શકિતના કિરણો , મારા પાક પર અને જમીનમાં ફેલાઈ રહ્યાં છે. અને ખૂબ સરસ પાક થઈ રહ્યો છે. આ સંકલ્પો દ્વારા રોજ યોગાભ્યાસ શરૂ કરી પ્રાતઃ ૪ વાગે હું મારા ખેતરને પરમાત્માની સ્મૃતિમાં રહી ઈમર્જ કરવા લાગ્યો. પ્રકૃતિના સાત્વિક ગુણોને પણ ઈમર્જ કરતો. ખેતરમાં ખેતી કામ દરમિયાન પરમાત્માની સ્મૃતિમાં રહેવાનો અભ્યાસ શરૂ કર્યો. મારા ગામની પાઠશાળાના સાત–આઠ ભાઈઓ પણ ખેતરમાં આવીને અડધો કલાક યોગ દર મહિને નિયમિત કરે છે. પરિણામે શેરડીનો પાક બીજાના પાક કરતાં ,ઘણી સારી રીતે વધવા લાગ્યો. ગયા વર્ષે રાસાયણિક ખાતરોના ઉપયોગથી કરેલી ખેતી કરતાં આ વર્ષની યૌગિક ખેતીનો પાક ખૂબ વધુ થયો. ખાતરમાં ગૌમૂત્ર, ગાયનું છાણ, ઓઝોટોબેકટર તથા ફોસ્ફરસ મેળવીને દ્રાવણનો ઉપયોગ કર્યો. અનાજની સ્લરીનો ત્રણ વાર તથા અનાજની ખીરનો એક વાર પ્રયોગ કર્યો. રોગથી સંરક્ષણ આપવા રાસાયણિક જંતુનાશકને બદલે એક કિલો ગાયનું છાણ, એક લીટર પાણીમાં ભેળવીને સવારે ગાળીને પછી તેમાં ૭૫ મિલી. પાણી તથા ૫૦ મિલી. ગૌમૂત્ર સ્પ્રે પંપમાં નાંખીને ૨૦૦૭ માં બે વાર સ્પ્રે કર્યો. આ પાકની કાપણી ૨૦૦૮ માં કરી, જેમાં મને ૨૧,૦૦૦ કિલો શેરડીનું ઉત્પાદન મળ્યું. જૈવિક ખાતર, બીજ, ખેડ વગેરેમાં મને માત્ર રૂા.૨૯૬૪/–નો ખર્ચ થયો છે. આ પહેલાં આ જમીન મને માત્ર ૧૬૦૦૦ કિલો શેરડીનો પાક આપતી હતી. એનો ખર્ચ રૂા.૫૯૦૦/– થતો હતો. આ વખતે યૌગિક તથા સેન્દ્રિય ખાતરથી ખેતી કરતાં મને ખર્ચમાં રૂા. ૩૦૦૦/–નો ફાયદો થયો. ઉપરાંત ૫૦૦૦ કિલો શેરડી વધુ પ્રાપ્ત થઈ.

મારો વ્યકિતગત અભિપ્રાય છે કે, યૌગિક ખેતી ખૂબ જ સારી પધ્ધતિ છે. આ પધ્ધતિમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકો દ્વારા કીટાણુંઓને મારવાની જરૂર રહેતી નથી. પાપકર્મથી બચી શકીએ છીએ. "જીવો જીવશ્ય જીવનમ્ જીવ જીવાત્ જાયતે" એ સૂત્ર અનુસાર પ્રકૃતિના નિયમ અનુસાર ઉચ્ચ ગુણવત્તાના પાક વધુ પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. રાજયોગના અભ્યાસથી મન પણ શાંત

અને સ્વસ્થ રહે છે. પરિવારમાં પણ સુખ–શાંતિ રહે છે. આ મારો પોતાનો અનુભવ છે.

## શાશ્વત યૌગિક ખેતી તથા રાસાયણિક ખેતીનો તુલનાત્મક અભ્યાસ

મહારાષ્ટ્ર રાજયના કોલ્હાપુર જિલ્લામાં ટામેટાંની ખેતી પર યૌગિક ખેતી પધ્ધતિ તથા રાસાયણિક ખેતી પધ્ધતિનો તુલનાત્મક પ્રયોગ, શિરોલ તાલુકાના ચિપરી ગામમાં કરવામાં આવ્યો હતો. બંને પ્રયોગોમાં ટામેટાંની નામધારી ૨૫૩૫ જાતિ પર પ્રયોગ કરવામાં આવ્યો હતો. બંને પ્રયોગો દ્વારા મળેલ ઉત્પાદનનું પ્રયોગશાળામાં વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. જેનું પરિણામ નીચે મુજબ છે.

| યૌગિક ખેતી | રાસાયણિક ખેતી |
|---|---|
| ખેડૂતનું નામ : કુમાર બાપૂ પોવાર | ખેડૂતનું નામઃ દિનકર તાતોબા પોવાર |
| જમીન ૧૮–ગુંઠા | જમીન ૩૮–ગુંઠા |
| વાવણીની તા.૨૫/૪/૨૦૦૮ | વાવણીની તા.૨૫/૪/૨૦૦૮ |
| છોડ રોપવાની તા.૨૫/૫/૨૦૦૮ | છોડ રોપવાની તા.૨૫/૫/૨૦૦૮ ૧. આ પ્રયોગમાં યુરિયા ૨૦૦ કિલો, પોટાશ ૨૦૦ કિલો, સુપર ફોસ્ફેટ–૧૦૦ કિલો, સંપૂર્ણ (૧૯:૧૯:૧૯) ૧૦૦ કિલો ડી.એ.પી. ૨૦૦ કિલો નીંબોળી ૧૫૦ કિલો |
| ૧. આ પ્રયોગમાં કોઈપણ પ્રકારનાં જૈવિક, સેન્દ્રિય તથા રાસાયણિક ખાતરનો ઉપયોગ નથી કર્યો. | |
| ૨. કોઈપણ પ્રકારની જંતુનાશક દવા અથવા રાસાયણિક દવાનો ઉપયોગ નથી કર્યો. | ૨. પાક પર રાસાયણિક જંતુ તથા રોગનાશક દવાનો પ્રયોગ કર્યો. એમ–૪૫ ૧–કિલો, ટીલટોપ–૧ લીટર, બાયોકિટન–૧ કિલો, રોગર–૧ લીટર, ડુનેટ–૧ કિલો, ટોપાસ–૧ કિલો |
| ૩. ખેતરમાં ચાર વાર પાણી છોડયું. | ૩. ખેતરમાં ચાર વાર પાણી છોડયું. |
| ૪. આ ખેતી પર રાજયોગનો પ્રયોગ કર્યો. | ૪. આ ખેતી પર રાજયોગનો પ્રયોગ કર્યો નથી. |
| ૫. ખેડવાનો ખર્ચ રૂા. ૧૩૬૦/– | ૫. ખેડવાનો ખર્ચ રૂા. ૩૨૦૦/– |
| ૬. બીજનો ખર્ચ રૂા. ૪૪૦/– | ૬. બીજનો ખર્ચ રૂા. ૬૬૦/– |
| ૭. ખાતરનો ખર્ચ રૂા. ૦૦૦૦/– | ૭. ખાતરનો ખર્ચ રૂા. ૯૮૦૦/– |
| ૮. પાક સંરક્ષણ ખર્ચ રૂા.૦૦૦૦/– | ૮. પાક સંરક્ષણ ખર્ચ રૂા. ૩૦૦૦/– |
| ૯. અન્ય ખર્ચ રૂા. ૪૨૨૦/– મજુરી–નિંદામણ, પાણી વગેરે | ૯. અન્ય ખર્ચ ૧૦૦૮૦/– |
| ૧૦. કુલ ખર્ચ રૂા.૬૦૨૦/– | ૧૦. કુલ ખર્ચ રૂા. ૨૬,૭૪૦/– |
| ૧૧. કુલ ખર્ચ પ્રતિ એકર રૂા. ૧૩,૩૭૮/– | ૧૧. કુલ ખર્ચ પ્રતિ એકર રૂા.૨૮,૧૪૭/– |
| ૧૨. ઊપજ : ૬૧૫૦ કિલો/૧૮ આર | ૧૨. ઊપજ : ૧૪,૪૦૦ કિલો/૩૮ આર |
| ૧૩. ઊપજ : ૧૩,૬૬૭ કિલો/એકર દીઠ | ૧૩. ઊપજ : ૧૫,૧૫૮ કિલો/એકર દીઠ |
| ૧૪. ઊપજની કિંમત રૂા. ૭૭,૪૪૬/–એકર દીઠ | ૧૪. ઊપજની કિંમત રૂા. ૮૫,૮૯૫/–એકર દીઠ |
| | ૧૫. નફો : રૂા. ૫૭,૭૭૮/–એકર દીઠ |

૧૫. નફો : રૂા. ૬૪,૦૬૮/–એકર દીઠ

| ટામેટાંની ખેતીનું ખાદ્ય વિશ્લેષણ આ પ્રમાણે છે | | | | | |
|---|---|---|---|---|---|
| પેરામીટર | પરિણામ | યુનિટ | પેરામીટર | પરિણામ | યુનિટ |
| ફેટ | ૦.૧૧ | % | ફેટ | ૦.૨૦ | % |
| પ્રોટીન | ૧.૧૩ | % | પ્રોટીન | ૦.૭૪ | % |
| કાર્બોહાઈડ્રેટ | ૫.૬૩ | % | કાર્બોહાઈડ્રેટ | ૪.૧૫ | % |
| એનર્જી વેલ્યુ | ૨૭.૪૭ | Kcal/100gm. | એનર્જી વેલ્યુ | ૧૯.૫ | Kcal/100gm. |
| વિટામીન સી | ૧૪.૯૦ | mg.00gm. | વિટામીન સી | ૬.૦૫ | mg.00gm. |

ઉપરોકત વિશ્લેષણમાં યૌગિક તથા પ્રાકૃતિક ખેતીમાં કરેલા પ્રયોગમાં જૈવિક/રાસાયણિક ખાતર તથા કીટનાશક/રોગનાશક, ઝેરી દવાનો પ્રયોગ નહીં કરવાથી એકર દીઠ રૂા.૧૪,૭૬૯/– ખર્ચમાં બચત થઈ. યૌગિક ખેતીમાં રાસાયણિક ખેતીની તુલનામાં ઉત્પાદન ઓછું હોવા છતાં એકર દીઠ ખર્ચમાં ઘણી જ બચત થઈ છે. તેથી એકર દીઠ નફો રૂા.૬૨૯૦/– વધુ પ્રાપ્ત થાય છે. ઉપરાંત ઊપજની ગુણવત્તા (કવોલીટી) પણ સારી છે. આમ યૌગિક ખેતી ઓછા ખર્ચમાં વધુ ફાયદા વાળી અને પૌષ્ટિક તત્વોથી ભરપૂર છે. ઓછી જમીન વાળા ખેડૂતોએ ઉધાર લેવાની જરૂર ઊભી થતી નથી. સૌથી મોટો ફાયદો યૌગિક ખેતીનો એ છે કે આ પ્રકારની ખેતીથી પાકતા ફળ અને શાકભાજી, માણસના તન, મન બંનેને તંદુરસ્ત રાખે છે.

શ્રી કુમાર બાપૂ પોવાર જેમણે ટામેટાંની ફસલ મેળવી તેઓ પોતાનો અનુભવ જણાવતાં કહે છે–

હું વ્યવસાયે ખેડૂત છું. બે વર્ષ પહેલાં સન ૨૦૦૬ માં, માઉન્ટ આબુ, બ્રહ્માકુમારી વિદ્યાલય દ્વારા આયોજીત સરપંચોના મહાસંમેલનમાં જવાની મને તક મળી હતી. તેનું આધ્યાત્મિક અને શકિતશાળી વાતાવરણ, ત્યાંના ભાઈ–બહેનોનો આત્મિય સ્નેહ ભર્યો વ્યવહાર તથા હૃદયની સમર્પિત ભાવનાથી મારું દિલ પ્રસન્ન થઈ ગયું. મેં આ વિશ્વ વિદ્યાલય સાથે જોડાઈ જવાનો નિર્ણય કરી લીધો. ત્યારબાદ હું દરરોજ રાજયોગનો અભ્યાસ તથા ઈશ્વરીય મહાવાકયોનું શ્રવણ નિયમિત કરું છું. એક દિવસ ઈચલકરંજી સેવાકેન્દ્ર પર ગ્રામ વિકાસ પ્રભાગ દ્વારા યૌગિક ખેતી પર માર્ગદર્શન કાર્યક્રમ રાખ્યો હતો. હું પણ તેમાં ગયો. ત્યાં ઘણા ખેડૂત ભાઈઓના યૌગિક ખેતીના સફળતાના અનુભવો સાંભળવા મળ્યાં. આથી મેં પણ યૌગિક ખેતી કરવાનો નિર્ણય કરી લીધો.

મેં પરમાત્માની યાદમાં પોતાના હાથે એક પ્લોટમાં ટામેટાંના બી વાવ્યાં. રોજ ખેતરમાં જઈને રાજયોગનો અભ્યાસ કરતો હતો. આના લીધે બી ખૂબ સરસ રીતે અંકુરિત થવા લાગ્યાં. આ

વાત ૨૪ એપ્રિલ – ૨૦૦૮ ની છે. તે વખતે સખત ગરમી હતી. તેને કારણે આજુબાજુનાં ખેતરમાં છોડવાઓ સૂકાઈને મરવાં લાગ્યા હતાં. પરંતુ મને પરમપિતા પરમાત્મા શિવબાબા પર ખૂબ ભરોસો હતો, કે તેઓ મારી ખેતીને કશું જ થવા નહિ દે. મેં કોઈ પ્રકારની છાંયડાની વ્યવસ્થા પણ ના કરી, મારા આ વિશ્વાસે રંગ રાખ્યો, છોડવાઓ બહુ સારી રીતે ઊગવા અને વધવા લાગ્યાં. આસપાસના ખેડૂત આ જોઈને નવાઈ પામી ગયાં.

ત્યારપછી અડધો એકર જમીન તૈયાર કરીને શિવબાબાની યાદમાં ટામેટાંના છોડ રોપ્યાં. મને એવી ભાસના થતી હતી કે શિવબાબા મારી સાથે છોડ રોપવામાં મને મદદ કરી રહયાં છે. આ છોડને ૨૫ મી મે–૨૦૦૮ માં રોપ્યાં. પછી તો છોડ સારી રીતે વધવા લાગ્યાં. અને સ્વસ્થ પણ દેખાવા લાગ્યાં. આજ ખેતરમાં આની પહેલાં અમે જુવારની ખેતી કરી હતી. તેને કાઢયા પછી મેં કોઈપણ પ્રકારનું સેન્દ્રિય કે રાસાયણિક ખાતર નાંખ્યુ ન હતું. છોડવાઓ માટે કોઈપણ પ્રકારનાં જંતુનાશક કે ટોનિકનો ઉપયોગ કર્યો નહિ. ટામેટાંના પાકને ફકત યોગ દ્વારા–શાંતિ, શકિત, પવિત્રતા, સુખ અને આનંદના વાયબ્રેશન રાજયોગના અભ્યાસથી પહોંચાડયા આ પ્રયોગથી ટામેટાંનો પાક એકદમ નિરોગી અને શકિતશાળી બનીને વૃધ્ધિ પામી આ પાકને ચાર વાર પાણી આપ્યું. ત્રણ–ચાર વાર વરસાદ પણ થયો હતો. અમારું ખેતર ગામથી એક કિલોમીટર દૂર છે. હું ઘરે રહીને જ ખેતીને મનસા ઈમર્જ કરીને બાપદાદાની સ્મૃતિમાં સકાશ આપતો હતો. ખેતરમાં કામ કરતી વખતે પણ શિવ પરમાત્માને પોતાની સાથે અનુભવ કરતો હતો. તથા તેમની સાથે સંકલ્પોથી વાતચીત કરતો હતો. એક દિવસ મને એવો અનુભવ થયો કે પરમાત્મા પોતે મારા પાક પર શકિતશાળી કિરણો વરસાવી રહ્યાં છે. ત્યારબાદ સેવાકેન્દ્ર સંચાલિકા બ્રહ્માકુમારી આશાબેને તથા પાઠશાળાના ભાઈ બહેનોએ ખેતરમાં આવીને શિવબાબાનો ઝંડો લહેરાવ્યો અને થોડીવાર ભાઈ બહેનોએ સમૂહમાં યોગ કર્યો. ત્યાર પછી જયારે પણ ખેતરમાં જતો ત્યારે યોગ દ્વારા ખેતીને સકાશ આપતો. ઝંડા નીચે બેસીને યોગાભ્યાસ કરતો. પરિણામ સ્વરૂપે કલ્પનાથી પણ વધુ સરસ પાક તૈયાર થયો. યૌગિક ખેતીના આ પ્લોટને સ્ટાર ટી.વી.ના પ્રતિનિધિએ આવીને નિહાળ્યો તથા તા.૯ ઓગસ્ટ–૨૦૦૮ ના દિવસે "સ્ટાર માંઝા" મરાઠી ટી.વી. ચેનલ પર ટામેટાંની ના પાકને ત્રણ વાર પ્રસારિત કર્યો.

યોગની આવી કમાલ જોઈને ગામના ઘણાં લોકો રાજયોગનો અભ્યાસ કરવાની ઈચ્છા રાખે છે. આથી હે ખેડૂત ભાઈઓ, ભારતમાં ગુપ્ત રીતે અવતરણ કરી ચૂકેલા પરમાત્માને ઓળખી, કર્મોની ગુહ્યગતિને સમજી, કીટનાશક યા રાસાયણિક ખાતરના ઉપયોગ વિના પરમાત્માની યાદ દ્વારા સકાશ આપીને નિરોગી અને સફળ ખેતી કરો.

# શાશ્વત ખેતી દ્વારા ટમેટાંના પાકમાં ઉત્પન જીવન તત્વોનું તુલનાત્મક પરિણામ

**NATIONAL AGRICULTURE AND FOOD ANALYSIS AND RESEARCH INSTITUTE**
**Promoted by : MCCIA and COFIT**
**Supported by : MFPI GOI., FRAC, SIDBI, NABARD and UNIDO**

**III Fl., MAHRATTA CHAMBER OF COMMERCE, INDUSTRIES AND AGRICULTURE**
Tilak Road, Pune 411 002. India. Tel. : 91-20-24440079, 24441776, 24440371, 24440472 Fax : 91-20-24440079
Email : nafaripune@yahoo.co.in

**Report No. : 08-09/0768** **Date of issue : 20/08/2008**

**Issued To : Mr. Kumar Pawar**
At Post Chipri, Tal. Shirol,
Dist. Kolhapur

**TEST REPORT**

1 **Sample Name : Organic Tomato (CI - 0825)**
2 **Date of sample receipt : 01/08/2008**
3 **Your Ref. No. : Request form with samples**
4 **Brand Name : ---**
5 **Sample Pkg : Plastic Bag**
6 **Sample collected by : Client**
7 **Customer Code No : 0108/0311/0825**
8 **Date(s) of testing : 02/08/2008 to 19/08/2008**

| SR.NO. | SAMPLE NAME | PARAMETERS | RESULT | UNIT | TEST METHOD |
|---|---|---|---|---|---|
| 1 | **Organic Tomato** | Fat | 0.11 | % | IS : 12711 - 2005 |
| 2 | | Protein | 1.13 | % | AOAC 920.152 |
| 3 | | Carbohydrates | 5.63 | % | IS : 1656 - 1997 |
| 4 | | Energy Value | 27.47 | Kcal/100 g | IS : 1350 (P-II) 2003 |
| 5 | | Vitamin C | 14.90 | mg/100 g | IS : 5838 - 2005 |

Potkunde B.D. Kulkarni

**Verified by**
**(Padmaja Kotkunde - Analyst)**

**Authorised by**
**(Bhagyashree Kulkarni - Analyst)**

1. The above results pertain only to the sample tested.
2. This Report, in full or in part, shall not to be used for advertising or legal action.
3. This Report cannot be re-produced, except when in full, without the written permission from the Director.
4. The sample will be destroyed after three weeks from the date of issue of test report ( in case of non -perishable items only. )
5. Fees not established between the company and the client at the time the order is placed or a contract is negotiated shall be at the company's standard rates (which are subject to change) and all applicable taxes shall be payable by the client.

nafari

**National Agriculture and Food Analysis and Research Institute**

**Promoted by : MCCIA and COFIT**

**Supported by : MFPI GOI., FRAC, SIDBI, NABARD and UNIDO**

**III Fl., MAHRATTA CHAMBER OF COMMERCE, INDUSTRIES AND AGRICULTURE**

Tilak Road, Pune 411 002. India. Tel. : 91-20-24440079, 24441776, 24440371, 24440472 Fax : 91-20-24440079

Email : nafaripune@yahoo.co.in

**Report No. : 08-09/0769** **Date of Issue : 20/08/2008**

**Issued To : Mr. Kumar Pawar**
At Post Chipri, Tal. Shirol,
Dist. Kolhapur

**TEST REPORT**

1 **Sample Name : Inorganic Tomato (CI - 0826)**
2 **Date of sample receipt : 01/08/2008**
3 **Your Ref. No. : Request form with samples**
4 **Brand Name : ---**
5 **Sample Pkg : Plastic Bag**
6 **Sample collected by : Client**
7 **Customer Code No : 0108/0312/0826**
8 **Date(s) of testing : 02/08/2008 to 19/08/2008**

| SR.NO. | SAMPLE NAME | PARAMETERS | RESULT | UNIT | TEST METHOD, |
|---|---|---|---|---|---|
| 1 | Inorganic Tomato | Fat | 0.20 | % | IS : 12711 - 2005 |
| 2 | | Protein | 0.74 | % | AOAC 920.152 |
| 3 | | Carbohydrates | 4.15 | % | IS : 1656 - 1997 |
| 4 | | Energy Value | 19.5 | Kcal/100 g | IS : 1350 (P-II) 2003 |
| 5 | | Vitamin C | 6.05 | mg/100 g | IS : 5838 - 2005 |

Kotkunde

**Verified by**
**(Padmaja Kotkunde - Analyst)**

B. D. Kulkarni

**Authorised by**
**(Bhagyashree Kulkarni - Analyst)**

1. The above results pertain only to the sample tested.
2. This Report, in full or in part, shall not to be used for advertising or legal action.
3. This Report cannot be re-produced, except when in full, without the written permission from the Director.
4. The sample will be destroyed after three weeks from the date of issue of test report ( in case of non -perishable items only. )
5. Fees not established between the company and the client at the time the order is placed or a contract is nogotiated shall be at the company's standard rates (which are subject to change) and all applicable taxes shall be payable by the client.

# પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય




**ઓમ શાન્તિ ભવન, માઉન્ટ આબૂ, રાજસ્થાન**

---

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય** ની સ્થાપના ૧૯૩૬માં હૈદરાબાદ-સિન્ધ (હાલ પાકિસ્તાન)માં નિરાકાર પરમાત્માએ આદિદેવ પ્રજાપિતા બ્રહ્માના સાકાર માધ્યમ દ્વારા કરી. જેનું ભારતમાં સ્થળાંતર ૧૯૫૦માં થયું. વર્તમાન સમયે તેનું આંતરરાષ્ટ્રીય મુખ્યાલય અરવલ્લીની ગિરિમાળાઓમાં, ઋષિમુનિઓની તપસ્વી ભૂમિ માઉન્ટઆબુ, રાજસ્થાન ખાતે આવેલું છે. આ એક આંતરરાષ્ટ્રીય સમાજીક આધ્યાત્મિક શિક્ષણ આપનાર પારિવારિક સંસ્થા છે. પાંચ મહાદ્વિપોમાંથી લગભગ ૧૩૦ દેશોમાં ૮૫૦૦થી વધારે સેવાકેન્દ્રો ધરાવે છે.

આ સંસ્થા દ્વારા કોઈ પણ જાતિ, ધર્મ, રંગ કે ઉંમરના ભેદભાવ વગર આધ્યાત્મિક શિક્ષણ અને સહજ રાજયોગ વિના મૂલ્યે અપાય છે. વિશ્વ શાંતિ, વિશ્વ એકતા અને માનવ ચારિત્ર્યની દિશામાં છેલ્લા ૭૪ વર્ષથી સતત કાર્યરત છે. વખતો વખત આ સંસ્થા આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય સમ્મેલનો, પદ યાત્રાઓ, અભિયાનો, પ્રવચનો, પ્રદર્શનીઓ, વિવિધ વર્ગો માટે પરિચર્ચા અને રાજયોગ શિબિર વિગેરેનું આયોજન કરે છે. વિશ્વમાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોની પુન:સ્થાપના દ્વારા સકારાત્મક પરિવર્તન લાવવા માટે સમાજના વિભિન્ન સ્તર પર આ સંસ્થા કાર્યરત છે. માનવ માત્રનું ગૌરવ અને એના શ્રેષ્ઠ મૂલ્યોને જાગૃત કરવા, વ્યક્તિની અંદર છુપાયેલા સદગુણો અને અધ્યત્મિકતાની ઓળખ કરાવવી એ અહીંના પાઠ્યક્રમનો હેતુ છે.

બ્રહ્માકુમારીઝ સંસ્થાની વિશ્વ વ્યાપી સેવાઓના મહત્ત્વને જોતાં સંયુક્ત રાષ્ટ્ર સંઘે UNICEF ની સાથે આર્થિક અને સામાજીક પરિષદમાં સલાહકાર સમિતિમાં સ્થાન આપ્યું છે. તે ઉપરાંત વર્ષ ૧૯૮૭માં આ ગૌરવશાળી સંસ્થાને સંયુક્ત રાષ્ટ્ર સંઘે શાંતિદૂત પુરસ્કાર થી સમ્માનિત કરેલ છે. કોસ્ટારિકા ખાતે આવેલ શાંતિ યુનિવર્સિટિની સાથે રહી શાંતિના કાર્યો કરી રહી છે. મોરેશીયસની સાંસદે આ વિદ્યાલયને યુનિવર્સિટી તરીકેની માન્યતા આપી છે. કોમનવેલ્થ, રસિયાએ પણ અધિકારીક રૂપથી આ આધ્યાત્મિક વિદ્યાલયને પોતાના દેશમાં માન્યતા આપી છે. સંસ્થાના ભૂતપૂર્વ મુખ્ય પ્રશાસિકા દાદી પ્રકાશમણિજીને મોહનલાલ સુખડિયા વિશ્વ વિદ્યાલય, ઉદયપુર, રાજસ્થાન તરફથી ડૉક્ટર ઓફ લીટરેચરની પદવી એનાયાત કરવામાં અવી છે.

**ગ્રામ વિકાસ પ્રભાગ:** પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયની સહયોગી સંસ્થા રાજયોગ શિક્ષણ અને શોધ પ્રતિષ્ઠાન અંતર્ગત સમાજના વિભિન્ન વર્ગની આધ્યાત્મિક સેવા વિવિધ પ્રભાગ દ્વારા થઈ રહી છે. જેમકે મહિલા, શિક્ષણ, સમાજ સેવા, મીડીયા, વ્યાપાર-ઉદ્યોગ, વૈજ્ઞાનિક-ઈજનેર વગેરે. જેમાંથી સંપૂર્ણ ગ્રામ વિકાસની સેવાઓ માટે ગ્રામ વિકાસ પ્રભાગ કાર્યરત છે.

**વર્તમાન સમયમાં ગ્રામ વિકાસ પ્રભાગ દ્વારા નિમ્ન લિખિત સેવાઓ થઈ રહી છે.**

- ❖ સ્વચ્છતા તથા નૈતિક મૂલ્યોની જાગૃતિ.
- ❖ અંધશ્રદ્ધા, કુપ્રથા ઉન્મૂલન
- ❖ ગામ, તાલુકો, જિલ્લો રાજ્ય તથા રાષ્ટ્રીય સ્તર પર સંમેલન, પ્રદર્શન, રાજયોગ પ્રશિક્ષણ શિબિર, મેળા, મહોત્સવ વગેરેનું આયોજન.
- ❖ પ્રભાતફેરી, અભિયાન, યાત્રા દ્વારા જન-જાગૃતિ કાર્યક્રમ.
- ❖ પ્રૌઢ શિક્ષા તથા સાક્ષરતા અભિયાન.
- ❖ નિઃશુલ્ક ચિકિત્સા અને પશુ ચિકિત્સા શિબિર.
- ❖ આધ્યાત્મિક જ્ઞાન તથા ગ્રામ વિકાસ પ્રશિક્ષણ શિબિર.
- ❖ ગ્રામીણ ક્ષેત્રના બાળકો, યુવા, મહિલા, વરિષ્ઠ વ્યક્તિઓ માટે આધ્યાત્મિક સશક્તિકરણ શિબિર કાર્યક્રમ.
- ❖ પ્રચાર પ્રસારના માધ્યમો દ્વારા આધ્યાત્મિક વૈચારિક ક્રાન્તિના કાર્યક્રમો.
- ❖ વ્યસનમુક્તિના કાર્યક્રમો.
- ❖ શાશ્વત યૌગિક ખેતી યોજના પ્રતિ ખેડુત વર્ગ તથા કૃષિ ક્ષેત્રમાં રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તર સુધી જાગૃતિ લાવી તેના અમલીકરણ માટે પ્રોત્સાહિત કરવા.

વધુ જાણકારી માટે સંપર્ક સ્થાન

મુખ્યાલય સંયોજક કાર્યાલય, ગ્રામ વિકાસ પ્રભાગ
પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય
પોસ્ટ બોક્સ નં. ૨, પાંડવ ભવન
માઉન્ટ આબૂ (રાજસ્થાન) ૩૦૭ ૫૦૧
ફોન: ૦૯૪૧૪૧૫૪૧૫૧, ફેક્સ: ૦૨૯૭૪-૨૬૮૯૫૨
e-mail: ruralwing@bkivv.org, raju.murli@bkivv.org

રાષ્ટ્રીય સંયોજક કાર્યાલય, ગ્રામ વિકાસ પ્રભાગ
પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય
પીસ પેલેસ, જેલ રોડ, મહેસાણા. ૩૮૪ ૦૦૨
ફોન: ૦૨૭૬૨-૨૫૩૭૪૬, ફેક્સ: ૦૨૭૬૨-૨૪૮૪૯૧
e-mail: mehsana@bkivv.org, bkmehsana@gmail.com

ગ્રામ વિકાસ પ્રભાગનું ગુજરાતનું કાર્યાલય
પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય
રાજઋષિ ભવન, પ્રભા રોડ, ૧૯-બી,
ભગવંતનગર સોસાયટી, જિ. પંચમહાલ, ગોધરા-૩૮૯ ૦૦૧
ફોન: ૦૨૬૭૨-૨૪૨૪૪૫, ફેક્સ: ૦૨૬૭૨-૨૫૧૪૭૨
e-mail: godhra@bkivv.org

ગુજરાત ક્ષેત્રિય કાર્યાલય
પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય
સુખશાન્તિભવન, ગામડીવાળા ડેરીની સામે,
ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરીયા, મણીનગર, અમદાવાદ. ૩૮૦ ૦૨૨
ફોન: ૦૭૯-૨૫૩૨૪૩૬૦, ફેક્સ: ૦૭૯-૨૫૩૨૫૧૫૦
e-mail: sukhshanti.amd@bkivv.org